CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ ઓગસ્ટ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૨ | અંક : ૩૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડ્યો

### હિંસાએ દેશની હાલત બદતર બનાવી દીધી છે : વડાપ્રધાન શેખ હસીનાના ઘર પર પ્રદર્શનકારીઓએ હુમલો કર્યો : સેના વચગાળાની સરકાર બનાવશે

# બાંગ્લાદેશમાં ભારે હિંસા બાદ વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું

। (એજન્સી) ઢાકા, તા.૫ ।

બાંગ્લાદેશમાં ભારે હિંસા બાદ વડાંપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું છે. અગાઉ આર્મી ચીફ વકાર-ઉઝ-ઝમાને હસીનાને ૪૫ મિનિટમાં રાજીનામું આપવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. મીડિયા અહેવાલ પ્રમાણે વડાંપ્રધાન શેખ હસીના દેશ છોડીને સલામત સ્થળે ચાલ્યા ગયા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શેખ હસીના ભારતમાં આશ્રય લઈ શકે છે. બાંગ્લાદેશની લશ્કરના વડાએ જાહેરાત કરી છે કે સેના વચગાળાની સરકાર બનાવશે. અગાઉ પ્રદર્શનકારીઓ શેખ હસીનાના ઘરમાં ઘૂસી ગયા હતા અને તોડફોડ કરી હતી. દેશના અનેક વિસ્તારોમાં વિજયોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. આ હિંસામાં ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. શેખ હસીનાની સાથે તેમની બહેન પણ ઢાકા છોડી ગયા છે. બાંગ્લાદેશના આર્મી ચીફે હસીનાને કહ્યું હતું કે તેમણે સન્માનજનક રીતે સત્તામાંથી રાજીનામું આપવું જોઈએ. દરમિયાન બાંગ્લાદેશના વડાંપ્રધાનના પુત્રએ સુરક્ષા દળોને વિનંતી કરી છે કે તેઓ કોઈપણ બિનચૂંટાયેલી સરકારને સત્તામાં આવતા અટકાવે. બાંગ્લાદેશના આર્મી ચીફ દ્વારા આ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે પીએમ શેખ હસીનાના રાજીનામાની માંગને લઈને રવિવારે શરૂ થયેલી હિંસામાં થોડા જ કલાકોમાં ૩૦૦ લોકોના મોત થયા હતા અને અબજોની સંપત્તિને આગ લગાડી દેવામાં આવી હતી. તમામ મોટા શહેરોમાં લાખો લોકો શેખ હસીનાના રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.



## વચગાળાની સરકાર બનાવીને દેશ ચલાવશે : આર્મી ચીફ જનરલ



વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ બાંગલાદેશમાં ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિ વચ્ચે બાંગલાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને આજે ઢાકામાં બેઠક યોજીને જાહેરાત કરી હતી કે, અમે વચગાળાની સરકાર બનાવીશું. વચગાળાની સરકાર બનાવીને દેશ ચલાવશે. તેમણે લોકોને અપીલ કરી અને કહ્યું કે તેઓ શાંતિ માટે પ્રયાસ કરે. બાંગ્લાદેશ આર્મીમાં વિશ્વાસ રાખો. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું છે. તે દેશ છોડીને ભારત આવી પહોંચ્યા છે. બાંગ્લાદેશના આર્મી ચીફે જાહેરાત કરી કે સેના પર ભરોસો રાખો. હવે વચગાળાની સરકાર રચવામાં આવશે. બાંગ્લાદેશની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે તકેદારી વધારી છે. બીએસએફને ૨૪ કલાક અગાઉથી સમગ્ર સરહદ પર એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. સરહદ પર સૈનિકોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ડીજી બીએસએફ પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. ત્યાંની પરિસ્થિતિનો તાગ મેળવ્યો. એવું કહેવામાં આવી રહ્યું છે કે વડા પ્રધાન શેખ હસીના લગભગ ૨:૩૦ વાગ્યે લશ્કરી હેલિકોપ્ટરમાં બંગા ભવનથી રવાના થયા. તેની સાથે તેની નાની બહેન શેખ રેહાના પણ હતી. દરમિયાન, સૂત્રોના જણાવ્યા અનુસાર, તે ત્રિપુરા પહોંચી છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તે અગરતલા આવી રહ્યો છે. છહ્ઁ એ અહેવાલ આપ્યો છે કે શેખ હસીના અને શેખ રેહાના સુરક્ષિત સ્થળે પહોંચી ગયા છે. શેખ હસીનાએ રવાના થતા પહેલા ભાષણ રેકોર્ડ કરવાનો ઈરાદો રાખ્યો હતો પરંતુ તેમને તેમ કરવાની તક મળી ન હતી. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું છે. તે દેશ છોડીને ભારત પહોંચ્યા. આ પછી, એવી અપેક્ષા છે કે હિંસા ઓછી થશે. આ દરમિયાન દેશના આર્મી ચીફ પ્રેસ કોન્ફરન્સ કરવાના છે. માનવામાં આવે છે કે તેમની જાહેરાત બાદ દેશમાં શાંતિ બની શકે છે.સરકારે ૫ ઓગસ્ટથી ત્રણ દિવસની રજા જાહેર કરી છે. બાંગ્લાદેશમાં વધતી જતી મૃત્યુની સંખ્યા અને વડાપ્રધાન હસીનાના રાજીનામાની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓની વચ્ચે સરકારે ૫ ઓગસ્ટથી ત્રણ દિવસની રજા જાહેર કરી હતી. કપડા ઉદ્યોગે પણ તેની કામગીરી બંધ કરી દીધી છે. બાંગ્લાદેશની સેના શેરીઓમાં પેટ્રોલિંગ કરી રહી છે અને દરેકને કર્ફ્યુના નિયમોનું પાલન કરવા વિનંતી કરી રહી છે. બાંગ્લાદેશમાં, વિરોધીઓ દ્વારા 'ઢાકા સુધી લોંગ માર્ચ'ની યોજનાને કારણે ઇન્ટરનેટ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સરકાર વિરોધી વિરોધીઓએ વડા પ્રધાન

## શેખ હસીનાના બેડરૂમમાં ઘૂસી ભીડ, ગૃહમંત્રીના ઘરમાં પણ તોડફોડ

બાંગ્લાદેશમાં ગઈકાલે લોહિયાળ હિંસા શરૂ થયા બાદ આજે પણ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ગઈકાલે પોલીસ અને સત્તાધારી પક્ષનાં કાર્યકરો સાથે વિદ્યાર્થી દેખાવકારો વચ્ચે અથડાણ માત્ર રસ્તા પર જ થયું હતું, જોકે હવે સ્થિતિ છેક વડાંપ્રધાન શેખ હસીના, ગૃહમંત્રીના સરકારી નિવાસસ્થાનો અને પાર્લમિેન્ટ સુધી પહોંચી ગયા છે અને આ બંને નિવાસસ્થાનોમાં દેખાવકારોએ ભારે તોડફોડ મચાવી છે. શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ હજારો દેખાવકારો તેમના સરકારી નિવાસસ્થાનમાં ઘૂસી ગયા છે.એટલું જ નહીં ગૃહમંત્રીના નિવાસસ્થાને પણ ભારે તોડફોડ મચાવી છે. આ ઉપરાંત ઢાકામાં વડાંપ્રધાનની પાર્ટી અવામી લીગની ઓફિસમાં પણ આગ લગાવી દેવાઈ છે. વડાંપ્રધાન શેખ હસીનાએ દેશ છોડીને જતા હોવાના અહેવાલો મળ્યા બાદ દેખાવકારો બેકાબૂ બન્યા છે અને હવે તેઓ હજારોની સંખ્યામાં વડાંપ્રધાનના મહેલમાં પહોંચી તોડફોડ મચાવી રહ્યા છે. આમાંથી ઘણા લોકો શેખ હસીનાના બેડરૂમમાં પહોંચી ગયા છે. અહીં કેટલાક લોકો મેકઅપનો સામાન લૂંટી ગયા છે, તો કેટલાક ખુરશી અને ડબ્બાઓ ઉઠાવી ગયા છે. એટલું જ નહીં દેખાવકારો તેમના બેડ પર બેસી સેલ્ફી ખેંચતા પણ જોવા મળી રહ્યા છે. કેટલાક તેમની તિજોરી તોડી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ આજે બપોરે ૨.૩૦ કલાકે દેશ છોડી દીધું છે.

### બાંગ્લાદેશમાં મોટો તખ્તાપલટ

## જો કોઈ ભારતીય ફસાયા હોય તો સરકારે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ દેશ છોડી દીધો છે, અહીં છેલ્લા કેટલાક દિવસોથી સતત રમખાણો ચાલી રહ્યા હતા. હવે ત્યાં સેનાએ કમાન સંભાળી લીધી છે. બાંગ્લાદેશમાં લગભગ ૧૫૦૦૦ ભારતીય નાગરિકો રહે છે. જેમાંથી કેટલાક રોજગારની શોધમાં ગયેલા લોકો છે. તો બાકીના વિદ્યાર્થીઓ છે.

આંકડાઓના હિસાબે વાત કરીએ તો બાંગ્લાદેશમાં લગભગ ૮૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. બાંગ્લાદેશમાં આ દિવસોમાં હિંસા થઈ રહી છે. વળી હવે ँસ હસીના પણ દેશ છોડી ચૂક્યા છે. આના કારણે ઘણા ભારતીયો ભારત પાછા ફરવા ઈચ્છે છે. હાલમાં ૪૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશથી પાછા ફરી ચૂક્યા છે. હિંસાના આ તબક્કામાં બાંગ્લાદેશમાં ઈન્ટરનેટ અને ફોન સેવા બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે લોકોને મદદ માંગવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. જો તમારો કોઈ જાણીતો વ્યક્તિ, તમારો કોઈ સગો કે મિત્ર બાંગ્લાદેશમાં ફસાયેલો છે, તો તમે ભારતથી તેની મદદ કરી શકો છો. આ માટે તમે ભારતીય વિદેશ મંત્રાલય પાસેથી મદદની માંગણી કરી શકો છો. તમે ઈચ્છો તો વિદેશ મંત્રાલયના મદદ પોર્ટલ madad.gov.in પર તમારી ફરિયાદ મૂકી શકો છો.

આ સાથે તમે વિદેશ મંત્રાલયમાં જઈને પણ તે વ્યક્તિના બચાવ વિશે વિદેશ મંત્રાલયને જણાવી શકો છો. તમે સોશિયલ મીડિયા પર વિદેશ મંત્રી એસ જયશંકર સુધી સીધી તમારી વાત પહોંચાડી શકો છો.

વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશમાં હાજર ભારતીય નાગરિકોને આ નંબરો ૮૮૦૧૯૫૮૩૮૩૬૭૯, ૮૮૦૧૯૫૮૩૮૩૬૮૦, ૮૮૦૧૯૩૭૪૦૦૫૯૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## આ ૫ કારણો જે શેખ હસીના પર ભારે પડ્યા

શેખ હસીનાને દેશમાં વ્યાપક રીતે ખરાબ થઈ ચુકેલી હાલતની વચ્ચે આખરે રાજીનામું આપવું પડ્યું છે. એવા સમાચાર છે કે, બાંગ્લાદેશ છોડીને વિદેસમાં કોઈ સુરક્ષિત જગ્યાએ પહોંચી ગયા છે. આખરે એવા કયા કારણો છે, જેના કારણે શેખ હસીના વિરુદ્ધ છેલ્લા કેટલાક સમયમાં બાંગ્લાદેશમાં તેમના વિરુદ્ધ ગુસ્સો વધતો ગયો, તે અલોકપ્રિયા થઈ ગયા. તેના કારણે દેશમાં આ સ્થિતિ ઊભી થઈ, જેણે તેમનું સિંહાસન ડોલાવી નાખ્યું. બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર લાંબા કાર્યકાળ દરમ્યાન કેટલીય નેગેટિવ વાતોનો સામનો કરવો પડ્યો. તેમના પર હાલના દિવસોમાં વિપક્ષનું દમન અને તાનાશાહીનો આરોપ પણ લગાવતા હતા. દેશમાં લગભગ એક મહિનાથી પણ વધારે સમયથી આંદોલનો ચાલી રહ્યા હતા. આંદોલન પહેલા છાત્રોએ નોકરીમાં કોટાનો વિરોધ કર્યો પણ પછી વ્યાપક રીતે શેખ હસીનાની સરકાર વિરુદ્ધ ગુસ્સામાં બદલાઈ ગયું. તેમાં સમાજનો દરેક વર્ગ જોડાયો. માનવામાં આવે છે કે, પડદા પાછળ તેમાં વિપક્ષની એકતાએ મહત્વની ભૂમિકા નિભાવી હતી. શેખ હસીના કુલ મળીને લગભગ ૧૫ વર્ષો સુધી બાંગ્લાદેશના પ્રધાનમંત્રી રહ્યા. તેમનો પ્રથમ કાર્યકાળ જૂન ૧૯૯૬થી જૂલાઈ ૨૦૦1 સુધી રહ્યો. ત્યાર બાદ ચૂંટણી જીતીને તેઓ ૬ જાન્યુઆરી ૨૦૦૯થી આ પદ પર છે. તેઓ બાંગ્લાદેશના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા પ્રધાનમંત્રી રહ્યા, પણ તેઓ સમય સાથે તાનાશાહ પણ બનતા ગયાં. હસીનાના પ્રશાસનમાં વિપક્ષી અવાજો અને અસહમતિને વ્યવસ્થિત રીતે દબાવાનો આરોપ લાગતો રહ્યો છે. સત્તામાં તેમના લાંબા શાસનકાળમાં વિપક્ષી નેતાઓની ધરપકડ, અભિવ્યક્તિની સ્વતંત્રતા પર દમન અને અસહમતિના દમનની ઘટનાઓ સામે આવી છે. તેમણે વિપક્ષી નેતાઓ અને કાર્યકર્તાઓની ધરપકડ સાથે સાથે વિરોધ પ્રદર્શન પણ દબાવવામાં કોઈ કમી રાખી નથી. હાલના વિરોધ પ્રદર્શનોમાં પણ તેમની સરકારની પ્રતિક્રિયા ખાસ કરીને હિંસક રહી છે.

## શેખ હસીના ઢાકાથી ભાગીને ભારતના હિંડન એરબેઝ પર ઉતર્યા

। નવી દિલ્હી, તા.૫ ।

અનામત હટાવવાની માંગ સાથે શરુ થયેલ હિંસક આંદોલનના કારણે બાંગ્લાદેશમાં હવે અત્યંત ગંભીર પરિણામ જોવા મળી રહ્યા છે. બાંગ્લાદેશના વડાપ્રધાન ઢાકા છોડીને ભારત આવી ગયા છે. બીજી તરફ બાંગ્લાદેશમાં હવે સેના દ્વારા વચગાળાની સરકાર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. શેખ હસીના ઢાકાથી ભાગીને ભારતના હિંડન એરબેઝ પર ઉતર્યા હતા. આ દરમિયાન ઉચ્ચ અધિકારીઓએ તેમની સાથે મુલાકાત કરી હતી. ભારતના દ્વજીછ અજીત ડોભાલ પણ શેખ હસીનાને મળવા માટે પહોંચ્યા હતા. આશરે એકથી દોઢ કલાક સુધી બંને વચ્ચે બેઠક ચાલી હતી. એવામાં બીજી તરફ એવી પણ શક્યતા છે કે બાંગ્લાદેશની સમગ્ર પરિસ્થિતિ મામલે દેશના વિદેશ મંત્રી એસ. જયશંકર આવતીકાલે સંસદમાં વિસ્તૃત નિવેદન આપી શકે છે. ભારત આ મુદ્દે શું વલણ અપનાવશે તે પણ જયશંકર આવતીકાલે સ્પષ્ટ કરી શકે છે. મિત્ર સંકટમાં હોય અને ભારત પડોશી ધર્મ ન બજાવે તેવું બની ન શકે. ફરી એક વાર ભારતે પોતાની શક્તિ વાપરીને પડોશી ધર્મ બજાવી જાણ્યો છે અને સંકટમાં ફસાયેલા બાંગ્લાદેશના પીએમ શેખ હસીનાને સહી-સલામત દેશ બહાર કાઢ્યાં છે.

### કાવડિયાઓને નડ્યો ગંભીર અકસ્માત

## હાઈટેન્શન વાયર સાથે ડીજે ટચ થતાં કરંટ ફેલાયો, ૯નાં મોત

**હાઇટેન્શન વાયરને અડ્યુ DJ, ૧૫ સેકન્ડ સુધી ચોંટેલા જ રહ્યા લોકો : સ્થળ પર અફરા-તફરી**

। (એજન્સી) પટણા, તા.૫ ।

મોતની એક દર્દનાક ઘટના સામે આવી છે. ટ્રોલીમાં ડીજે હાઈ ટેન્શન વાયરની અસરમાં આવી ગયો હતો. જેના કારણે વીજ શોક લાગવાથી ટ્રોલીમાં મુસાફરી કરી રહેલા નવ લોકોના મોત થયા હતા. વીજ શોક લાગવાથી બે કંવરીયાઓ ખરાબ રીતે દાઝી ગયા હતા.આ ઘટના બનતા જ સ્થળ પર અફરા-તફરી મચી ગઈ હતી. રવિવારે મોડી રાત્રે આ ઘટના બિહારના હાજીપુરમાં જનદહા રોડ ઈન્ડસ્ટ્રીયલ પોલીસ સ્ટેશન વિસ્તારના બાબા ચુહરમલ વિસ્તારમાં બની હતી. વીજ શોક લાગવાથી બે કાવડિયા ખરાબ રીતે દાઝી ગયા હતા. એક પ્રત્યક્ષદર્શીએ આ સમગ્ર અકસ્માત કેવી રીતે બન્યો હતો, તે જણાવ્યુ હતુ. શિવમ નામના પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતુ કે તે તેના મિત્રો સાથે ડીજે



ટ્રોલીમાં સુલતાનપુરથી પહેલજા ઘાટ જઈ રહ્યો હતો. સોમવારે સવારે પહેલજા ઘાટ ૫ રથી જળ લઈને બાબા હરિહરનાથ મંદિરમાં જલાભિષેક કરવાનો હતો. ડીજેના તાલે તમામ કાવડિયાઓ નાચતા-ગાતા હતા. ત્યારે અચાનક બાબા ચૌહરમલ જગ્યા પાસે ટ્રોલી અને તેમાં રહેલુ ડીજે હાઈ ટેન્શન વાયરને અડી ગયા હતા. ત્યારે ટ્રોલી પર ઘણા કાવડિયાઓ હાજર હતા. કરંટ ચાલુ થતા જ કાવડિયાઓ તેમાં સપડાઈ ગયા હતા. જે પછી અફરા તફરી થઈ ગઈ હતી. પ્રત્યક્ષદર્શીએ કહ્યું- અમે જોયું કે ૯ કાવડિયા બળીને ખાખ થઈ ગયા હતા. બાકીના બે કાવડિયા ખરાબ રીતે દાઝી ગયા હતા. તેનામાં હજી જીવ બાકી હતો. લોકો ઘાયલોને મદદ કરવા દોડી આવ્યા હતા. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ઘાયલોને ત્યાં સારવાર આપવામાં આવી રહી છે. આ અકસ્માત માત્ર ૧૫ સેકન્ડમાં જ થયો હતો. કોઈને સાજા થવાની તક પણ મળી ન હતી. વીજ કરંટથી મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ ટ્રોલીમાં ખરાબ રીતે ફસાઈ ગયા હતા. ઘટનાની માહિતી મળતા જ સદર એસડીપીઓ ઓમપ્રકાશ સહિત અનેક પોલીસ અધિકારીઓ પોલીસ દળ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

## ઈઝરાયલે ગાઝાની સ્કુલ પર કર્યો બોમ્બમારો, હુમલમાં ભોગ બનેલા ૮૦ ટકા બાળકો

### ઈઝરાયલ સૌન્યે દ્વારા કરવામાં આવેલા હુમલમાં ૩૦થી વધુ વિસ્થાપિત લોકો માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પેલેસ્ટિનિયન રેસ્ક્યુ ગ્રુપ્સ અને પેલેસ્ટિનિયન મીડિયા અનુસાર, ઈઝરાયેલે ગાઝાની શાળાઓ પર ફરી હુમલો કર્યો છે. આ હુમલામાં અનેક લોકોના મોત થયા છે. બચાવ દળનું કહેવું છે કે માર્યા ગયેલા લોકોમાં કેટલાક વિસ્થાપિત લોકો પણ હતા જેઓ શાળામાં આશરો લઈ રહ્યા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે હુમલાની પુષ્ટિ કરી છે. IDF કહે છે કે તેઓએ ગાઝાની શાળાઓમાંથી સંચાલિત હમાસ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવ્યા છે. આ અઠવાડિયે ત્રીજી વખત છે જ્યારે ઈઝરાયેલે શાળાઓને નિશાન બનાવી છે. IDF કહે છે કે તે શાળાઓનો ઉપયોગ હમાસ દ્વારા તેના લડવૈયાઓને છુપાવવા અને ઈઝરાયેલ સામે હુમલાની યોજના બનાવવા માટે કમાન્ડ સેન્ટર તરીકે કરવામાં આવી રહ્યો હતો. સોશિયલ મીડિયા પર દેખાતા ફૂટેજમાં બચાવ દળને બાળકો સહિત મૃતદેહો



બહાર કાઢતી જોઈ શકાય છે. પેલેસ્ટિનિયન મીડિયાનું કહેવું છે કે આ હુમલામાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઈન સિવિલ ડિફેન્સના પ્રવક્તાએ કહ્યું કે માર્યા ગયેલા લોકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલની સૈન્યએ ગાઝા પટ્ટી પર તેના અવિરત બોમ્બમારો ચાલુ રાખ્યો, ઉત્તર ગાઝા સિટી, મધ્ય દેર અલ-બાલાહ અને નજીકના નુસરત શરણાર્થી શિબિરને નિશાન બનાવ્યુ.

### જો છેડશો તો છોડીશ નહીં...

## સંસદમાં કોંગ્રેસ પર ભડક્યા મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે રાજ્યસભામાં કહ્યું કે, જ્યારે કોંગ્રેસ સરકારની અલગ-અલગ રાજ્યોમાં સત્તા હતી ત્યારે અનેક વખત ગોળીબાર કરવામાં આવ્યો હતો અને તેમાં અનેક ખેડૂતો માર્યા ગયા હતા. આજે એ જ કોંગ્રેસ અમને ખેડૂતો અંગે સવાલ પૂછી રહી છે. શિવરાજ સિંહ ચૌહાણે કોંગ્રેસ પર ખેડૂતોની હત્યાનો આરોપ લગાવતા કહ્યું કે, હું માત્ર વિષય પર જ બોલવા માંગતો હતો પરંતુ હવે જ્યારે તેમણે મને છેડ્યો છે તો હવે છોડીશ નહીં. ૧૯૮૬માં જ્યારે બિહારમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગોળીબારમાં ૨૩ ખેડૂતો માર્યા ગયા હતા. ૧૯૮૮માં દિલ્હીમાં ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ પર ખેડૂતો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ૨ ખેડૂતો માર્યા ગયા હતા.

### સુપ્રીમ કોર્ટે બંગાળ સરકાર પાસે માગ્યો જવાબ

## કયા આધારે ૭૭ મુસ્લિમ જાતિને ઓબીસી દરજ્જો આપ્યો?

### મમતા સરકારના નિર્ણય પર હાઈકોર્ટે સ્ટે આપ્યો હતો, જેના પર રાજ્યે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે બંગાળમાં ૭૭ મુસ્લિમ જાતિઓને OBC અનામત આપવાના નિર્ણય પર રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. મમતા સરકારના નિર્ણય પર હાઈકોર્ટે સ્ટે આપ્યો હતો, જેના પર રાજ્યે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. હવે સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે રાજ્ય સરકારે ૭૭ જાતિઓને ઓબીસીનો દરજ્જો કયા આધાર પર આપ્યો હતો. જેમાંની મોટાભાગની જાતિઓ મુસ્લિમ ધર્મનું પાલન કરે છે. મે મહિનામાં જ કોલકત્તા હાઈકોર્ટે આ અનામતને ગેરકાયદેસર જાહેર કરી હતી અને આ કેસની સુનાવણી દરમિયાન ૭૭ જાતિઓને આ કેટેગરીમાંથી બહાર કરવાનો આદેશ આપ્યો હતો. બંગાળ સરકારના વકીલે હાઈકોર્ટ પર જ આકરા પ્રહારો કર્યા હતા. રાજ્ય સરકારે OBC ક્વોટા અંગે તૈયાર કરેલી જાતિ મુજબની યાદી પર હાઈકોર્ટની આકરી ટિપ્પણીઓ સામે વાંધો વ્યક્ત કર્યો હતો. આટલું જ નહીં, દલીલો દરમિયાન બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટને સવાલ કર્યો હતો કે શું હાઈકોર્ટ પોતે રાજ્ય ચલાવવા માંગે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડના નેતૃત્વ હેઠળની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. આ દરમિયાન બંગાળ સરકારના વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે હાઈકોર્ટે તેની મર્યાદાથી આગળ વધીને નિર્ણય આપ્યો છે. આ વર્ષે મે મહિનામાં હાઈકોર્ટે ૭૭ મુસ્લિમ જાતિઓને OBC યાદીમાં સામેલ કરવાના નિર્ણયને ફગાવી દીધો હતો. આ સાથે હાઈકોર્ટે કહ્યું હતું કે મુસ્લિમ સમુદાયનો રાજકીય સ્વાર્થ પૂરો કરવા માટે એક વસ્તુ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અંગે વાંધો વ્યક્ત કરતાં બંગાળ સરકારના વકીલે સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હતી. બંગાળ સરકારે કહ્યું, 'આવું કેમ થઈ રહ્યું છે? કારણ કે તેઓ મુસ્લિમ છે? તેઓ કહે છે કે આ ધર્મની વાત છે. જે સદંતર ખોટું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકોને અનામત એટલા માટે આપવામાં આવી છે કારણ કે તેઓ મુસ્લિમ છે. અમારી પાસે એવા અહેવાલો છે કે તમામ સમુદાયોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

CMYK

# બે યુવકોને ઓસ્ટ્રેલિયા ખાતે વર્ક વીઝા પરમીટ લઈ આપવાને બહાને ઠગાઈ

। (એજન્સી) આણંદ, તા.૫ ।

આણંદ શહેરમાં આવેલ વૈભવ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં કેન્ડીડ વિઝા કન્સલ્ટન્સી નામની ઓફિસ ખોલી નડીયાદનાં બે યુવકોને ઓસ્ટ્રેલિયા ખાતે વર્ક વીઝા પરમીટ લઈ આપવાને બહાને રૂપિયા ૩૦.૧૦ લાખ લીધા બાદ ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા પરમીટ નહીં અપાવી ઓસ્ટ્રેલિયા ગવર્મેન્ટના હેડિંગવાળો બોગસ વિઝા લેટર બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી છેતરપિંડી આચરી ફરાર થઈ ગયેલા આરોપીને આણંદ ટાઉન પોલીસે ધરપકડ કરી પુછપરછ કરતા તેણે એક અન્ય વ્યકિત સાથે પણ ઠગાઈ કરી હોવાનું ખુલ્યું હતું.

નડીયાદનાં લતીફભાઈ સલીમભાઈ નડીયાદમાં જનતા ડ્રેસીસ નામની રેડીમેઈડ કપડાની દુકાન ચલાવે છે. તેમનો ભાણો સમીર અબ્દુલ વાહિદ વ્હોરા ને વિદેશ જવા ઈચ્છુક હોવાથી તેઓ તેને વિદેશ મોકલવા માટે ૨૩ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ મિત્ર તન્વેશ કુમાર ઉર્ફે ટી.સી. ચંદ્રકાંત ભાવસાર મારફતે આણંદ શહેરમાં ગ્રીડ ચોકડી પાસે આવેલ વૈભવ કોમર્શિયલ કોમ્પલેસમાં આવેલ કેન્ડીડ વિઝા કન્સલ્ટન્સી નામની ઓફિસમાં લતીફભાઈનાં ભાણા સમીર અને મિત્ર સફીભાઈનાં પુત્ર સાહીદને વિદેશ મોકલવા માટે સંપર્ક કર્યો હતો. જયાં નાવલીનો પ્રિતેશ મુકેશભાઈ પટેલ અને સારસાનાં કૃણાલ હસમુખ પટેલએ વિદેશનાં વિઝા સહીતની કામગીરી માટે ૧૫થી ૨૦ લાખ રૂપિયા ખર્ચ થશે, તેમ જણાવેલ અને પૈસા મળ્યા બાદ બે માસમાં વિઝા અને વર્ક પરમીટ મળી જશે તેમ જણાવ્યું હતું. લતીફભાઈ અને સફીભાઈએ વિશ્વાસ મુકીને અલગ અલગ રીતે આરટીજીએસથી કૃણાલને ૩૦.૧૦ લાખની રકમ ચુકવવા છતાં વિઝા કે વર્ક પરમીટ અપાવી ન હતી અને સમીરનાં વિઝા અને વર્કપરમિટ અંગે ઓસ્ટ્રેલિયા ગર્વમેન્ટનાં હેડીંગ વાળો બોગસ વિઝાલેટર બનાવી આપ્યો હતો. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા મોકલવા માટે વાયદાઓ કરતો હતો. ત્યારબાદ કુણાલ પટેલએ પોતાનો ફોન સ્વિચ ઓફ કરી દેતા લતીફભાઈએ સારસા ગામમાં જઈ કૃણાલનાં ધરે પણ તપાસ કરવા છતાં કૃણાલનો કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી લતીફભાઈએ આ બનાવ અંગે આણંદ ટાઉન પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે છેતરપીંડી અને વિશ્વાસધાતનો ગુનો નોંધ્યો હતો. કૃણાલ પટેલે બિલિમોરામાં પણ વિદેશ મોકલવાનાં બહાને ઠગાઈ આચરી હોઈ બિલિમોરા પોલીસ મથકે પણ તેની વિરદ્ધ ઠગાઈનો ગુનો નોંધાતા બિલિમોરા પોલીસે કૃણાલ પટેલનો બિલિમોરા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી આણંદ લાવી તેની ધરપકડ કરી હતી. આણંદ ટાઉન પોલીસે પુછપરછ કરતા કૃણાલ પટેલએ અન્ય એક વ્યકિતને પણ વિદેશ મોકલવાનાં બહાને ઠગાઈ કરી હોવાનું ખુલતા પોલીસે વધુ એક ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### જૂની સોસાસટીઓના રિડેવલપમેન્ટમાં વેગ આવ્યો છે

# અમદાવાદમાં જૂની સોસાયટીઓના રિડેવલપમેન્ટમાં કાગળોની માથાકૂટ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં સોસાયટીઓના રિડેવલપ મેન્ટના કામમાં ભારે વેગ આવ્યો છે, પરંતુ કેટલીક જગ્યાએ જરૂરી ડોક્યુમેન્ટ ન મળવાના કારણે રિડેવલપમેન્ટ ડીલમાં ઘણો વિલંબ થઈ રહ્યો છે. જૂની સોસાયટીઓનું રિડેવલપમેન્ટ કરવામાં આવે ત્યારે તેમાં ઢગલાબંધ કાગળોની જરૂર પડે છે અને આ કાગળો ન હોય ત્યારે ઘણા અવરોધ પેદા થાય છે. થલતેજમાં એક સોસાયટી રિડેવલપમેન્ટ કરાવવા ઈચ્છે છે પરંતુ કામ આગળ વધી શકતું નથી. આ સોસાયટી લગભગ ૩૫ વર્ષ જૂની છે અને સેલ ડીડના કાગળો મળતા નથી. આ ઉપરાંત જમીનને બિનખેતી કરાવવાની પરમિશનના ડોક્યુમેન્ટ પણ હાથવગા નથી. આ ઉપરાંત કેટલાક સભ્યોને મોર્ગેજના ઈશ્યૂ નડે છે તેના કારણે રિડેવલપમેન્ટ ડીલ થઈ શકતી નથી. સોસાયટીના રિડેવલપ મેન્ટ માટે સોસાયટીની ટીપી સ્કીમના સાત બારના ઉતારાની જરૂર પડે છે જે ૧૯૫૦થી અત્યાર સુધીનો હોવો જોઈએ. આ ઉપરાંત એએમસીના જૂના પ્લાનની કોપી, તમામ સિટી સરવે કાર્ડની કોપી, કો ઓપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અને બંધારણની કોપી, સોસાયટીની જમીન ખરીદીનો સેલ ડીડ, ખરીદી વખતે લેન્ડ સિલિંગ એક્ટમાંથી મુક્તિનો ઓર્ડર, નોન એગ્રીકલ્ચર ઓર્ડરની કોપી, સોસાયટીના મેમ્બર્સના બેંક લોન મોર્ગેજની વિગત, ટીપી ફાઈનલાઈઝેશન વખતે મેળવેલ ફોર્મ એફ, સોસાયટીના પ્રથમ એલોટ કરાયેલા મેમ્બર્સની વિગતોની જરૂર પડે છે. એક્સપર્ટ્સ કહે છે કે ઘણી જૂની સોસાયટીઓ પાસે જરૂરી ઓરિજિનલ ડોક્યુમેન્ટ નથી. બિલ્ડરોએ સોસાયટી ટ્રાન્સફર કરી હોય ત્યારે પણ કેટલાક જરૂરી કાગળ આપ્યા નથી હોતા. નવા બિલ્ડર આ સોસાયટીનું રિડેવલપમેન્ટ કરવા માગે તો તેને લગભગ ૨૦ ડોક્યુમેન્ટની સર્ટિફાઈડ કોપીની જરૂર પડે છે. આ કાગળો અલગ અલગ ઓથોરિટી પાસેથી લેવા પડે છે તેથી વિલંબ થાય છે.

અમદાવાદના સિનિયર એડવોકેટ પરેશ જાની કહે છે કે સોસાયટી ત્રણ કે ચાર દાયકા જૂની હોય ત્યારે મોટા ભાગના કેસમાં બિલ્ડરોએ સોસાયટી ટ્રાન્સફર વખતે મેમ્બરને લેન્ડ પરચેઝના દસ્તાવેજ અને એનએ પરમિશનના કાગળો સોંપ્યા હોતા નથી. કેટલાય ઓરિજિનલ મેમ્બર્સ અથવા બિલ્ડર્સ હવે બીજે ક્યાંક જતા રહ્યા છે અથવા તો તેમનું મૃત્યુ થઈ ગયું છે.

અર્બન રિડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર એસોસિયેશનના પ્રેસિડન્ટ જિતેન્દ્ર શાહે જણાવ્યું કે હાલમાં લગભગ ૫૦૦થી વધારે સોસાયટીઓ રિડેવલપ મેન્ટના અલગ અલગ તબક્કામાં છે. તેના માટે વાતચીત ચાલી રહી છે. જોકે, સૌથી વધારે મુશ્કેલ કામ ડોક્યુમેન્ટેશનનું છે. આ ઉપરાંત વ્યક્તિગત મેમ્બર્સની બેંક લોનની ડિટેલ પણ મળતી નથી. બિલ્ડરે કોર્પોરેશન અથવા સબ-રજિસ્ટ્રાર પાસેથી આ તમામ મિસિંગ ડોક્યુમેન્ટ એકઠા કરવા પડે છે. અમદાવાદ સ્થિત એક ડેવલપર કાર્તિક સોનીએ જણાવ્યું કે રિડેવલપમેન્ટ ડીલમાં પૂરતા ડોક્યુમેન્ટ ન મળવા એ સૌથી મોટી તકલીફ છે. સોસાયટીના રિડેવલપમેન્ટ માટે વાતચીત શરૂ થાય કે તરત સોસાયટીઓએ જરૂરી ડોક્યુમેન્ટ એકઠા કરવાનું શરૂ કરી દેવું જોઈએ જેથી કરીને આખી પ્રક્રિયા ઝડપથી થઈ શકે. અથવા તો તેઓ પ્રોફેશનલ લોકોની મદદ લઈને પણ ડોક્યુમેન્ટ એકઠા કરવાનું કામ કરી શકે છે.

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં મેઘ મહેર થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાત ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારીના ખેરગામમાં ૯ ઈંચ, ધરમપુરમાં ૭.૨૮ ઈંચ, વલસાડમાં ૭ ઈંચ, ડાંગમાં ૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ અને તાપી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, રાજકોટ, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, જૂનાગઢ, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, મોરબી, બોટાદ અને કચ્છ હળવાથી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ભારેથી અતિભારે વરસાદને અનુલક્ષીને વલસાડ જિલ્લાની વર્તમાન પરિસ્થિતિ અને હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલ રેડ એલર્ટને ધ્યાને લઈને સુરક્ષાના ભાગરૂપે સોમવારે વલસાડ, ધરમપુર અને કપરાડા તાલુકાની આંગણવાડી, શાળાઓ, કોલેજો અને ITI બંધ રહીહતી. છ ઓગસ્ટે રાજ્યમાં સતત ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર રહેશે. જેમાં છઠ્ઠી ઓગસ્ટે નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ સાથે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, ખેડા, આણંદ, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, સુરત, તાપી, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, દ્વારકા, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ સહિતના વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### દર ત્રણ મિનિટે એક પગ કપાય છે

# વાસ્ક્યુલર રોગોના ભયજનક ડરનો સામનો કરી રહ્યું છે ભારત

। અમદાવાદ, તા.૫ ।

જાણીતા વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન ડોક્ટર સુરજ શાહ રાષ્ટ્રીય વાસ્ક્યુલર દિવસે જાણાવે છે કે, દેશની આરોગ્યસંભાળમાં વાસ્ક્યુલર હેલ્થના મહત્વને રેખાંકિત કરતી અમારા તરફથી એક પહેલ છે. વાસ્ક્યુલર રોગોના વધતા વ્યાપ સામે જાગૃતિ જરૂરી છે અને વાસ્ક્યુલર સિસ્ટમની તેમની સંપૂર્ણ સમજણ અને અદ્યતન સર્જિકલ તકનીકોમાં નિપુણતા સાથે, ડૉ. શાહ અસંખ્ય દર્દીઓના પગમાં સામાન્ય રક્ત પ્રવાહને પુનઃસ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે, આમ પગના અંગવિચ્છેદનના સખત પગલાંને અટકાવે છે.

વિશ્વની ડાયાબિટીસની રાજધાની તરીકે અને તમાકુના ઊંચા વપરાશ સાથે, ભારત વાસ્ક્યુલર રોગોના ભયજનક ડરનો સામનો કરી રહ્યું છે. અંગવિચ્છેદન અને જાનહાની જેવા કોમ્પ્લીકેશન વાસ્ક્યુલર રોગો ને વધારે ગંભીર બનાવે છે. ખાસ કરીને ડાયાબિટીસ, સ્મોકિંગ અને કોલેસ્ટરોલથી વાસ્કયુલર રોગ ઉદ્ભવે છે. સામાન્ય રીતે હૃદયરોગ અંગે લોકોને માહિતી હોય છે પરંતુ શરીરનાં અન્ય અંગોમાં દુખાવો, અલ્સર અને ગ્રેગ્રીન સુધી પહોંચી જતાં રોગ અંગે માહિતી ન હોવાથી જાગૃતિ લાવવી જરૂરી છે

ભારતમાં દર ત્રણ મિનિટે એક પગ કપાય છે, જેના કારણે રોજના આશ્ચર્યજનક રીતે ૬૦૦ અંગો અને વાર્ષિક ૨,૦૦,૦૦૦ થી વધુ અંગો, ખાસ કરીને પગ કપાય છે. આ કટોકટી માત્ર આંકડાઓ સુધીજ સીમીત નથી, પણ પરિવારો પર જબરદસ્ત નાણાકીય અને ભાવનાત્મક બોજ મૂકે છે. આનો સામનો કરવા વાસ્ક્યુલર આરોગ્ય અને વાસ્ક્યુલર સર્જનોની નિર્ણાયક ભૂમિકા અને એમની વિશે જાગૃતિ લાવવાની તાતી જરુર છે.

વાસ્ક્યુલર સર્જન - ધમની અને શિરાની બિમારીઓની સારવાર કરે

૧. મેડીસીન—વાસ્ક્યુલર રોગોને નિયંત્રિત કરવા માટે પ્રાઈમેરી સ્ટેજમાં દવા કરવામાં આવે છે.

૨. એન્ડોવાસ્કયુલર ઈન્ટરવેન્શન્સઃ બ્લોકેજની સારવાર માટે બલુન અને સ્ટેન્ટનો ઉપયોગ થતો હોય છે.

૩. ઓપન એન્ડ હાઈબ્રિડ વાસ્ક્યુલર સર્જરીઃ ઓપન ઓપરેશન તેમજ કેથલે બના સંયોજન થી થતા જટીલ વાસ્ક્યુલર ઓપરેશન.

જો તમે અથવા તમારા પ્રિયજન ગેંગ્રીન, પગના અલ્સર, ડીવીટી, વેરિકોઝ વેઈન્સ, ડાયાબિટીક અલ્સર, વાસ્ક્યુલર માલ ફોર્મેશન, સોજાવાળા પગ અથવા એન્યુ રિઝમથી પીડાતા હોવ, તો વાસ્ક્યુલર સર્જન ને કન્સ્લ્ટ કરવુ અનિવાર્ય છે.

કારણ કે ભારતની ૧.૪૧ અબજની વસતીમાં વાસ્ક્યુલર સર્જનોની સંખ્યા માત્ર ૫૫૦ છે. અને આ અછતને કારણે ઘણી વખત દર્દીઓની વિલંબિત અથવા અપૂરતી સંભાળ લેવામાં આવે છે, જે જટિલતાઓ અને મૃત્યુદરનું જોખમ વધારે છે.

તેથી, અમે તબીબોને વાસ્ક્યુલર સર્જરીની વિશેષતા ધ્યાનમાં લેવા વિનંતી કરીએ છીએ. ઉપરાંત, ભારતમાં વાસ્ક્યુલર સર્જનોની જરૂરિયાતને અનુરૂપ તેમને તાલીમ પણ આપવામા આવે છે. અંગવિચ્છેદન ઘટાડવા અને જીવન બચાવવાના મિશનમાં તમારી ભૂમિકા નિર્ણાયક છે.

### ખાસ ઈમરજન્સી કોરિડોર બનાવાશે । રેસકોર્સ મેદાનમાં જનમાષ્ટમીના મેળાનો લે આઉટ પ્લાન જાહેર

# રાજકોટના લોકમેળામાં ૧૫ લાખ લોકો માટે સુરક્ષા કવચ

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।



સૌરાષ્ટ્રવાસીઓ જેની અતિ આતુરતાથી રાહ જોતા હોય તે લોકમેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. જોકે આ વખતનો લોકમેળો તંત્ર માટે પણ એક પડકારરૂપ બની રહેશે. આ લોક મેળો કેવો રહેશે? ક્યાં કેટલા સ્ટોલ રહેશે? તેને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ખાસ લે આઉટ પ્લાન જાહેર કરાયો છે. આગામી ૨૪ ઓગસ્ટથી રાજકોટ શહેરમાં લોક મેળો શરૂ થશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ લે આઉટ જાહેર કરાયો છે. આ લેઆઉટમાં ખાસ ઈમરજન્સી કોરિડોર રાખવામાં આવશે. આ કોરીડોરમાંથી માત્ર ફાયરના વાહનો અને એમ્બ્યુલન્સ જ નીકળી શકશે. લોક મેળાને ફરતે આ ખાસ કોરીડોર રાખવામાં આવ્યો છે. મેળાની અંદર કોઈપણ જગ્યાએ દુર્ઘટના બને છે તો ત્યાં ઝડપથી પહોંચી શકાય એટલા માટેનો આ કોરિડોર હશે. અત્યાર સુધીના એક પણ લોકમેળામાં ક્યારે પણ રાખવામાં આવ્યો ન હતો. રાજકોટ શહેરમાં બનેલી અગ્નિકાંડની ગોઝારી ઘટના બાદ તંત્ર દ્વારા આ વખતે લોકમેળામાં કોઈ દુર્ઘટના ન સર્જાય તેને લઈને વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

સ્ટોલ્સ- પ્લોટ્સ ૩૪૦થી ઘટાડી ૨૩૫, બે રાઈડસ વચ્ચે ૪૦ ફૂટનું અંતર, સ્ટોલ્સ પર સીસીટીવી- અગ્નિશામક યંત્રો, પીજીવીસીએલનું અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગ અને ડ્રોનથી ભીડનું મોનીટરીંગ : રમકડાંના ૫૮ સ્ટોલ્સ, ૪૦ રાઈડ્સ ઘટતા બાળકો-યુવાનોની ભીડને કંટ્રોલ કરવી અઘરી બનશે. રાજકોટમાં TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ વહીવટી તંત્રે શીખ મેળવી હોય તેમ જન્માષ્ટમીના રેસકોર્સ મેદાનમાં યોજાનારા લોકમેળામાં સુરક્ષાને લઈને ધરખમ બદલાવો લાવવામાં આવ્યા છે. કલેક્ટર તંત્ર દ્વારા લોકમેળાનો ફાઈનલ લે આઉટ જાહેર કરી દીધો છે. જેમાં સ્ટોલ્સ અને પ્લોટ્સની સંખ્યામાં ૩૦ ટકાનો ઘટાડો કરી નાંખ્યો છે. ૫ એન્ટ્રી- એક્ઝિટ ગેટ, સ્પેશ્યલ સુરક્ષા કોરીડોર, પીજીવીસીએલનું અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગ, ૫ ફાયર ફાઈટર અને ૫ ઈમરજન્સી ૧૦૮, સ્ટોલ્સ પર સીસીટીવી અને અગ્નિશામક યંત્રો તો એક સ્પેશ્યલ ઈમરજન્સી એક્ઝિટ ગેટ ઊભો કરવામાં આવ્યો છે. દર વર્ષે ૫ દિવસમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી ૧૫ લાખથી વધુ લોકો મેળાની મજા માણતા હોય છે ત્યારે ભીડને કારણે કોઈ અંધાધૂંધી ન સર્જાય તે માટે આ વખતે ડ્રોનથી ભીડનું મોનીટરિંગ કરવામાં આવશે કે જેથી કેપેસિટી કરતાં વધુ ભીડ થાય તો લોકોની એન્ટ્રી તે સમયે બંધ કરાવી શકાય.

૨૪થી ૨૮મી ઓગષ્ટ દરમિયાન લોક મેળો યોજાતો હોય છે. આ વર્ષે માત્ર ૨૩૫ હશે જે ગયા વર્ષે લોકમેળામાં ૩૪૦ સ્ટોલ્સ અને પ્લોટ્સ હતા. રમકડાના સ્ટોલ્સ ૧૨૦ હશે જે ગયા વર્ષે ૧૭૮ સ્ટોલ હતા. નાની-મોટી ચકરડી અને યાંત્રિક રાઈડસ ૪૬ હશે જે ગયા વર્ષે ૯૬ હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખી દરેક રાઈડસ વચ્ચે આ વખતે ૪૦ ફૂટની જગ્યા રાખવામા આવેલી છે.

# શહેરમાં પાણીજન્ય, મચ્છરજન્ય રોગચાળો હવે વકરી રહ્યો છે

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરતમાં રોગચાળાએ માથું ઊંચક્યું છે. સિવિલ હોસ્પિટલમાં વહેલી સવારથી જ દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. ઝાડા, ઉલટી, તાવની બીમારીથી પીડાતા દર્દી સારવાર લેવા આવી રહ્યા છે. શહેરમાં રોગચાળાએ ૬ મહિનાની બાળકી સહિત વધુ ત્રણના મોત નીપજ્યા હતા. છેલ્લાં કેટલાક દિવસથી શહેરમાં પાણીજન્ય, મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. સુરતનાં પાંડેસરામાં આવેલ કૈલાસનગર ખાતે રહેતા સોમેશ સોની ખાનગી કંપનીમાં કામ કરી પત્ની અને સંતાનો સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. દરમિયાન સોમેશના ૬ મહિનાના પુત્ર રૂદ્રાની તબિયત અસ્વસ્થ્ય હોવાથી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં બાળકને દાખલ કરવામાં આવ્યો હતો. સ્મીમેરમાંથી રજા આપ્યા બાદ રૂદ્રને ઝાડા ઉલ્ટી થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી હતી. દરમિયાન રૂદ્રાની તબિયત વધુ લથડતા શુક્રવારે સાંજે મોત નીપજ્યું હતું. જેને પગલે પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. બીજા બનાવમાં હજીરા વિસ્તારમાં આવેલ મોરા ટેકરા પાસે ૨૬ વર્ષીય સંતોષકુમાર ચમાર ખાનગી કંપનીમાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. દરમિયાન છેલ્લા ત્રણેક દિવસથી સંતોષકુમારને તાવની બીમારી હતી, સાથે જ ગુરુવારથી ઝાડ પણ થતા હતા. ત્યારે શુક્રવારે સાંજે તબિયત લથડતા સંતોષકુમારને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેનું મોત થયું હતું. ત્રીજા બનાવમાં મૂળ ઓરિસ્સા ગંજામના વતની અને હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થનગરમાં રહેતા ૪૦ વર્ષીય સંતોષ પુરણચંદ ડાકવા મજૂરીકામ કરી પત્ની અને એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે.

## વિશેષ

### અમદાવાદ સ્થિત ખેતી બેંકના અદ્યતન સુવિધાઓથી સજ્જ બોર્ડરૂમનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદઘાટન

# કોઈ પણ ક્ષેત્રમાં સમાજના નાનામાં નાના માણસને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### વડાપ્રધાનશ્રી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા બેંકના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયું

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે કૃષિ બેંકની મુલાકાત લઈ, બેંકના ડિજિટલ બોર્ડરૂમનું ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે કોઈ પણ ક્ષેત્રમાં સમાજના નાનામાં નાના માણસને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ. મુખ્યમંત્રીએ દેશમાં સૌ પ્રથમ એવા ખેતી બેંકના અદ્યતન સુવિધાઓથી સજ્જ નવીનત્તમ બોર્ડરૂમને રિમોટ કંટ્રોલના માધ્યમથી કાર્યાન્વિત કર્યો હતો તેમજ બોર્ડરૂમના ડિજિટલ સ્ક્રીનનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ તકે બેંકના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું કે દેશના ગૃહ અને પ્રથમ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વડપણ હેઠળ અલાયદા સહકાર મંત્રાલયની શરૂઆત થતાં દેશમાં કૃષિ અને સહકાર ક્ષેત્રે નોંધપાત્ર સુધારા થયા છે. સમગ્ર રાજ્યના ખેડૂતો વતી મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું કે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યના ખેડૂતોના હિતમાં ચઢત વ્યાજ માફી અંગેની બેંકની સેટલમેન્ટ યોજનાને મંજૂરી અપાતા, છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૭૪૨૭ જેટલા ખેડૂતોને રૂ. ૮૫.૯૧ કરોડની વ્યાજમાફીનો ફાયદો થયો છે અને તેઓ દેવામુક્ત થયા છે.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રીશ્રી દ્વારા બેંકના સ્થાપક ચેરમેન સ્વ. શ્રી ઉદયભાણસિંહજીની પ્રતિમાનું સન્માન તથા બોર્ડરૂમની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પ્રેઝન્ટેશનના માધ્યમથી બેંકની કામગીરી અંગેની વિગતો તેમજ અદ્યતન ટેકનોલોજીથી કાર્યરત્ બોર્ડરૂમમાં પેપરલેસ બોર્ડ મિટિંગ સોલ્યુશન સહિતની વિશિષ્ટ સુવિધાઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ માહિતી મેળવી હતી.

આ તકે મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મહાનુભાવો દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ મા કે નામ' ઝૂંબેશના ભાગરૂપે ખેતી બેંકના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, નારણપુરાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ભગત, વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, ખેતી બેંકના ડાયરેક્ટર શ્રી જસાભાઈ બારડ, શ્રી વીરજીભાઈ ઠુંમર, ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ અમીન સહિત બેંકના ડાયરેક્ટરશ્રીઓ, સહકારી ક્ષેત્રના આગેવાનો તથા ખેતી બેંકના કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





# ટીમ ઈન્ડિયાની સાથે દગો? શ્રીલંકાએ ખતરનાક ચાલ ચલી

। (એજન્સી) કોલંબો, તા.૫ ।

ટીમ ઈન્ડિયા હાલ શ્રીલંકાના પ્રવાસે છે અને ત્યાં ત્રણ ટી૨૦ મેચની સિરીઝ જીત્યા બાદ હવે વનડે સિરીઝ રમી રહી છે. પરંતુ વનડે સિરીઝમાં ટીમ ઈન્ડિયાના પરફોર્મન્સ નબળું જોવા મળતા ફેન્સ પણ ચોંક્યા છે. પહેલી વનડે જીતતા જીતતા ટાઈ થઈ ગઈ અને બીજી વનડેમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો. બીજી બાજુ ટી૨૦ સિરીઝ હાર્યા બાદ શ્રીલંકા પણ જાણે સફાળી જાગી ગઈ અને કોઈ પણ ભોગે વનડે સિરીઝ જીતવાના મૂડવામાં જોવા મળી રહી છે. આ માટે તેણે રોહિત સેનાને પછાડવા માટે એક જોરદાર પ્લાન પણ તૈયાર કર્યો અને ટીમ ઈન્ડિયા હાલ તો આ પ્લાનમાં સંપૂર્ણ પણે ફસાતી જોવા પણ મળી રહી છે. જ્યારે પણ



બાઈલેટ્રલ સિરીઝ રમાતી હોય ત્યારે ઘર આંગણે રમતી ટીમને એ અધિકાર હોય છે કે તે પોતાને ફાવે તેવી પીચ તૈયાર કરાવી શકે છે. શ્રીલંકા વિરુદ્ધ વનડે સિરીઝમાં પણ કઈક એવું જ જોવા મળી રહ્યું છે. શ્રીલંકાના કોચ સનથ જયસૂર્યા અને કેપ્ટન ચરિથ અસલાંકાને પણ એ વાત સારી રીતે ખબર હતી કે હાલની ટીમમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને કે એલ રાહુલને બાદ કરતા બાકીના બેટ્સમેન સ્પિન સામે સારું રમી શકતા નથી. એવો દાવો તો નથી કરી શકાતો કે ભારત વિરુદ્ધ વનડે સિરીઝ માટે શ્રીલંકાએ પોતે જ સ્પિન ફ્રેન્ડલી પીચોની માંગણી કરી હતી કે નહીં પરંતુ એ પણ નજરઅંદાજ કરી શકાય નહીં કે મેજબાન ટીમને પહેલી બે મેચોમાં જબરદસ્ત ફાયદો મળ્યો છે. શ્રીલંકાએ પોતાના ઘરેલુ મેદાનોની સ્થિતિનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો અને સ્પિનના હથિયારથી જ ટીમ ઈન્ડિયા પર જોર અજમાવ્યું. શ્રીલંકા વિરુદ્ધ પહેલી બે વનડે મેચોમાં ભારતીય બેટર્સ સ્પિનર્સ સામે વામણા સાબિત થયા. વિરાટ કોહલી, શિવમ દુબે, શ્રેયસ ઐય્યર, શુભમન ગિલ, અને કે એલ રાહુલ જેવા ખતરનાક બેટર્સે શ્રીલંકન સ્પિનર્સ સામે ઘૂંટણિયા ટેક્યા.

### ઘર આંગણે રમતી ટીમને એ અધિકાર હોય છે, પોતાને ફાવે તેવી પીચ તૈયાર કરાવી શકે

રોહિત શર્માએ શ્રીલંકા વિરુદ્ધ પહેલી વનડેમાં ૪૭ બોલમાં ૫૮ રન કર્યા હતા. આ દરમિયાન ભારતીય કેપ્ટને ૭ ચોગ્ગા અને ૩ છગ્ગા માર્યા. બીજી વનડેમાં પણ કેપ્ટન રોહિત શર્માનું રૌદ્ર રૂપ જોવા મળ્યું હતું. રોહિત શર્માએ શ્રીલંકા વિરુદ્ધ બીજી વનડે મેચમાં ૪૪ બોલમાં ૬૪ રન કર્યા હતા. રોહિત શર્માએ આ ઈનિંગમાં પણ ૫ ચોગ્ગા અને ૪ છગ્ગા માર્યા. શ્રીલંકાના કોચ સનથ જયસૂર્યા અને કેપ્ટન ચરિથ અસલાંકાને ખબર હતી કે મોટાભાગના ભારતીય બેટર્સ સ્પિનર્સ સામે રમવામાં વામણા છે. આથી તેમણે ટીમ ઈન્ડિયાની આ નબળાઈને પોતાનું હથિયાર બનાવ્યું અને શાનદાર રણનીતિ તૈયાર કરી. પહેલી વનડે મેચમાં શ્રીલંકન સ્પીનર્સ વાનિન્દુ હસરંગા અને કેપ્ટન ચરિથ અસલાંકાએ પોતાની ઘાતક સ્પિન બોલિંગથી ભારતીય ટીમને ૨૩૦ રન પર ઓલઆઉટ કરીને મેચ ટાઈ કરાવી નાખી હતી. ત્યારબાદ બીજી વનડે મેચમાં પણ ટીમ ઈન્ડિયાની મુશ્કેલીઓ ઓછી ન થઈ. ઈજાના કારણે વાનિન્દુ હસરંગા સિરીઝથી બહાર થઈ ગયા અને તેમના રિપ્લેસમેન્ટ તરીકે શ્રીલંકન ટીમમાં સામેલ થયેલા જેફ્રી વાન્ડરેસેએ બીજી વનડે મેચમાં ભારતીય બેટિંગ લાઈનઅપના ફૂરચા ઉડાવી દીધા. જેફ્રી વાંડરસેએ બીજી વનડે મેચમાં ૧૦ ઓવરમાં ૩૩ રન આપીને ૬ વિકેટ લીધી અને ભારતીય સ્ટાર બેટર્સને ઘૂંટણિયે લાવી દીધા. બીજી વનડે મેચમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન ખુબ જ ખરાબ રહ્યું. વિરાટ કોહલી, શ્રેયસ ઐય્યર અને કે એલ રાહુલ જેવા સ્ટાર ખેલાડીઓથી સજેલી ટીમ ઈન્ડિયા ફક્ત ૨૦૮ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ અને ૩૨ રનથી મેચ હારી ગઈ. જ્યારે તેની સામે જીત માટે માત્ર ૨૪૧ રનનો ટાર્ગેટ હતો. કેપ્ટન રોહિત શર્માએ મેચ બાદ કહ્યું કે ભારતીય બેટર્સે અહીંની પીચો પ્રમાણે પોતાને ઢાળવા પડશે. રોહિત શર્માએ કહ્યું કે તમારે પીચો પ્રમાણે તમારી જાતને ઢાળવી પડશે. લેફ્ટી અને રાઈટી બેટર્સના કોમ્બિનેશન સાથે અમને લાગ્યું કે સ્ટ્રાઈક રેટ રોટેટ કરવો સરળ રહેશે. પરંતુ જેફ્રીને શ્રેય જાય છે કે તેણે છ વિકેટ લઈ લીધી. શ્રીલંકાના કેપ્ટન ચરિથ અસાલંકાએ કહ્યું કે હું સ્કોરથી ખુશ હતો. ૨૪૦ રન ખુબ સારો સ્કોર હતો. એક કેપ્ટન તરીકે મને આ પ્રકારની સમસ્યાઓ (સ્પિનના અનેક વિકલ્પ) પસંદ છે. વાંડરસેનો સ્પેલ ખુબ શાનદાર હતો. પ્લેયર ઓફ ધ મેચ બનેલા વાંડરસેએ કહ્યું કે ટીમ પર ખુબ દબાણ હતું. હું આરામ બાદ વાપસી કરી રહ્યો હતો.

---

**ન્યૂઝ બ્રિફ**

## LG જ દિલ્હીના સર્વેસર્વા ગણાય, સુપ્રીમ કોર્ટેની AAP સરકારને લપડાક



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે LGને મોટી રાહત આપી છે. કોર્ટે કહ્યું છે કે રાજ્યપાલ દિલ્હી કેબિનેટની સલાહ વિના એલ્ડરમેનની નિમણૂક કરી શકે છે. દિલ્હી સરકારને મોટો ઝટકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે ૧૯૯૩ના કાયદામાં અગાઉ ફેરફાર કરવામાં આવ્યો હતો ત્યારે નામાંકનની સત્તા રાજ્યપાલને આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)માં ૧૦ એલ્ડરમેનને સ્વતંત્ર રીતે નોમિનેટ કરી શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એલજીને ચૂંટાયેલી સરકારની મદદ અને સલાહ મુજબ કામ કરવાની જરૂર નથી. દિલ્હી સરકારે ૧૦ કાઉન્સિલરોને નોમિનેટ કરવાના એલજીના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. દિલ્હી સરકારે કહ્યું કે એલજીએ તેમની સાથે સલાહ લીધા વિના મનસ્વી રીતે તેમની નિમણૂક કરી હતી. આ એપોઈન્ટમેન્ટ રદ થવી જોઈએ. આ નિર્ણય ૧૪ મહિનાથી વધુ સમયથી પેન્ડિંગ હતો. તેની અસર MCDના કામ પર પણ જોવા મળી હતી.

## અમે લવ જેહાદ અને લેન્ડ જેહાદ સામે કામ કરીશું : હિમંતા બિસ્વા



। (એજન્સી) ગુવાહાટી, તા.૫ ।

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ લવ જેહાદને લઈને કાયદો બનાવવાની વાત કરી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, "અમારી સરકાર એક કાયદો બનાવી રહી છે કે, જે લવ જેહાદના મામલામાં કડક સજા આપશે." સીએમ હિમંતા બિસ્વાએ કહ્યું, "આસામમાં આ ખૂબ જ સામાન્ય થયું છે, લોકો ફેસબુક પર તેમનું હિન્દુ નામ રાખીને છોકરીઓને ફસાવે છે, અને લગ્ન પછી છોકરીને ખબર પડે છે કે જે છોકરા સાથે લગ્ન કર્યો તે છોકરો હિંદુ નથી. પીડિતાને ન્યાય મળવો જોઈએ. તેથી આસામ સરકાર અલગ અલગ કેસોની તપાસ કર્યા બાદ એક કાયદો બનાવવા જઈ રહી છે જે આવા કેસોમાં સજા આપશે." મુખ્યમંત્રી હિંમત બિસ્વાએ રાજ્યમાં જમીનનો ગેરકાયદેસર ઉપયોગ કરવા પર કહ્યું કે, "આપણે બધા જાણીએ છીએ કે આસામના વિવિધ ભાગોમાં વસ્તી વિષયક ફેરફારોને કારણે, SC, ST જેવા સ્વદેશી સમુદાયો લઘુમતીમાં આવી ગયા છે.

---

### મનુ ભાકરને પેરિસ ઓલિમ્પિકમાં મળશે મોટું સન્માન

## મનુ ભાકરને પેરિસ ઓલિમ્પિક સમાપન સમારંભમાં ભારતીય ધ્વજવાહક બનશે

। (એજન્સી) પેરિસ, તા.૫ ।

પેરિસ ઓલિમ્પિક્સમાં બે વખત બ્રોન્ઝ મેડલની સિદ્ધિ પ્રાપ્ત કરનાર મનુ ભાકરને મોટું સન્માન મળશે. સ્ટાર મહિલા શૂટર મનુ ભાકર પેરિસ ઓલિમ્પિકના સમાપન સમારંભમાં ભારતની ધ્વજવાહક હશે. મનુએ પેરિસ ગેમ્સમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. મનુએ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને આ ગેમ્સમાં દેશના મેડલનું ખાતું ખોલાવ્યું હતું. આ પછી તેણે સરબજોત સિંહ સાથે મળીને ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)ના અધિકારીએ કહ્યું, 'હા, મનુને ધ્વજ



વાહક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમણે ખૂબ જ શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેઓ આ સન્માનના હકદાર છે. હરિયાણાની ૨૨ વર્ષીય શૂટરે અગાઉ કહ્યું હતું કે ભારતના ધ્વજવાહક બનવું સન્માનની વાત છે. મનુ ઉપરાંત, સ્વપ્નિલ કુસલે પુરુષોની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશનમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. IOA એ હજુ સુધી મેલ ધ્વજ વાહકની જાહેરાત કરી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે આવનારા દિવસોમાં તેની પણ જાહેરાત કરવામાં આવશે. એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી મનુ ભારતની પ્રથમ એથ્લેટ છે. ઉલ્લેખનીય છે કે મનુ ઓલિમ્પિકમાં ભારતના સૌથી સફળ એથ્લેટ્સમાંથી એક છે. મનુ સિવાય અત્યાર સુધી કોઈ પણ ભારતીય એથ્લેટે એક ઓલિમ્પિકમાં બે મેડલ જીત્યા નથી. સુશીલ કુમાર અને શટલર પીવી સિંધુ પાસે બે-બે મેડલ છે, પરંતુ તેઓ અલગ-અલગ ઓલિમ્પિક માં જીત્યા છે. સુશીલે ૨૦૦૮ બેઈજિંગ (બ્રોન્ઝ) અને ૨૦૧૨ લંડન (સિલ્વર) ઓલિમ્પિકમાં બે મેડલ જીત્યા હતા, જ્યારે સિંધુએ ૨૦૧૬ રિયો (સિલ્વર) અને ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક્સ (બ્રોન્ઝ)માં બે મેડલ જીત્યા હતા.

---

### સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી.નાગરત્નાની ટિપ્પણી

## ગવર્નરોને જે ન કરવું જોઈએ તે કરે છે અને જે કરવું જોઈએ તે કરતા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી. વી. નાગરત્નાએ ઘણા રાજ્યોમાં સરકારો અને રાજ્યપાલો વચ્ચે ચાલી રહેલા વિવાદ અંગે ટિપ્પણી કરી છે. એક કોન્ફરન્સને સંબોધતા તેમણે કહ્યું હતું કે, "કેટલાક રાજ્યોમાં રાજ્યપાલો જે કામ કરવું જોઈએ તે કરતા નથી. પરંતુ તેઓ એવા કાર્યોમાં આગળ રહે છે જે તેમને ન કરવા જોઈએ. રાજ્યપાલોએ તટસ્થ રહેવું જોઈએ." દુર્ગાબાઈ દેશમુખનો ઉલ્લેખ કરતાં જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે, તે કહેતા હતા કે ગવર્નરોની ભૂમિકા સંવાદિતાને પ્રોત્સાહન આપવાની હોવી જોઈએ અને તેઓ રાજકારણથી પર હોવા જોઈએ. દુર્ગાબાઈ દેશમુખ બંધારણ



સભાના સભ્ય અને સ્વતંત્ર ભારતના પ્રથમ નાણામંત્રી ચિંતામણરાવ દેશમુખના પત્ની હતા. સુપ્રીમ કોર્ટના જજે કહ્યું કે, રાજ્યપાલો પાસેથી ચોક્કસ ફરજોની અપેક્ષા રાખી શકાય છે. તેમનું કાર્ય એવું હોવું જોઈએ કે, બે વિરોધી ધ્રુવો વચ્ચે પણ થોડું સંકલન થઈ શકે. રાજ્યપાલને રાજકારણથી ઉપર રાખવા તે જરૂરી છે. તેઓએ રાજકીય બાબતોથી દૂર રહેવું જોઈએ જેથી કરીને કોઈપણ પ્રકારનો વિવાદ ન થાય. પરંતુ કમનસીબી એ છે કે, આજના ભારતમાં રાજ્યપાલો એવાં કામ કરી રહ્યા છે જે તેમણે ન કરવા જોઈએ. પરંતુ તેઓ તે બાબતોમાં નિષ્ક્રિય દેખાય છે, જેની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવી હોય." જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે, આપણે સંઘીય માળખાનું ધ્યાન રાખવું જોઈએ. આ સિવાય મૂળભૂત અધિકારો અને સિદ્ધાંતો પર પણ વાત થવી જોઈએ. મહત્ત્વની વાત એ છે કે, રાજ્યો અને કેન્દ્ર બંને સમજે છે કે તેમની પાસે રાષ્ટ્રીય અને પ્રાદેશિક અપેક્ષાઓ પૂરી કરવાનો જનાદેશ છે. ન્યાયાધીશે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્યોના વિચારોને મહત્ત્વ આપવું જોઈએ.

---



નાડીમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ફિજીના નાયબ વડા પ્રધાન વિલિયમ ગાવોકા, ભારતના હાઈ કમિશનર પી એસ કાર્તિકેયન અને ફિજીયન સરકારના અન્ય અધિકારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

---

**શેરબજાર મોટા કડાકા સાથે બંધ**

## શેરબજારને ન ફળ્યો શ્રાવણનો સોમવાર, રોકાણકારોના અધધ કરોડ સ્વાહા



। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

શ્રાવણ મહિનાના સોમવારનો દિવસ ભારતીય શેરબજારને ફળ્યો નહોતો. સતત બીજા ટ્રેડિંગ સેશનમાં માર્કેટ રોકાણકારોને ઝટકો આપ્યો હતો. વૈશ્વિક વેચવાલીના કારણે સેન્સેક્સ ૨૨૨૨ પોઈન્ટના કડાકા સાથે બંધ રહ્યો હતો. નિફ્ટી ૨.૫ ટકા કડાકા સાથે ૨૪,૦૫૫ પર બંધ રહી. મિડકેપ ઈન્ડેક્સમાં ૩.૫ ટકાઅને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪ ટકા ઘટાડો જોવા મળ્યો. ડોલર સામે રૂપિયો પણ ૮૩.૯૪ પૈસાના રેકોર્ડ સ્તરે બંધ રહ્યો. આજના કડાકા બાદ માર્કેટ કેટ ઘટીને ૪.૪૧ લાખ કરોડ થયું છે. આજના સત્રમાં રોકાણકારોના ૧૫ લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા છે. શેરબજારમાં આવેલા આ ઘટાડાથી રોકાણકારોને એક જ સેશનમાં ૧૫.૫૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૨૨૨૨ પોઈન્ટ ઘટીને ૭૮,૭૫૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૬૨ પોઈન્ટ ઘટીને ૨૪,૦૫૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. બજારના આ ઘટાડાને કારણે ભારત ફોર્જ ૬.૧૮ ટકા, મધરસન ૯.૧૮ ટકા, LIC હાઉસિંગ ફાઈનાન્સ ૮.૩૪ ટકા, ટાટા મોટર્સ ૭.૩૧ ટકા, Mphasis 4.43 ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૪.૧૯ ટકા, હિન્દુસ્તાન કોપર ૬.૭૧ ટકા, નોલ્કો ૬.૬૨ ટકા, SAIL ૭૬ ટકા, ઓએનજીસી ૬.૦૧ ટકા, જીએમઆર એરપોર્ટ ૫.૬૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. આજનો દિવસ છેલ્લા ૫૭ વર્ષમાં તાઈવાનના શેરબજાર માટે સૌથી ખરાબ ટ્રેડિંગ દિવસ સાબિત થયો છે. એશિયન બજારોમાં જાપાનનું સૌથી અગ્રણી બજાર Nikkei ૨૨૫ આજે ૧૨.૪ ટકાના જંગી ઘટાડા સાથે બંધ થયું હતું. ૧૯૮૭માં બ્લેક મન્ડે પછીનો આ સૌથી મોટો વન-ડે ઘટાડો સાબિત થયો છે. જાપાનમાં પણ ૩૭ વર્ષનો ઘટાડાનો ઐતિહાસિક રેકોર્ડ તૂટી ગયો હતો. જ્યારે અમેરિકન બજારોમાં બેરોજગારીનો દર અને કેટલાક અન્ય આર્થિક આંકડાઓ અપેક્ષા કરતા વધુ ખરાબ હતા ત્યારે અમેરિકામાં મંદીનો ભય સમગ્ર વિશ્વ માટે ખરાબ સંકેત તરીકે આવ્યો હતો જે શુક્રવારથી શરૂ થયેલ ઘટાડાનું સુનામી આજે 'બ્લેક મન્ડે'માં ફેરવાઈ હતી. શુક્રવારથી વૈશ્વિક શેરબજારોમાં વેચવાલીનો ટ્રેન્ડ હતો, જે આજે વૈશ્વિક સેલઓફમાં પરિવર્તિત થયો હતો.

---

## વન વિભાગની ભરતી પરીક્ષા આપ્યા બાદ ઉમેદવારોનો વિરોધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ગુજરાતમાં વન વિભાગની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. બે દિવસ પહેલાં કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ (CBRT) અને નોર્મલાઈઝેશન મેથડના કારણે અન્યાય થયાની ઉમેદવારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આજે ફોરેસ્ટ બીટ ગાર્ડના ઉમેદવારો ગાંધીનગરના રામકથા મેદાને ભેગા થયા હતા. ઉમેદવારો દ્વારા નોર્મલાઈઝેશન સાથે માર્ક્સ જાહેર કરવા અને તમામ ઉમેદવારોના રિઝલ્ટ PDF પ્રમાણે જાહેર કરવાની માંગ કરાઈ છે. ગાંધીનગરના રામકથા મેદાન ખાતે ઉમટેલા ઉમેદવારોએ કહ્યું હતું કે, ગૌણ



સેવા પસંદગી મંડળ દ્વારા, ભરતી પરીક્ષાઓ CBRT પદ્ધતિ દ્વારા લેવામાં આવી છે. આ પદ્ધતિનો ગુજરાતમાં પહેલી વાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલાં કહેવામાં આવતું હતું કે, CBRT દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય છે. છેલ્લે લેવાયેલ તમામ પરીક્ષાઓમાં અનેક છબરડા સામે આવ્યા છે. પ્રાઈવેટ એજન્સી દ્વારા જે કોન્ટ્રાક્ટ ધોરણે કામ આપવામાં આવે છે.તેને ગુજરાતી ભાષાનો કોઈ અનુભવ નથી હોતો.

## માતાના હત્યાના આરોપમાં દીકરાને આજીવન કેદની સજા

। (એજન્સી) લુધિયાણા, તા.૫ ।

લુધિયાણાના સ્થાનિક કોર્ટે એક વ્યક્તિને તેણી માતાના હત્યાના આરોપ માં આજીવન કેદની સજા ફટકારી છે. માતાએ બટાટા અને કોબીજને બદલે ભીંડાનું શાક બનાવી દીધું હતું. આનાથી ગુસ્સે થઈને તેના કપૂત પુત્રએ એવું કર્યું હતું કે જે કોઈ દુશ્મન સાથે પણ ન કરી શકે. પુત્રએ ગુસ્સામાં આવીને તેણી માતાને ઉપાડીને છત પરથી નીચે ફેંકી દીધી હતી. ત્યારબાદ જ્યારે તેની માતા શેરીમાં ઘાયલ પડી હતી, ત્યારે તેણે તેના માથા પર લોખંડના સળિયા વડે માર માર્યો હતો. પંજાબના ઔદ્યોગિક શહેરોમાંથી એક લુધિયાણામાં એક પુત્ર



પર તેની માતાની હત્યાનો આરોપ છે. આ સનસનીખેજ ઘટનાથી આસપાસના લોકો પણ સ્તબ્ધ છે. હત્યા પાછળનું કારણ પણ ચોંકાવનારું છે. માતાએ બટેકાને બદલે માત્ર ભીંડાનું શાક બનાવ્યું હતું જેમાં તેનો પુત્ર ગુસ્સે થઈ ગયો હતો અને માતાની હત્યા કરી દીધી હતી. સ્થાનિક અદાલતે હવે તેને તેની માતાની હત્યા કરવા બદલ પુત્રને આજીવન કેદની સજા સંભળાવી છે.

## દેશના અનેક રાજ્યોમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

મેઘરાજાએ ઓગસ્ટમાં મહિનામાં પણ ધમાકેદાર બેટિંગ કરવાનું ચાલુ રાખતાં અનેક રાજ્યોના લોકોના હાલ બેહાલ બની ગયા છે. મહારાષ્ટ્રના નાશિક શહેરમાં ભારે વરસાદ બાદ ગોદાવરી નદી ગાંડીતૂર બની છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી ગયા છે તો નદી કિનારે આવેલાં મંદિરો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જેના કારણે ભગવાનના દર્શન માટે આવેલાં ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. અંબાલાલ પટેલે એવી આગાહી કરી છેકે, આગામી દિવસોમાં ગુજરાત સહિત ભારતભરમાં વરસાદનો વેગ વધશે. આ વખતે દેશના અનેક રાજ્યો જળતરબોળ થઈ જશે. ઓગસ્ટમાં પણ મેઘરાજા રોકાવાના નથી, ચાલુ જ રહેશે ધુઆંધાર બેટિંગ. મહારાષ્ટ્રના પુણે વિસ્તારમાં પણ પૂરના કારણે લોકો હેરાન-પરેશાન છે. ભારે વરસાદ બાદ ખડકવાસલ ડેમમાંથી પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારમાં આવેલ એકતા નગરમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. કેટલાક વિસ્તારમાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા માટે NDRFની ટીમ તહેનાત ખડેપગે છે. ડેમમાંથી ૪૫,૦૦૦ ક્યુસેક કરતાં વધારે પાણી મુઠા નદીમાં છોડવામાં આવ્યું છે. જેના કારણે નદીમાં પાણીનો પ્રચંડ પ્રવાહ જોવા મળી રહ્યો છે. જે નીચાણવાળા વિસ્તારના લોકોને ડરાવી રહ્યો છે. મહારાષ્ટ્રની નદીઓ તોફાને ચઢી છે. તો મુંબઈમાં દરિયાએ પણ રૌદ્ર રૂપ ધારણ કર્યું છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે મુંબઈમાં ભારે વરસાદ બાદ દરિયામાં હાઈટાઈડ જોવા મળી રહી છે. મધ્ય પ્રદેશના જબલપુરના છે. અહીંયા ડેમમાંથી પાણી છોડવામાં આવતાં નર્મદા નદી બેકાંઠે વહી રહી છે. નદીકિનારે આવેલી અનેક દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. તો અનેક નીચાણવાળા વિસ્તારોમાં પણ નર્મદાના પાણી ફરી વળ્યા છે. જબલપુરમાં ભેડાઘાટ જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે ત્યારે સ્થાનિક પ્રશાસન લોકોને પાણીવાળી જગ્યાએથી દૂર રહેવાની અપીલ કરી રહ્યું છે. ઝારખંડના રાંચીમાં પણ ભારે વરસાદ બાદ જળાશયો અને વોટરફોલ નવા નીરથી છલકાઈ ગયા છે. વોટરફોલ જીવંત થતાં લોકો મોટી સંખ્યામાં તેને નિહાળવા પહોંચી રહ્યા છે અને તેનાં મનોરમ્ય દ્રશ્યોનો અહેસાસ કરીને રોમાંચનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગે દેશના અનેક રાજ્યોમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરી છે. જેના કારણે આ રાજ્યોમાં હજુ પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળશે અને લોકોને જળતાંડવનો સામનો કરવો પડશે.

## તંત્રી લેખ...

# માર્ગ અકસ્માતમાં મૃત્યુના મામલે ભારત પહેલા સ્થાને

વિશ્વમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુના મામલે ભારત પહેલા સ્થાને છે. ત્યારબાદ ચીન અને અમેરિકા છે. ભારતમાં દરરોજ સરેરાશ ૪૫૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. જેના કારણે માર્ગ પર ચાલતો કોઈપણ વ્યકિત પોતાને સુરિક્ષત માનતો નથી. કેટલાક કિસ્સાઓમાં રાહદારીની કોઈ ભૂલ ન હતી અને પૂરપાટ આવતા વાહને તેને ચગદી કાઢયાનું જોવા મળે છે. માર્ગ પર થતા અકસ્માતોમાં ૭૦ ટકા મૃત્યુનું કારણ વાહનની ઝડપ અને બેદરકારીભર્યુ ડ્રાઈવિંગ જવાબદાર હોય છે. માર્ગ અકસ્માતની અસર વ્યાપક હોય છે. જેમાં અકસ્માતમાં એક કે બે લોકોના મૃત્યુ થવા સામે અન્ય ૧૦થી ૧૨ ઈજાગ્રસ્તોમાં કદાચ જીવનભર દિવ્યાંગતાનો શિકાર બનવું પડતું હોય છે.કેન્દ્રિય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ભારતમાં સડક દુર્ઘટના-૨૦૨૨ નામથી એક રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. આ રિપોર્ટનુસાર વર્ષ ૨૦૨૨માં ભારતમાં કુલ ૪.૬૧ લાખ માર્ગ અકસ્માત થયા હતા. જેમાં ૧.૬૮ લાખ લોકોના મોત અને ૪.૪૩ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૧ની તુલનામાં માર્ગ અકસ્માતોમાં ૧૧.૯ ટકા અને અકસ્માતમાં મૃત્યુના મામલ. ૯.૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૨માં થયેલ માર્ગ અકસ્માતમાં લગભગ ૬૮ ટકા ગ્રામીણ અને ૩૨ ટકા શહેરી વિસ્તારોનો સમાવેશ થાય છે. માર્ગ અકસ્માતો ઘટાડવા માટે લોકોને આ અંગે જાગૃત કરવા અને ટ્રાફિકના નિયમ પાલન માટે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શાળા, કોલેજોના અભ્યાસક્રમોમાં માર્ગ સુરક્ષા અંગેની જાણકારીઓ જોડવામાં આવી છે. અકસ્માત બાદનો એક કલાક દર્દીને બચાવવા માટે મહત્વનો હોય છે. જેને મેડીકલ ટર્મમાં ગોલ્ડર અવર કહેવાય છે. આથી કેશલેસ સારવાર નજીકની હોસ્પિટલમાં કરાવવા માટે યોજના મૂકવામાં આવી છે. માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર ઘટાડવા સરકાર સુધારાઓ કરવા સાથે નીતિગત સુધારણા અને સુરિક્ષત પ્રણાલીઓને અપનાવી રહી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય માર્ગો પર ઝીરો અકસ્માતનું લ-ય પ્રાપ્ત કરવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. જેમાં માર્ગ અકસ્માત સંભવિત ક્ષેત્રની ઓળખ કરવા અને તેના સમાધાન માટે ૧૪ હજાર કરોડ રુપિયાનો સરકાર ખર્ચ કરશે. ઉલ્લેખનીય છે કે, માર્ગ પરના ચોકડી વિસ્તારોમાં આવેલા ચ્હા-નાસ્તાના સેન્ટર વિસ્તારમાં વધુ અકસ્માત નોંધાયા છે. દેશભરમાં નોંધાયેલા કુલ અકસ્માત પૈકી ૩૭ ટકા આવા ચોકડી વિસ્તારોના છે.

# દેશની રાજકીય દિશા અને આર્થિક દશા મધ્યમ વર્ગ નક્કી કરે છે

ભારત તેની આર્થિક યાત્રાના ઉબડખાબડ રસ્તા પર એક મહત્વના વળાંક પર ઊભું છે. નિમ્ન-મધ્યમ આવક ધરાવતા અર્થતંત્ર તરીકે સાંપ્રત સમયમાં આ રાષ્ટ્ર નોંધપાત્ર પડકારોની સાથે સાથે અપાર તકોના ગુલદસ્તા સામે ઉભું છે. વર્લ્ડ બેંક દ્વારા પ્રકાશિત વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૨૪ એક મહત્વના મુદ્દા તરફ આપણું ધ્યાન દોરે છે જે છે મધ્યમવર્ગની આવકનો પ્રશ્ન. આ એક એવું સ્ટેજ છે જ્યાં દેશો આવકના એક ચોક્કસ સ્તરે પહોચી જાય તેના પછી જે તે દેશની આર્થિક વૃદ્ધિ અટકી જાય છે. ભારત માટે આ અહેવાલ એક વોર્નિંગ સમાન છે અરણ કે ભારત પાસે સૌથી વધુ મધ્યમ વર્ગીય પરિવારો છે. દેશની રાજકીય દિશા અને આર્થિક દશા આ જ વર્ગ નક્કી કરે છે, ભલે ને દેશના એક ટકા તવંગરો પાસે દેશની પચાસ ટકા સંપત્તિ હોય. સમય પાકી ગયો છે કે ભારત તેના તમામ નાગરિકો માટે સમૃદ્ધ ભાવિ સુનિશ્ચિત કરવાની ચાવી તરીકે સર્વસમાવેશક વૃદ્ધિ, ગુણવત્તાયુક્ત માનવ સંસાધન વિકાસ અને નાવીન્યપૂર્ણ અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ-૨૦૨૪ એ હાઈલાઈટ કરે છે કે ૧૦૮ મધ્યમ આવક ધરાવતા દેશો એટલે વિશ્વની કુલ વસ્તીના ૭૫%, જે વૈશ્વિક જીડીપીના ૪૦% પેદા કરે છે અને વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ૬૦% યોગદાન આપે છે, આ સમુદાયનું નોંધપાત્ર આર્થિક યોગદાન હોવા છતાં, આ દેશો એક સામાન્ય મૂંઝવણનો સામનો કરે છે, ઉચ્ચ આવકનો દરજ્જો પ્રાપ્ત કરતા પહેલા સ્થિરતાનું જોખમ. અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે વર્તમાન ગતિએ, યુનાઈટેડ સ્ટેટ્સની માથાદીઠ આવકના એક ક્વાર્ટર એટલે માત્ર ચોથા ભાગ સુધી પહોંચવામાં ચીનને ૧૦ વર્ષ, ઈન્ડોનેશિયાને ૭૦ વર્ષ અને ભારતને ૭૫ વર્ષ લાગી શકે છે. આ અંદાજ ભારત જેવા મધ્યમ આવક ધરાવતા દેશો માટે વ્યૂહરચના અપનાવવાની તાકીદને રેખાંકિત કરે છે. ભારતે તેમના આર્થિક વિકાસને વેગ આપવાની જરૂર છે અને આર્થિક અસ્થિરતાના કોઈ પણ વિષચક્રમાં ફસાવવાનું નથી તે ધ્યાન રાખવાનું છે, પાછલા ૫૦ વર્ષના અનુભવ પરથી વર્લ્ડ બેંક માને છે કે જ્યારે દેશોની માથાદીઠ જીડીપી અમેરિકાની આવકના માત્ર દસ ટકા સુધી પહોંચે છે, ત્યારે તે દેશ મોટાભાગે વિકાસની મહત્તમ મર્યાદા સુધી પહોંચી ગયો હોય છે. આ એ બિંદુ છે જેને અર્થશાસ્ત્રીઓ મિડલ-ઈક્રમ ટ્રેપ કહે છે અને આ ટ્રેપ-છટકું વધુ આર્થિક પ્રગતિને અવરોધે છે તથા આ દેશોને ઉચ્ચ આવક ધરાવતી અર્થવ્યવસ્થામાં પ્રગતિ કરતા અટકાવે છે. ઈ. સ. ૨૦૨૩ના અંત સુધીમાં, વર્લ્ડ બેંકે આ અનિશ્ચિત મિડલ-ઈક્રમની શ્રેણીમાં ૧૦૮ દેશોની ઓળખ કરી, જેમાં માથાદીઠ વાર્ષિક જીડીપી ૧,૧૩૬ અને ૧૩,૮૪૫ ડોલર ની વચ્ચે છે. ભારત સહિત આ દેશો આંતરિક આર્થિક અક્ષમતાઓને દૂર કરવા ઉપરાંત વસ્તીવધારો, ધાર્મિક અસ્થિરતા અને પરમ્પરાગત ઊર્જાસ્ત્રોતોને કારણે વધતા બોજા જેવા ઘણા પડકારોનો સામનો કરી રહ્યા હોય છે, દેશોને મિડલ-ઈક્રમ ટ્રેપમાંથી બચાવવાના હેતુ સાથે વર્લ્ડ બેંક રોકાણ, ટેકનોલોજીનો ઉપયોગ અને આધુનિક અભિગમના વ્યૂહાત્મક મિશ્રણની હિમાયત કરે છે - જેને થ્રી-આઈ અભિગમ કહેવાય છે. ત્રણ આઈ- એટલે ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્યુઝન ઓફ ટેકનોલોજી અને ઈન્નોવેશન. ઈ. સ. ૨૦૨૨ માં ૨,૩૯૦ ડોલરની માથાદીઠ આવક ધરાવતો દેશ ભારત ઈન્વેસ્ટમેન્ટ અને ટેક્નોલોજીમાં રોકાણ કરે તે જરૂરી છે. ભારત સૌથી મોટી યુવા વસ્તી ધરાવે છે, જેને ઘણી વખત તેના ડેમોગ્રાફિક ડિવિડન્ડ તરીકે ઓળખવામાં આવે છે. જો કે, આ વસ્તી વિષયક લાભ બેધારી તલવાર છે. જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે ભારતને આર્થિક વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છેત જો ઉપેક્ષા કરવામાં આવે તો, આ જ લાભ સામાજિક અશાંતિ અને આર્થિક અસ્થિરતા તરફ દોરી શકે છે. આ વસ્તી વિષયક ડિવિડન્ડનો સંપૂર્ણ લાભ લેવા માટે, ભારતે નવીનતા અને સંશોધન અને વિકાસને પ્રાથમિકતા આપવી જોઈએ.

---

**રુદ્રીનાં આઠ અધ્યાય છે, એટલે તેને અષ્ટાધ્યાયી પણ કહેવામાં આવે છે.આ સ્તુતીમાં રુદ્ર ની જે મુખ્ય આઠ મૂર્તિઓ છે**

# વેદમાં રુદ્રની આઠ મૂર્તિઓ છે, પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને આત્મા તેના સ્વરૂપોનું વર્ણન





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શિવ વિશે વાત કરીએ તો શિવએ સમસ્ત વિદ્યાઓ ના જ્ઞાતા છે. જયોતિષ શાસ્ત્ર, યોગ શાસ્ત્ર, નૃત્યવિદ્યા, વ્યાકરણ વગેરેના પ્રવર્તક ભગવાન શિવ છે, વૈદિક, પૌરાણીક, સાંસારીક કે શાસ્ત્રને લગતી તમામ બાબતોમાં શિવ તત્વ જ વિદ્યમાન છે, અને શ્રેષ્ઠ ફળ આપનાર છે, આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂત માંથી બનેલા આ શરીર ને બાહ્ય પ્રકૃતિમાં જે સ્થિત છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ મહિનો ભગવાન શંકરની આરાધનાનો મહિનો કહેવામાં આવે છે. ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ આરામ ફરમાવતા હોવાથી, લોકો શંકરની આરાધના કરે છે. હિન્દુ ધર્મની માન્યતા મુજબ શિવજી જ્યાં જ્યાં સ્વયં પ્રગટ થયા તે બાર જગ્યાઓને જ્યોતિર્લિંગના સ્વરૂપમાં પૂજવામાં આવે છે. ભગવાન શંકરની વિશેષ આરાધના તરીકે આપણે રુદ્રી પાઠને સ્વીકાર્યો છે. હિન્દુ સનાતન ધારા મુજબ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ, થકી આ સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ અને તેનું વિસર્જન છે. કહેવાય છે કે બ્રહ્માજી દ્વારા જીવ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે, વિષ્ણુ દ્વારા તેનું પાલનપોષણ થાય છે, અને ભગવાન શિવ દ્વારા તેનું વિસર્જન એટલે કે તેનો સંહાર થાય છે. પરંતુ ભગવાન શિવને સંહાર કરવો ગમતો નથી, પણ આ તેનું કર્તવ્ય કર્મ છે, કારણ કે જીવ જન્મે ખરો, પરંતુ મૃત્યુ ન થાય તો પરિસ્થિતિ બેકાબૂ બની જાય, અને સમગ્ર સૃષ્ટિનું કાર્ય ખોરંભે પડી જાય, એટલે ભગવાન શંકર દ્વારા પોતાને સોપાયેલું આ કર્તવ્ય કર્મ કરુણાથી થાય છે, અને એટલે જ તેને કરુણા સાગર કહેવામાં આવે છે. પરંતુ દરેક જીવનાં સંહાર સમયે તેમની આંખમાંથી આંસુ પડે છે, અને આ રુદનને કારણે જ તેનું નામ રુદ્ર પડ્યું છે, હાલાકી તેને સંહાર માટે રૌદ્ર સ્વરૂપ ધારણ કરવું પડે છે, એ પણ છે. તો આજે આપણે શ્રાવણ મહિનાના પ્રારંભે તેની આરાધના તરીકે સ્વીકારવામાં આવેલી રુદ્રી કે રુદ્રાભિષેકના પાઠના મહાત્મ્ય વિશે ચિંતન કરીશું. ભગવાન શંકર આમ તો ઘણા બધા નામથી ઓળખાય છે,પણ ભોળાનાથ કહેવાય છે. કારણ કે એને સીધી સાદી આરાધનાથી પ્રસન્ન કરી શકાય છે. આમ તો દૂધ પાણીના અભિષેક માત્રથી એને પ્રસન્ન કરવાની કોશિશ કરવાના જે મંત્રો છે તેને રુદ્રી પાઠ કહેવામાં આવે છે, અને તેના દ્વારા ભગવાન શિવ શંકરના સ્વરૂપ તરીકે સ્વીકારાયેલા શિવલિંગ પર દૂધ અને પાણીનો અભિષેક કરવામાં આવે છે, બીલીપત્ર ચઢાવવામાં આવે છે, કાળા તલ ચડાવવામાં આવે છે, અને આ રીતે આ રુદ્રી પાઠ સંપન્ન કરવામાં આવે છે.વેદોમાં રુદ્રી અંગેના જે મંત્રો છે, તેને શુક્લ યજુર્વેદીય, કૃષ્ણ યજુર્વેદીય, રુગ્વેદીય મંત્રો કહે છે. રુદ્રી નાં આઠ અધ્યાય છે, એટલે તેને અષ્ટાધ્યાયી પણ કહેવામાં આવે છે. આ સ્તુતીમાં રુદ્રની જે મુખ્ય આઠ મૂર્તિઓ છે, પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને આત્મા, તેના સ્વરૂપોનું વર્ણન છે.

અધ્યાય પ્રમાણે સ્તુતી નીચે મુજબ છે : પ્રથમ અધ્યાયમાં ગણપતિ ભગવાનની સ્તુતી છે. બીજા અધ્યાયમાં ભગવાન વિષ્ણુની સ્તુતી છે. ત્રીજા અધ્યાયમાં ઈન્દ્રની સ્તુતી છે. ચોથા અધ્યાયમાં સૂર્યનારાયણની સ્તુતી છે. પાંચમો અધ્યાય તે હાર્દ છે તેમાં રુદ્રની સ્તુતી છે. છઠ્ઠા અધ્યાયમાં મૃત્યુંજયની સ્તુતી છે. સાતમાં અધ્યાયમાં મરૂત દેવતાની સ્તુતી છે અને, આઠમા અધ્યાયમાં અગ્નિ દેવતાની સ્તુતી છે.

આમ આઠ અધ્યાયમાં તમામ દેવતાની સ્તુતિ થઈ જાય છે. શિવ સર્વ દેવોમાં વ્યાપ્ત હોય છે, તેમજ શિવલિંગમાં સર્વ દેવોનો સમાવેશ થઈ જતો હોયને શિવલિંગ પર અભિષેક કરતા આ આઠે-આઠ અધ્યાય બોલી શકાય છે. પંચમ અધ્યાય કે જેમાં રુદ્રની સ્તુતિ છે, એ સ્તુતીનો મુખ્ય ભાગ છે, તેમાં ૬૬ મંત્ર છે. એકથી ચાર અધ્યાયનો પાઠ થયાં પછી પાંચમા અધ્યાયનો અગિયાર વખત આવર્તન કરવાથી, અને ત્યારબાદ છ સાત,અને આઠ અધ્યાયના એમ પઠનથી એક રુદ્રી થઈ ગણાય. આ વાત થઈ રુદ્રીની, પરંતુ આપણા મનમાં સવાલ થાય કે, આપણે ભગવાન શંકરની જ રુદ્રી ને શું કામ સ્વીકારી છે?અને એ પણ એક માસ માટે? અન્ય દેવી-દેવતાઓના તિથિ વાર પ્રમાણે પૂજન કીર્તન થતાં હોય છે. માતાજીના નવ દિવસની નવરાત્રી હોય છે, જ્યારે ભગવાન શંકર માટે આખો મહિનો ભક્તિ કરવા માટે હોય છે, એવુ શું કામ? તત્વતઃ ઈશ્વર એક જ છે, એ વાત પૂર્ણતઃ સત્ય છે. પરંતુ આજકાલ સૌની જીંદગી સતત માનસિક તણાવ ભરી થઈ ગઈ છે, અને એમાં હકારાત્મકતા આવે એની માટે થઈને જે પૂજા પાઠ કરવામાં આવે છે, સાધન, સામગ્રી, અને સમય ત્રણેય નો બહુ ઓછું યોગદાન હોય,અને છતાં ઈશ્વરની પ્રતીતિ થાય, એવી ઉપાસનાને સ્વીકારવી જોઈએ, અને એટલે જ આપણે ભગવાન શંકરની શ્રાવણ મહિનામાં રુદ્રી કરીએ છીએ, કે જેનું નાના પાયે ઘર મેળે પણ આયોજન થઈ શકે,અને પંડિત કે યજમાન શાસ્ત્રી વગર પોતે પણ પાઠ કરીને કરી શકે છે. શિવ વિશે વાત કરીએ તો શિવએ સમસ્ત વિદ્યાઓ ના જ્ઞાતા છે. જયોતિષ શાસ્ત્ર, યોગ શાસ્ત્ર, નૃત્યવિદ્યા, વ્યાકરણ વગેરે ના પ્રવર્તક ભગવાન શિવ છે. વૈદિક, પૌરાણીક, સાંસારીક કે શાસ્ત્રને લગતી તમામ બાબતોમાં શિવ તત્વ જ વિદ્યમાન છે, અને શ્રેષ્ઠ ફળ આપનાર છે. આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂત માંથી બનેલા આ શરીર ને બાહ્ય પ્રકૃતિમાં જે સ્થિત છે, એ પંચ પ્રાણ આપણા પંચ-પ્રાણ સાથે સંતુલન જાળવે, ત્યાં સુધી આપણે સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ. પરંતુ ભગવાન શંકરની આરાધનાથી આપણાં શરીરનું સંચાલન કરતા દશ પ્રાણ યથા સમયે, યથા શક્તિ, સુદર રીતે કાર્ય કરે તો જ આપણે નિર્વિકાર જીવન જીવી શકીએ છીએ.આપણા શરીરનું સંચાલન 'પ્રાણ, અપાન , વ્યાન , સમાન , ઉદાન , નાગ, કૂર્મ , ક્રિકલ , દેવદત્ત , ધનંજય' આ દશ પ્રકારનાં પ્રાણથી થાય છે. આપણે જાણીએ જ છીએ કે જયારે 'પ્રાણ' શરીરમાંથી ચાલ્યાં જાય ત્યારે માત્ર ડેડબોડી એટલે કે શબ જ બાકી રહે છે. ઉપર દર્શાવેલ વિવિધ પ્રકારનાં પ્રાણમાંથી કોઈ લોહીના પરિભ્રમણનું કાર્ય કરે છે. તો કોઈ શરીર માટે નકામા વિષ દ્રવ્યોને દૂર કરવાનું, કોઈ આંખની પાંપણ ખોલબંધ કરવાનું સૂક્ષ્મ કાર્ય કરે છે, કોઈ હદયના ધબકારા નિયંત્રિત કરે છે,તો કોઈ મગજને જોયેલા સાંભળેલ દ્રશ્ય કે શબ્દ મુજબ ઓર્ડર આપે છે, આમ દસ પ્રાણ થકી જ આપણે જીવંત અને કાર્યશીલ રહી શકીએ છીએ, માટે ભગવાન શંકરને રુદ્રાભિષેક કરવામાં આવે છે. તો આ શ્રાવણ માસ દરમિયાન આપણે સૌ રુદ્રી પાઠના આ શ્લોકનું મહત્વ અને મહાત્મ્ય જાણીએ એ રીતે રુદ્રી પાઠ કરીએ. ભગવાન શંકરને શુદ્ધ, દૂધ કે પાણી ઉપરાંત શુદ્ધ મન દ્વારા અભિષેક કરીને, મનની શાંતિ માટે અભ્યર્થ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**શ્રાવણ માસમાં શિવ મહિમા-૨ : શિવલિંગ-પૂજન અર્ચન વિધિનો મહિમા જાણવાનો પ્રયત્ન કરીશું**

# સંપૂર્ણ જગતનો આધાર છે શિવ, સંપૂર્ણ બ્રહ્માંડ લિંગ રૂપ માં છે શિવ અને જલધારી પૃથ્વીના સ્વરૂપમાં પણ છે શિવ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે આપણે શિવ લિંગ પૂજન અર્ચન વિધિ વિશે જાણવા પ્રયત્ન કરીશું શિવલિંગ વિશે જાણકારી શિવનો અર્થ થાય છે, કલ્યાણ કરનારા અને લિંગનો અર્થ થાય છે, તેથી શિવ લિંગ પૂજામાં આપને આપના સંપૂર્ણ જગતના નિર્માતા સર્વ શક્તિમાન શિવની પૂજા કરે છે, શિવલિંગ ભગવાન શિવની નિરા કાર રૂપની મહિમાને દર્શાવે છે, શિવ આદિ, અનાડી છે અને અંત પણ છે.**



મેઘરાજાની મહેર વચ્ચે અષાઢ માસ પુરો થયો. ભગવાન સદા શિવ ભોળાનાથની ઉપાસના આરાધનાનો મહિનો શ્રાવણ માસ શરૂ થયો. હિન્દુ ધર્મમાં શ્રાવણ મહિનાનું ખૂબ જ મહત્વ છે. આ મહિનો ભગવાન શિવને સમર્પિત છે. જે પણ વ્યક્તિ શ્રાવણ મહિનામાં ભગવાન શિવની શ્રદ્ધાથી પૂજા કરે છે તેમના ઉપર શિવજી પ્રસન્ન થાય છે. શ્રાવણ માસનો પ્રારંભ થતાની સાથે શિવાલયો શિવોહમ, શિવોહમ, બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા છે, હિન્દુ ધાર્મિક પરંપરામા દેવાધિદેવ મહાદેવની પૂજા-અર્ચના માટે શ્રાવણ માસનું અનેરું મહત્ત્વ પ્રસ્થાપિત થયું છે. હિંદુ ધર્મમાં શ્રાવણ મહિનો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પવિત્ર મહિનામાં ભગવાન શિવની વિશેષ પૂજા કરવામાં આવે છે. શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર શ્રાવણ મહિનાના દરેક સોમવારે ભગવાન શિવની પૂજા અને અભિષેક કરવાથી સાધકને સુખ-સમૃદ્ધિ મળે છે અને જીવનની તમામ પરેશાનીઓ દૂર થઈ જાય છે. વેદ અને પુરાણોમાં શ્રાવણ માસનો મહિમા અનેક રીતે વર્ણવવામાં આવ્યો છે. હિંદુ કેલેન્ડર મુજબ, આ પવિત્ર મહિનો શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષની પ્રતિપદા તિથિથી શરૂ થાય છે. ચાલો જાણીએ કેશિવલિંગના પ્રકારો કેટલા છે અને કઈ રીતે સરળ રીતથી મહાદેવને રીઝવી શકાય છે. શિવ મહાપુરાણમાં લિંગ પ્રાગટ્ય લીંગ પુજા અને લિંગ દર્શનનો મહિમા છે. જે મહિમાથી ફળની પ્રાપ્તી થાય છે. ભૂવનમાં સર્વ દેવતાઓની પૂજા મૂર્તિમાં મૂર્તિ સ્વરૂપે કરવામાં આવે જયારે મહાદેવની પુજા બે રીતે મૂર્તિ સ્વરૂપે અને નિરાકાર લિંગ સ્વરૂપે પણ પૂજા કરવાનો મહિમા છે. ભગવાન મહાદેવ શિવ આકાર પણ છે. નિરાકાર પણ છે. અને ૐકાર પણ છે. સગુણ પણ છે. નિર્ગુણ પણ છે. ભૂવનના દેવતાઓ જીવત્ય છે જ્યારે ભગવાન શિવને બ્રહ્મત્વ છે. આ સૃષ્ટિના દેવતાઓને બ્રહ્મત્વ તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. દેવતાઓને જીવત્વ (જીવતત્ત્વ) જયારે મહાદેવને બ્રહ્મત્વ (બ્રહ્મતત્ત્વ)નું બિરૂદ પ્રાપ્ત થયેલું છે. શ્રાવણ મહિનામાં શિવજીને આરાધના કરવા માટે લોકો શિવલિંગની પૂજા કરે છે. ખાસ કરીને સોમવારના દિવસે શિવલિંગની વિશેષ પૂજા કરવામાં આવે છે. ચાર પહોરની પૂજા આ વર્ષે ઈકોતેર વર્ષે શ્રાવણ માસની શરૂઆત સોમવારથી અને પૂર્ણાહુતિ સોમવારે સોમવતી અમાસના થશે. લોકો શિવલિંગની પૂજા તો કરે છે પરંતુ તેનાથી સંબંધિત કેટલાક રહસ્યોથી લોકો અજાણ હોય છે. શિવલિંગ સાથે કેટલા ગુઢ રહસ્યો જોડાયેલા છે. આ રહસ્ય વિશે જાણશો તો તમારી શ્રદ્ધા અનેક ઘણી બધી જશે. આજે તમને જણાવીએ શિવલિંગ સાથે સંબંધિત આવા જ કેટલાક રહસ્યો વિશે. ગઈકાલે પાર્થિવ શિવલિંગ વિશે જાણકારી મેળવી શિવ મહિમા અંતર્ગત આપણે વિવિધરૂપે શ્રાવણ માસમાં શિવ મહિમા જોઈશું. તો આજે આપણે શિવ લિંગ પૂજન અર્ચન વિધિ વિશે જાણવા પ્રયત્ન કરીશું શિવલિંગ વિશે જાણકારી શિવનો અર્થ થાય છેકલ્યાણ કરનારા અને લિંગનો અર્થ થાય છે તેથી શિવ લિંગ પૂજામાં આપને આપના સંપૂર્ણ જગતના નિર્માતા સર્વ શક્તિમાન શિવની પૂજા કરે છે. શિવલિંગ ભગવાન શિવની નિરા કાર રૂપની મહિમાને દર્શાવે છે. શિવ આદિ,અનાડી છે અને અંત પણ છે. સંપૂર્ણ જગતનો આધાર છે શિવ. સંપૂર્ણ બ્રહ્માંડ લિંગ રૂપમાં છે અને જલધારી પૃથ્વી છે. શબ્દોના ઘણા અર્થ છે. કોટીનો અર્થ પ્રકાર પણ થાય અને કરોડ પણ થાય છે. એવી જ રીતે લિંગ શબ્દના અર્થ પણ ઘણા બધા થાય છે. શિવ મહાપુરાણમાં જે મહિમા છે તેમાં તો કહેવાયું છે કે કરોડ શિવલીંગ છે. અસંખ્ય શિવલિંગો પૃથ્વી, પાતાળ અને સ્વર્ગમાં છે. તેમ મહત્ત્વનાં કેટલાંક શિવલિંગોની અહીં ચર્ચા કરી છે. હજાર સ્વયંભૂ શિવલિંગની પૂજા બરાબર એક જયોતિર્લિંગની પૂજા છે. તેને શિવ લિંગના સબંધમાં જનનાંગના લેવો જોઈએ. શિવની પૂજા શિવલિંગના સ્વરૂપે વર્ષોથી થતી આવી છે. રામાયણ અને મહાભારત કાળમાં પણ શિવ લિંગ પૂજા વિશે જણાવેલ છે શિવ લિંગમાં ત્રીદેવોની શક્તિ નિહિત છે મૂળમાં બ્રહ્માજી,મધ્યમાં વિષ્ણુ અને ઉપર ભગવાન શંકર. જલ ધારીના રૂપમાં શક્તિ.તેથી શિવ લિંગની પૂજાથી દરેક દેવી દેવતાની કૃપા પ્રાપ્ત થાય છે. સમસ્ત દેવી દેવતાની પૂજાની સમાન છે શિવના નિરાકાર શિવ લિંગની પૂજા. શિવ લીંગની પૂજા કરવાથી ધર્મ અર્થ કામ અને મોક્ષ દરેકની પ્રાપ્તિ થાય છે. જયારે આ સંપૂર્ણ જગતનો નાશ થશે તો શિવ લિંગમાં સમાઈ જશે અને પછી આ જ શિવલિંગ થી નવા સંસારની શરૂઆત થશે પૂજન વિધિ શૌનકજીએ પૂછ્યું; હે સુતજી! પ્રભુ સદા શિવના લિંગ ની સ્થાપના કઈ રીતે કરવી ? તેના લક્ષણો શા છે? તેનું પૂજન કઈ રીતે કરવું..? ક્યા દેશમાં અને ક્યા કાળમાં કઈ રીતે કરવું તેની સમજૂતી આપો સુતજીએ કહ્યું; હે મુનિઓ લિંગની સ્થાપના યોગ્ય સમયે, પવિત્ર, મંગલ અને જ્યાં પૂજન થઈ શકે તેવા સ્વચ્છ સ્થળે કરવાની હોય છે.લિંગ બનાવવા માટે પથ્થર,ધાતુ અથવા ઉત્તમ માટીનો ઉપયોગ કરાય.ચર લિંગ હોય તો નાનું અને એકાદ આંગળ જેટલું રાખવું,જયારે અચર કરવું હોય તો લિંગનું માપ બાર આંગળ જેટલું રાખવું યોગ્ય ગણાય. સદા શિવની પુજા ષોડશોપચાર વિધિ થી એટલેકે આહવાન,આસન અર્ધ્ય પાધ્ય, આચમન, સ્નાન, ગંધ વસ્ત્ર, ધૂપ, પુષ્પ, દીપ, નૈવેધ, આરતી પાનબીડું, નમસ્કાર અને વિસર્જન એમ સોળ પ્રકારથી પૂજન કરવું આમ કરવાથી શિવ પદ પ્રાપ્ત થઈ શકે પૂજન બાદ પ્રતિદિન રોજ દસ હજાર જાપ કરવાજો ન બની શકે તો સવારસાંજ મળીને એક હજાર જેટલા તો જાપ કરવા જ જોઈએ અને તેમાં પણ હોઠ ફક્ત ઉચ્ચાર પણ સંભળાય નહિ,તે રીતે જપ કરવા. પ્રભુ સદાશિવે કહ્યું કે, ૐ નમઃ શિવાય નો જપ કરવો. જેથી ઉત્તમ ફળ પ્રાપ્ત થઈ શકે છે. ભગવાન સદાશિવે પૃથ્વી પર વસવાટ કરતા લોકોના મોક્ષ માટે અનેક મંગલ પવિત્ર શિવક્ષેત્રો રચેલા છે. સરસ્વતી જે આઠ મુખ વાળી છે, તેના તટે વાસ કરવાથી બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે.સો મુખ વાળી ગંગા નદીના કાઠે વસેલું કાશી, જયાં પવિત્ર તીર્થો આવેલા છે. દસ મુખવાળી, શૌણભદ્ર, ચોવીસ મુખવાળી નર્મદા બાર મુખવાળી કૃષ્ણાવાણી, દસ મુખ વાળી, તુંગભદ્રા, નવ મુખવાળી, સુવર્ણમુખરી, સત્તાવીસ મુખવાળી, કાવેરી વગેરે નદીઓ પવિત્રગણાય છે અને તેના પવિત્ર તટે ધણા તિર્થ સ્થળો આવેલા છે તે બધા સદા શિવના પવિત્ર તીર્થક્ષેત્રો છે. શ્રાવણ માસ શરૂ થયો શિવ પૂજા અભિષેક શિવાલયોમાં ચાલુ જ છે ભાવિક શિવ ભક્તિમાં આ વર્ષે અનેરો ઉત્સાહ ઉમંગ છે. ભગવાન સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે

## અલ્લુ અર્જુને બતાવેલી ખામીને ડાયરેક્ટર નિખિલ અડવાણીએ ઉદાહરણ સાથે સમજાવી

સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે. તેલુગુ સુપર સ્ટાર અલ્લુ અર્જુનને યાદ



કરીને નિખિલ અડવાણીએ કહ્યું,“અલ્લુ અર્જુને એક વખત બોલિવૂડના એક ગંભીર મુદ્દા વિશે ધ્યાન દોર્યું હતું, તમે બધાં ભૂલી ગયા છો કે હિરો કઈ રીતે બનાય.” આગળ નિખિલે સાઉથ ઈન્ડિયન ફિલ્મોની સફળતા વિશે કહ્યું કે સાઉથની ફિલ્મોને ખરું હિરોઈઝમ શું છે તે ભાવ સમજાય છે, પાણીની સિંચાઈ જેવા એક ગંભીર અને નિરસ વિષય પર પણ તેઓ એક રસપ્રદ ફિલ્મ બનાવી શકે છે. તેઓ આવા વિષયને પણ એટલી જોરદાર એક્શન અને હિરોઈક મોમેન્ટ્સ સાથે પેકેજ કરે છે કે ઓડિયન્સ તેની સાથે ઊંડાણપૂર્વક જોડાઈ જાય છે.“લોકો માને છે કે સાઉથનું સિનેમા એટલે દંતકથાઓ અને એવું બધું, પરંતુ તેઓ જનતાના મનની લાગણીનો હાર્દ સમજે છે.” બોલિવૂડના ભૂતકાળ વિશે વાત કરતાં નિખિલે ‘કાલિયા’ અને ‘કૂલી’ જેવી ફિલ્મોનો ઉલ્લેખ કર્યો, જેમાં અમિતાભ બચ્ચન લાર્જર ધેન લાઈફ હિરો તરીકે ઊભરી આવતા હતા. આ સાથે તેમણે શાહરૂખ ખાનના ‘કભી હા કભી ના’ જેવી ફિલ્મનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં એક અનકન્વેન્શનલ હિરો છતાં આજની ફિલ્મોમાં એવા હિરોનો સ્પિરિટ પણ ગાયબ છે. રસપ્રદ વાત છે કે અલ્લુ અર્જુને તેના પહેલાના ઈન્ટરવ્યુમાં પણ બોલિવૂડની ફિલ્મો માટેનો પ્રેમ વ્યક્ત કર્યો છે. તેણે કહ્યું છે કે ભારતની વિવિધ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો ભાઈઓ જેવા છે.

‘માનસિક રીતે મજબૂત રહેવું ખૂબ જ જરૂરી’

# કેન્સર સામે ઝઝૂમી રહેલી હિના ખાને કરાવ્યું મુંડન

પ્રખ્યાત ટીવી અભિનેત્રી હિના ખાન ત્રીજા સ્ટેજના કેન્સરથી પીડિત છે. અભિનેત્રી સતત તેના સ્વાસ્થ્યના અપડેટ ફેન્સ સાથે શેર કરતી રહે છે. થોડા સમય પહેલા અભિનેત્રીએ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે પોતાના વાળ કપાવવાની માહિતી આપી હતી. કીમોથેરાપી સેશન દરમિયાન વાળ



ખરવા લાગે છે. હવે અભિનેત્રીએ એક લેટેસ્ટ વીડિયો શેર કર્યો છે, જેમાં તે માથું મુંડતી જોવા મળી રહી છે. હિનાએ ઈન્સ્ટાગ્રામ પર વિડિયો શેર કર્યો અને કહ્યું કે તેણે માથું મુંડાવવાનું નક્કી કર્યું કારણ કે તેના વાળ ધીરે ધીરે ખરતા જોઈ ખૂબ જ હતાશાજનક અને તણાવ પૂર્ણ છે. આ સાથે, અભિનેત્રીએ તમામ કેન્સરના દર્દીઓ માટે એક પ્રેરક સંદેશ શેર કર્યો છે અને તેમને માનસિક રીતે મજબૂત રહેવા કહ્યું છે. હિનાએ શેર કરેલા વીડિયોમાં અભિનેત્રી ટ્રીમર વડે માથું મુંડતી જોવા મળી રહી છે. આ સાથે, તેણે ચાહકોને બતાવ્યું કે કેવી રીતે તેના વાળને સ્ટ્રોક કરીને, તેના હાથમાં મુઠ્ઠીભર વાળ આવે છે. હિના વિડિયોમાં કહે છે કે મારા શારીરિક સ્વાસ્થ્ય સાથે જે કંઈ પણ થઈ રહ્યું છે તેના વિશે હું ઘણું કરી શકતી નથી, પરંતુ હું તે બાબતોને નિશ્ચિતપણે ઠીક કરી શકું છું જેના પર મારું નિયંત્રણ છે. જો તમારું માનસિક સ્વાસ્થ્ય સારું હોય તો તમારું શારીરિક સ્વાસ્થ્ય ૧૦ ગણું સારું બને છે. માનસિક સ્વાસ્થ્ય મારા હાથમાં છે. આ પ્રવાસમાં મને શારીરિક પીડા થશે, પરંતુ હું માનસિક રીતે મજબૂત રહેવા માંગુ છું અને કોઈપણ પ્રકારનો તણાવ લેવા માંગતો નથી. આ આખા સત્ર દરમિયાન હિનાએ તેના ચહેરા પરથી સ્મિત જવા ન દીધું અને દરેકને માનસિક રીતે મજબૂત રહેવા વિનંતી કરી. વીડિયોના અંતે, હિના કહે છે, “અલ્લાહ આપણને બધાને શક્તિ આપે” અને ટ્રીમર ઉપાડે છે અને તેના વાળ મુંડાવે છે. હિનાની હિંમત અને હિંમત જોઈને ફેન્સ તેના ફેન બની ગયા છે. તે તેને મેસેજમાં ઘણો પ્રેમ અને પ્રાર્થનાઓ આપી રહ્યો છે.



હિના ખાનને સ્ટેજ થ્રી બ્રેસ્ટ કેન્સર હોવાનું નિદાન થયું છે અને અભિનેત્રી અત્યારે ખૂબ જ પીડામાં

# છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી ઓછી ઓપનિંગ મેળવશે

## ‘ઓરોં મેં કહાં દમ થા’ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે



‘ઓરોં મેં કહાં દમ થા’ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે. એવું કહેવું ખોટું નહીં હોય કે ઘણા લોકોને ખબર પણ નથી કે અજય અને તબ્બુની આવી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. બોલિવૂડ સ્ટાર અજય દેવગણે આ વર્ષે ‘શૈતાન’ જેવી મોટી હિટ ફિલ્મ આપી હતી. પરંતુ આ પછી તેની બીજી રીલિઝ થયેલી ‘મેદાન’ થિયેટરોમાં ખાસ કમાલ ના કરી શકી અને આ મોટા બજેટની ફિલ્મ ફલોપ સાબિત થઈ. અજયના ચાહકોને આશા હતી કે હવે તે ફરી એકવાર તેની નવી રિલીઝ ‘ઓરોં મેં કહાં દમ થા’ સાથે થિયેટરોમાં હિટ કરશે. અને આવી અપેક્ષાઓ કેમ ન હોવી જોઈએ... અજયની સાથે તબ્બુ પણ આ ફિલ્મમાં છે અને બંનેએ ઘણી મોટી હિટ ફિલ્મો આપી છે. ફિલ્મના બંને પાત્રો એક પરિપક્વ રોમેન્ટિક વાર્તા લઈને આવ્યા છે. ‘ઓરોં મેં કહાં દમ થા’ના નિર્દેશક નીરજ પાંડે છે, જેમણે ‘બેબી’ અને ‘સ્પેશિયલ ૨૬’ જેવી મોટી સરપ્રાઈઝ હિટ ફિલ્મો આપી છે. પરંતુ આ નક્કર સંયોજન છતાં અજયની ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ જતી હોય તેવું લાગી રહ્યું છે. અને ફિલ્મના એડવાન્સ બુકિંગના આંકડા આ વાતની સાક્ષી આપે છે... નિર્માતાઓએ પહેલા જ દિવસથી ‘ઓર મે કૌન દમ થા’ માટે ટિકિટો પર ઑફર્સની જાહેરાત કરી હતી. પરંતુ ‘વન વિથ વન ફ્રી’ ટિકિટ હોવા છતાં દર્શકોને અજય અને તબ્બુની ફિલ્મમાં રસ હોય તેવું લાગતું નથી. રાષ્ટ્રીય સાંકળોમાં ફિલ્મનું એડવાન્સ બુકિંગ બોક્સ ઓફિસ પર ફિલ્મની સ્થિતિ વિશે જણાવે છે.

# ‘એનિમલ’ ફિલ્મ પછી તૃપ્તિ ડિમરી સાથે બધાનું વર્તન બદલાઈ ગયું



સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડીમરી ‘ધડક ૨’માં ફરી એક નવી લવસ્ટોરીમાં એક સાથે આવી રહ્યાં છે. તેઓ બંને પહેલી વખત એક ફિલ્મમાં સાથે કામ કરતાં જોવા મળશે. સિદ્ધાંતે એક ઈન્ટરવ્યૂમાં તૃપ્તિ અંગેનો ખુલાસો કર્યો છે કે, તેની કૉ સ્ટાર તૃપ્તિ સાથે ‘એનિમલ’ની રિલીઝ પછી સેટ પર બધાનું વર્તન કઈ રીતે બદલાઈ ગયું હતું. તૃપ્તિએ આ ફિલ્મમાં રણબીર કપૂર સાથે કામ કર્યું હતું અને બધાથી વધુ લાઈમલાઈટ મેળવી હતી. આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે સિદ્ધાંત અને તૃપ્તિ ભોપાલમાં શૂટિંગ કરી રહ્યાં હતાં અને તેઓ પહેલાં જ દિવસે છેલ્લાં શોમાં ફિલ્મ જોવાં ગયાં. ફિલ્મ જોવા જતા પહેલા સિદ્ધાંત ટ્રેઈલર જોઈ ચૂક્યો હતો અને ગીતો પણ સાંભળ્યાં હતાં તેમજ તૃપ્તિ પાસે એ ફિલ્મમાં કામ કરવાના તેના અનુભવો વિશે પણ સાંભળ્યું હતું. આ વખતને યાદ કરતાં સિદ્ધાંતે કહ્યું,“એનિમલ રિલીઝ થઈ પછી તેના માટે બધાનું વલણ નોંધપાત્ર રીતે બદલાઈ ગયો હતું. પહેલાં સેટ પર તે ચા માગતી તો કોઈ સાંભળતું પણ નહીં. જેવી ફિલ્મ રિલીઝ થઈ, એ લોકો પૂછતાં તમે કઈ ચા પીશો – મસાલા ચા, ગ્રીન ટી વગેરે, વગેરે.” સિદ્ધાંતે આગળ કહ્યું કે આ જોઈને તે તૃપ્તિને ચીડવતો હતો, પરંતુ તેની સાથે જે થયું તેમાં હું બહુ જ ખુશ હતો. સિદ્ધાંતને પણ દેશના બીજા યુવાનોની જેમ તૃપ્તિ પર ક્રશ હતો કે નહીં તે અંગે સિદ્ધાંતે કહ્યું,“એ સ્વીટ છે. અને અમેઝિંગ છે પરંતુ હું જ્યાં કામ કરું છું.

એક પોડકાસ્ટમાં જણાવ્યું કે ‘વીર’ પછી તેનું જીવન કેવું થયું હતું

# કેટરિના સાથે સરખામણીએ ઝરીન ખાનની કેરિઅર પર બેકફાયર કર્યું

## સલમાન ખાને લૉંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યુંઃ ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં ‘વીર’ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લૉંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કૈફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે ‘વીર’ પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કૈફ સાથે થાય છે. તેણે કહ્યું,“મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.” જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કૅરિઅર પર મોટું બૅકફાયર થયું. આ જ પોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યું કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની





રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક “ખોવાયેલાં બાળક” જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,“હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લૉંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.” ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ. છેલ્લે તે ૨૦૨૧માં ‘હમ ભી અકેલે તુમ ભી અકેલે’માં જોવા મળી હતી. ઝરીન ખાને શિવાશીષ મિશ્રા સાથે બ્રેકઅપ કર્યા પછી લગ્ન અંગેના તેના વિચારો શેર કર્યાઃ ‘કોઈ મને સંપર્ક કરતું નથી...’ ઝરીન ખાન તેના અંગત જીવનને લોકોની નજરથી દૂર રાખવા માટે જાણીતી છે. તેણીનું નામ ભૂતકાળમાં ઘણા લોકો સાથે રોમેન્ટિક રીતે જોડાયેલું છે, પરંતુ તેણીએ તેના સંબંધોને લાઈમલાઈટથી દૂર રાખવાનું પસંદ કર્યું છે. ૨૦૨૧ માં, એવી અટકળો હતી કે તે બિગ બોસ ૧૨ ફેમ શિવાશીષ મિશ્રાને ડેટ કરી રહી છે.





# ‘સિટાડેલ હની બની’ ફિલ્મમાં સામંથા, વરુણની જમાવટ કરી



સિટાડેલના ફૅન્સની આતુરતાનો અંત નજીક આવી રહ્યો છે. વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુની એક્શન પેક્ડ સિરીઝ સિટાડેલનું ટીઝર ગુરુવારે લૉંચ થઈ ગયું છે. આ પહેલા સિટાડેલ ફૅન્સ પ્રિયંકાને આ એક્શન થ્રિલરમાં જોઈ ચૂક્યા છે. સિટાડેલ યુનિવર્સનું ઈન્ડિયન વર્ઝન ‘હનીબની’નામથી ઓળખાય છે. જે થ્રિલ, જાસૂસીની એક જોરદાર સફર, રોમાન્સ અને પોતાની જાતની શોધની સફરથી ભરપૂર હશે. આ અઠવાડિયાની શરૂઆતમાં આ સિરીઝના મેકર્સ રાજ અને ડીકેએ એક્સ પર ‘૦૧.૦૮’ લખીને આજની તારીખની જાહેરાત કરી હતી. જેવું તેમણે આ પોસ્ટ કર્યું એવા ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા હતા. આ સિરીઝમાં વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુ ઉપરાંત કે કે મેનન, સિમરન, સોહમ મજમુદાર, શિવંકિત સિંહ પરિહાર, કાશ્વી મજમુદાર, સાકિબ સલીમ અને સિકંદર ખેર મહત્વના રોલમાં જોવા મળશે. આ સિરીઝ વિશે સામંથાએ કહ્યું હતું, “મેં ક્યારેય વિચાર્યુ નહોતું કે હું એક્શન કરીશ. પરંતુ આજે, મારા માટે, આ સિરીઝમાં હોવું એ જ મારી સૌથી મોટી જીત છે. કારણકે મને છેલ્લી ઘડી સુધી એવું હતું કે હું નહીં કરી શકું. મને નહોતું લાગતું કે હું સિટાડેલનો ભાગ બની શકીશ. મારે માત્ર ફિઝિકલ તૈયારી જ કરવી પડી હતી. પરંતુ આ સિરીઝ જેવી બની છે અને જેવી લાગે છે, તેનાથી હું અત્યારથી જ મારી જાત પર ગૌરવ અનુભવું છું.

# શેફાલી શાહ અને જયદીપ અહલાવત સાથે થ્રિલર ફિલ્મ બનાવશે વિપુલ શાહ

## કેશેફાલી શાહપોતાના અભિનય દ્વારા વૈવિધ્યસભર ભૂમિકાઓ નીભાવી છે

વિપુલ શાહની ‘હિસાબ’ થી લૂંટના જોનરની ફિલ્મમાં એક થ્રિલર ફિલ્મનો ઉમેરો થશે. તેમણે ૨૦૦૨માં ‘આંખે’ બનાવી હતી, જેમાં અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર અને પરેશ રાવલ જેવા કલાકારો હતા. આ ફિલ્મ ઘણી સફળ રહી હતી. ઘણા લાંબા સમય પછી તેઓ ફરી આ જોનરની ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. એક તરફ યશરાજનું સ્પાય યુનિવર્સ, બીજી તરફ રોહિત શેટ્ટીનું વીમેન કોપ યુનિવર્સ અને આ ફિલ્મ સાથે દર્શકો વિપુલ શાહના હાઈસ્ટ યુનિવર્સની આશા રાખે છે. ‘હિસાબ’માં જયદીપ આહીલાવત અને શેફાલી શાહ લીડ રોલમાં જોવામ મળશે. આ કલાકારોની પસંદગીને કારણે પણ દર્શકો ઘણા ઉત્સાહમાં છે. આ ફિલ્મ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર,“આંખે પછી વિપુલ અમૃતલાલ શાહે બીજી લૂંટની સ્ટોરી આધારિત ફિલ્મ ‘હિસાબ’ સાથે આવતાં પહેલાં ઘણો સમય રાહ જોઈ છે. એવું પણ જાણવા મળ્યું છે તે તેઓ લૂંટના વિષય પર કેટલીક અન્ય સ્ક્રિપ્ટ પણ વાંચી રહ્યા છે. જેના પરથી ‘હિસાબ’ પછી ફિલ્મ બનશે. આ જોનરની ફિલ્મો માટે વિપુલનું આયોજન ઘણું મોટું છે.” ભારતના દર્શકો માટે હાઈસ્ટ યુનિવર્સનો વિષય ઘણો નવો છે. ભારતીય ફિલ્મોમાં સ્પાય થ્રિલર અને હોરર થ્રિલર જેવી ફિલ્મો એકબીજા સાથે જોડાયેલી હોય એવું ઘણી વખત બન્યું છે પરંતુ હાઈસ્ટ પર ખાસ ફિલ્મો જોવા મળી નથી. શેફાલી શાહ ડિરેક્ટર વિપુલ શાહના પત્ની છે અને પોતાના પ્રભાવશાળી અભિનય દ્વારા વૈવિધ્યસભર ભૂમિકાઓ નીભાવી છે. તેમને ‘દિલ્હી ક્રાઈમ’ જેવી સિરીઝમાં જટિલ પાત્રો ભજવીને ઘણી સરાહના મેળવી છે. જયદીપ અહલાવત અને શેફાલી શાહના પાત્રોને ‘થ્રી ઓફ અસ’ને ઘણી પ્રશંસા મળી હતી. આ બંને કલાકારો એવા છે જ પાત્રોમાં ઊંડાણ લાવવા માટે જાણીતાં છે. ઓટીટી પર ખૂબ વખણાયેલા બંને એક્ટર્સને ફરી સાથે જોવા માટે દર્શકો પણ ઉત્સુક છે.





પંદર ઓગસ્ટે ‘ખેલ ખેલ મેં’ ફિલ્મ થિએટરમાં રિલીઝ થશે

# તાપસી પન્નુએ એક પછી એક અગ્યાર ફિલ્મો કરવાનું ક્યારેય વિચાર્યું ન હતું

## એક વર્ષમાં બે જ ફિલ્મો કરવી હતી, પણ એક પછી એક અગ્યાર થઈ

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ એક્ટ્રેસ હોય, જે પેન્ડેમિક પછી સૌથી વધુ ૧૪ ફિલ્મ રિલીઝના અક્ષય કુમારના રેકોર્ડને મેચ કરી શકે, તે છે તાપસી પન્નુ. એ બોલિવૂડની એક માત્ર એવી એક્ટ્રેસ છે જેની ઓગસ્ટમાં જ આ વર્ષની ૧૧મી ફિલ્મ રિલીઝ થવાની તૈયારીમાં છે. તાપસીએ હમણા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, ‘તેણે આવું કશું વિચાર્યુ નહોતું.’ ૨૦૨૧થી ‘ફિર આયી હસીન દિલરૂબા’ તેની ૧૦મી રિલીઝ છે. જ્યારે ૨૦૨૦માં કોરોનાના કારણે લોકડાઉન આવ્યું એ પહેલાં અનુભવ સિંહાની ‘થપ્પડ’ તેની છેલ્લી ફિલ્મ હતી. ત્યાર પછી તેની ફિલ્મોની લાઈન લાગી છે. ‘હસીન દિલરૂબા’થી લઈને વિજય સેતુપતિની ‘એનાબેલ સેતુપતિ’, ‘રશ્મિ રોકેટ’, ‘લૂપ લપેટા’, તેલુગુ કોમેડી ‘મિશન ઈમ્પોસિબલ’, મૈથિલી રાજની બાયોપિક ‘શાબાશ મિઠ્ઠુ’, અનુરાગ કશ્યપની ‘દોબારા’, તેના પોતાના પ્રોડક્શનની ‘બ્લર’ અને શાહરૂખ ખાન સાથે ‘ડંકી’ ફિલ્મ આવી ચૂકી છે. આ અંગે તાપસીએ કહ્યું,“મને ખબર નથી કે આ ફિલ્મો મેં ધારી હતી એવી રીતે રજૂ થઈ શકી કે નહીં. મેં મારા સફળ વર્ષને ઓવર પ્લાનિંગ કરવાની ભૂલ કરી છે, જ્યાં મેં વિચાર્યુ હતું કે દર વર્ષે હું બે ફિલ્મ કરીશ. ૨૦૨૦માં ‘થપ્પડ’ આવી અને પછી ‘હસીન દિલરૂબા’ રિલીઝ થવાની હતી, પરંતુ પછી લોકડાઉન આવી ગયું, તેથી દોઢ વર્ષ સુધી કશું જ રિલીઝ થયું નહીં.” આગળ તાપસીએ કહ્યું, “જ્યારે ‘હસીન દિલરૂબા’ ૨૦૨૧માં રિલીઝ થઈ તો મેં એક વર્ષમાં બે ફિલ્મ પ્લાન કરી હતી. પરંતુ એવું થયું કે ૨૦૨૦માં માત્ર એક જ ફિલ્મ આવી, પરંતુ પછી બધું એક સાથે ભેગું થઈ ગયું અને જાણે ધમાકાની જેમ એક સાથે આવવા માંડ્યું. મેં આ રીતે બધું એક સાથે આવશે એવું નહોતું વિચાર્યુ. એવું લાગતું હતું જાણે હું આડેધડ ફિલ્મો સાઈન કરી હતી, જ્યારે એવું નહોતું.” આગળ તાપસીએ કહ્યું, “પછી જ્યારે રાજકુમાર હિરાનીની ‘ડંકી’ રિલીઝ થઈ તો મને લાગ્યું કે હવે મારો બધો બૅકલોગ પૂરો થઈ ગયો અને હવે વર્ષમાં બે જ ફિલ્મો હશે. પણ ફરી બધું ભેગું થઈ ગયું. ૯ ઓગસ્ટથી તેની ‘ફિર આયી હસીન દિલરૂબા’ ૯ ઓગસ્ટથી સ્ટ્રીમ થશે. જ્યારે ૧૫ ઓગસ્ટે ‘ખેલ ખેલ મેં’ થિએટરમાં રિલીઝ થશે.



# દેવગઢ નગર ના પ્રવેશ દ્વાર માં પ્રવેશતા જ ખરાબ રસ્તા ના કારણે સર્જાય છે વારંવાર અકસ્માત

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૫ ।

દેવગઢ બારીઆ નગર ના ભે દરવાજા વિસ્તાર માં પ્રવેશતા જ રોડ માં પડેલા ખાડાઓ ના કારણે વારંવાર બાઈક સવારો પોતા ની બાઈક લઈ પટકાય છે અને ઈજા ગ્રસ્ત થાય છે આ રોડ બાબત ની વારંવાર મીડિયા અને શોસિયલ મીડિયાના માધ્યમ થી પણ સરકાર માં અને સરકારી તંત્ર માં અનેક રજૂઆતો કરવા છતાં પણ કોઈ નક્કર પરિણામ નથી આવી રહ્યું આ રસ્તા પરથી રોજ ના હાજારો વાહનો અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ શાળા કોલેજ માં તથા ગ્રામ્ય વિસ્તાર ના લોકો સારવાર માટે હોસ્પિટલ માં આવતા હોય છે અને બેંક વગેરે ના કામો અર્થે અવર જવર કરતા હોય જેમાં વડોદરા છોટાઉદેપુર થી આવતા લોકો માટે દેવગઢ બારીઆ નગર માં પ્રવેશવા માટે આજ એક માત્ર રસ્તો છે અને તે પણ ખુબ જ દયનીય હાલતમાં છે દેવગઢ બારીઆ તાલુકાની પ્રજા કાગડોળે રાહ જોઈ રહી છે કે સારા રસ્તા બનશે વારંવારની રજૂઆતો થવા છતાં પણ રોડ ક્યારે બનશે તે પ્રજા માં ઉઠતો સવાલ.



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

# રાજ્યની ૫૩ હજાર આંગણવાડીઓમાં ૩.૧૫ લાખથી વધુ વૃક્ષોનું 'એક પેડમાં કે નામ' અભિયાનમાં વાવેતર કરાશે



। (માહિતી) ગાંધીનગર, તા.૫ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'એક પેડ માં કે નામ' અભિયાન અન્વયે રાજ્યભરની ૫૩,૦૬૫ આંગણવાડીઓમાં વૃક્ષારોપણના અભિનવ પ્રયોગનો ગાંધીનગરથી આંગણવાડીના બાળકો સાથે વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસે દેશવાસીઓને પર્યાવરણ જતન-સંવર્ધનથી અને ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા 'એક પેડ માં કે નામ' વૃક્ષ વાવેતર અને ઉછેરના અભિયાનનું આહવાન કર્યું છે.

દરેક વ્યક્તિ પોતાની માંની સ્મૃતિમાં કે માતાની સાથે મળીને એક વૃક્ષ વાવે અને ધરતી માતાની પર્યાવરણીય રક્ષા કરે તેમજ ગ્રીન કવર વધારે તેવો આશય વડાપ્રધાનશ્રીએ આ અભિયાનમાં રાખેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના પર્યાવરણપ્રિય વિચારને સાકાર કરવા ગુજરાતમાં આ અભિયાન અન્વયે આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૨.૨૦ કરોડ અને માર્ચ-૨૦૨૫ સુધીમાં ૧૭ કરોડ વૃક્ષો વન વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. એટલું જ નહિ, મુખ્યમંત્રીએ રાજ્યની આંગણવાડીઓના ભૂલકા-બાળકોમાં નાનપણથી જ પર્યાવરણ જતન તેમજ વૃક્ષપ્રેમ અને વૃક્ષોના ઉછેર, સંવર્ધનની આદત કેળવાય તેવો પર્યાવરણ જતનલક્ષી પ્રેરક અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર મહિલા અને બાળ કલ્યાણ વિભાગને રાજ્યની ૫૩,૦૬૫ આંગણવાડીમાં આ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત મોટાપાયે વૃક્ષારોપણ માટે પ્રેરણા આપી હતી. તદનુસાર, આ રાજ્યવ્યાપી અભિયાન નો પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે ગાંધીનગરમાં સેક્ટર-૩૦ન્યૂની આંગણવાડીમાં બાળકો સાથે વૃક્ષારોપણ કરીને કરાવ્યો હતો. આ અભિયાનમાં સમગ્ર રાજ્યની આંગણવાડીઓમાં કુલ મળીને ૩.૧૫ લાખથી વધુ વૃક્ષો 'એક પેડ માં કે નામ' અંતર્ગત વાવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે આંગણવાડીના ભૂલકાઓ સાથે સ્નેહસભર વાર્તાલાપ કર્યો હતો. તેમને ફળ-છોડ ના રોપાઓનું વિતરણ પણ કર્યું હતું અને ટેક હોમ રાશનમાંથી બનાવેલી વાનગીઓનું નિર્દશન નિહાળ્યું હતું.

# ફતેપુરામા આધ્યશક્તિ મહિલા મંડળ દ્વારા કાવડ યાત્રા કાઢવામાં આવી

## મોટી સંખ્યામાં મહિલાઓ એ કાવડ યાત્રામાં ભાગ લઈ આખું વાતાવરણ ભક્તિમય કરી દીધું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।



ફતેપુરા માં તા.૫.આજરોજ શ્રાવણ પ્રથમ સોમવારે ભવ્ય આધ્યશક્તિ મહીલા મંડળ દ્વારા કાવડ યાત્રા યોજવામાં આવી. કાવડ યાત્રાએ લોકોમાં અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું, ખૂબ મોટા પ્રમાણમાં મહિલાઓ તેમજ નાની નાની બાળકીઓએ પણ કાવડ યાત્રા માં ભાગ લીધો હતો. આ કાવડ યાત્રા ભક્તિભાવ વાળા વાતાવરણ તેમજ ઝરમર વરસાદની વાંચે યોજાઈ હતી. આખી કાવડ યાત્રા દરમિયાન ઓમ નમઃશિવાયના પવિત્ર મંત્ર સાથે વાતાવરણ ગુંજતુ જોવા મળતું હતું. કાવડમા પવિત્ર જળ લઈ ભગવાનને અભિષેક કરવાનો અનેરો ઉત્સાહ મહિલાઓમા જોવા મળતો હતો. મહિલાઓ દ્વારા કાઢવામાં આવેલ કાવડ યાત્રામા મહિલાઓમાં અનેરો ઉત્સાહ અને જોશ જોવા મળતો હતો. આ કાવડ યાત્રા ભગવાન નિલકંઠ મહાદેવ વડવાસ મંદિર થી ફતેપુરા નગરમાં ફરી શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાન મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો તેમજ મહિલાઓએ ભગવાન મહાદેવને સર્વ લોકોનું કલ્યાણ થાય સુખ શાંતિ અને આવનાર વર્ષ સારું જાય તેવી પ્રાર્થના ભોળાનાથ પાસે કરી હતી તેમજ ધર્મનો જય જયકાર રહે અને અધર્મનો નાશ થાય તેવી યાચના ભોળાનાથ પાસે કરવામાં આવી હતી. આખું મંદિર પરિસર બોલ બમ જય બમ અને હરહર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠયું હતું તેમજ ધર્મ ધર્મનો જય કાર બોલાવતા, ધર્મનુ પ્રતિક એવો કેશરીયો ધ્વજ સદા લહેરાતો રહે તેવા આશીષ સાથે આખું નગર ધાર્મિકતાના રંગે રંગાયુ હતું અને આવનાર દરેક લોકો ભક્તિમય વાતાવરણમા લીન જોવા મળતા હતા. ફતેપુરા હિન્દુ સમાજના કાર્યકર્તાઓ દ્વારા ખુબજ મહેનત કરી કાર્યકમ યોજી સફળ બનાવ્યો હતો.

# મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા વિરમગામ-અમદાવાદ સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ









। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્રએ ૦૪ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ અમદાવાદ મંડળના વિરમગામ-અમદાવાદ સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન શ્રી મિશ્ર એ સંરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કાર્ય અને વિરમગામ સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ અને સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસના કાર્યો નું પણ નિરીક્ષણ કર્યું હતું. મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર એ વિરમગામ સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસના કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી અને સ્ટેશન પરની સાફ-સફાઈ, યાત્રી પ્રતીક્ષાલય, પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ અને યાત્રી સુવિધાઓ નું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન વિરમગામ-અમદાવાદ સેકશનના શાખા અધિકારીઓ સાથે વિંડો ટ્રેલિંગ સંરક્ષા નું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંરક્ષા થી જોડાયેલ વિભિન્ન પહેલુઓનું બારીકીથી નિરીક્ષણ કર્યું હતુ અને સંબંધિત અધિકારીઓને જરૂરી યોગ્ય સૂચનાઓ પણ આપી હતી.

આ દરમિયાન મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા અને અમદાવાદ મંડળના અન્ય શાખા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસની પ્રશંસનીય કામગીરી

# "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત કુલ રૂ.૨.૮૫ કરોડથી વધુનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરતી અમદાવાદ ગ્રામ્ય પોલીસ

## પોતાની ખોવાયેલી વસ્તુઓ પરત મળતા ફરિયાદીઓએ રાજીપો વ્યક્ત કર્યો

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।



અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા વિવિધ ગુનાઓ અને અરજી અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી વસ્તુઓ તથા મુદ્દામાલ મુળમાલિકોને ત્વરિત પરત મળી રહે તે હેતુથી ગ્રામ્ય જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો અને ડિવિઝન કક્ષાએ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગના માર્ગદર્શનમાં તથા પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યની સૂચના અનુસાર ગ્રામ્ય જિલ્લાના વિવિધ ૨૨ પોલીસ સ્ટેશનો અને ડિવિઝન કક્ષાએ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરી કુલ રૂ. ૨.૮૫ કરોડથી વધુ કિંમતની ફરિયાદીઓની ગુમાવેલ વસ્તુઓ સમયસર પરત અપાવી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા મહત્તમ મુદ્દામાલ ફરિયાદીઓને પરત મળી રહે તે માટે ગ્રામ્ય જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો અને ડિવિઝન કક્ષાએ અરજદારોને મુદ્દામાલ છોડાવવાની કાર્યવાહીથી માહિતગાર કરી નામદાર કોર્ટ સાથે જરૂરી સંકલન કરી ઝડપી મુદ્દામાલ છોડાવવા અંગેના હુકમો મેળવવા જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરાઈ હતી. તમામ પ્રકારની કાર્યવાહી પૂર્ણ થયે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના અલગ અલગ ડિવિઝન અને પોલીસ સ્ટેશનો ખાતે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમોનું આયોજન કરી વાહનો, કિંમતી વસ્તુઓ, મોબાઈલ ફોન, સોના ચાંદીની વસ્તુઓ, રોકડ રકમ, સાયબર ફ્રોડની રકમ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૨.૮૫ કરોડથી વધુ કિંમતની વસ્તુઓ મુળમાલિકોને પરત અપાઈ હતી. આ અંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટએ જણાવ્યું હતું કે, કોઈપણ વસ્તુ સાથે વ્યક્તિની લાગણી જોડાયેલી હોય છે જ્યારે આ વસ્તુ ખોવાય અથવા ચોરી થયા બાદ પોલીસ તેને પરત અપાવે છે ત્યારે તે વ્યક્તિનો આનંદ બમણો થાય છે. તેમણે વધુમાં કહ્યું કે, અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ યોજી પોલીસ અને પ્રજા વચ્ચે સમન્વય સાધી એક કોમ્યુનિટી પોલીસિંગની પરિભાષા પૂર્ણ કરી છે.

# કાંકરેજ તાલુકાના તાણા ગામે ગ્રામ પંચાયત બોર ઓપરેટરનો મૃતદેહ પાણીના સંપમાં તરતો મળ્યો

। (પ્રતિનિધી) થરા, તા.૫ ।

કાંકરેજ તાલુકાના તાણા ગામે ગ્રામ પંચાયત બોર ઓપરેટર તરીકે છેલ્લા વીસ પચીસ વર્ષથી ફરજ બજાવતા વદનજી મેરુજી ઠાકોર(ઉ. વ.૫૦)ની મૃતદેહ (લાશ) ગામના પાણીના સંપમાંથી મળતાં નાનકડા તાણા ગામે શોકની લાગણી ફેલાઈ હતી.આ બાબતે ગ્રામ પંચાયતના સરપંચ દશરથભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે,વદનજી સવારે બોર ચાલુ કરવા ન ગયા એટલે તેમને ફોન કર્યો પણ તેમનો ફોન ના ઉપડતા અમને એમ કે ક્યાંક બહાર ગયા હશે અથવા બીમાર પડ્યા હશે સમજી બીજા ઓપરેટરને લઈ બોર ચાલુ કરવા ગયેલ ત્યારે બોર ચાલુ કરતાં પહેલા પાણી ચેક કરવા ગયેલ બીજા ઓપરેટરને સંપનું ઢાંકણું ખુલ્લું લાગતાં તેને કહ્યુ સરપંચ સંપ ખુલ્લો પડયો છે તેણે સમ્પમાં પાણી લેવલ ચેક કરવા ડોકિયું કર્યું તો વદનજીની લાશ તરતી દેખાણી તેણે બુમ પાડીને કહયું કે સરપંચ વદનજીની લાશ એટલે ત્યાં જઈ તપાસ કરતા વદનજીની લાશ તરતી હતી તેમના પરિવારને જાણ કરતા તરત આવ્યા હતાને વદનજી સંપમાં પાણી ચેક કરવા ગયેલ અને પડી ગયા હશે તેવું જણાતું હતું. વદનજીની લાશને બહાર કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ચોવીસ કલાકે ગામના પાણીના સંપમાંથી બોર ઓપરેટર મૃતદેહ મળતાં પીવાનું પાણી પણ અશુદ્ધ લોકોને પીવામાં આયુ હોય.ચોમાસુ હોઈ આરોગ્યની કાળજી રાખી.આ પાણી જેને ભર્યું હોય તે ખાલી કરી નાખે હવે સંપ ની સફાઈ કરી પછી પાણી ભરાય તેવી વ્યવસ્થા કરવી. ગ્રામ પંચાયત ની પણ બેદરકારી છે. સંપને તાળું મારવું પડે.અન્યથા કાળજી રાખવી પડે ચોવીસ કલાકથી મૃતદેહ સંપમાં હોય અને ખબર ના પડે એ બરાબર નહીં.કોઈ ઝેરી દવા નાખી દે તો શું થાય. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી તેમના પરિવારને સોંપવામાં આવેલ અને આ બોર ઓપરેટરને સરકારી સહાય મળે તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

## કેળના વાવેતર થકી ૬૫૦૦૦ કિલોનું ઉત્પાદન મળવાની સંભાવના વ્યકત કરી

# માંગરોળ તાલુકાના આમનડેરા ગામના ખેડુત રાજેન્દ્ર પ્રજાપતિ પ્રાકૃતિક ખેતી અપનાવી થયા સમૃધ્ધ

। (માહિતી) સુરત, તા.૫ ।

રાજય સરકાર મીશન મોડ પર પ્રાકૃતિક ખેતીના અભિયાનને ઉપાડયું છે. રાજ્યના અનેક ખેડૂતો પરંપરાગત રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા સાથેની ખેત પદ્ધતિને છોડીને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે. ખેડુતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે તાલીમબધ્ધ કરવામાં આવી રહ્યા છે. જેના સુખદ પરિણામો મળી રહ્યા છે. ત્યારે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના આમનડેરા ગામના પ્રગતિશીલ ખેડુત રાજેન્દ્રભાઈ પ્રજાપતિએ ત્રણ વર્ષથી રાસાયણિક ખેતીને તીલાંજલી આપીને પ્રાકૃતિક ખેતી અપનાવી છે. ૫૩ વર્ષીય રાજેન્દ્રભાઈએ સાતેક મહિના પહેલા ત્રણ વિધામાં કેળનું વાવેતર કર્યું હતું. જયારે સાત એકરમાં શેરડીનું વાવેતર કર્યું છે. જેમાં વર્મીકમ્પોટ, વેસ્ટ ડી-કમ્પોઝર, વર્મી વોશ જેવા દેશી ખાતરોનું ઉપયોગ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, રોગ જીવાતને અટકાવવા માટે લિંબોળીના તેલ ઉપયોગ કરૂ છું. ત્રણ વિધામાં ૨૬૦૦ ટીસ્યુ કલ્ચરના છોડ લાવીને વાવેતર કર્યું હતું. જેમાં હાલમાં લુમ દીઠ ૪૫ કિલોનું વજન મળી રહ્યું છે જે સારામાં સારૂ હોવાનું તેઓ કહે છે. કેળના શરૂઆતના વાવેતરમાં આંતર પાક તરીકે ગલગોટાના ફુલનું વાવેતર કરીને એક લાખના ફુલોનું ઉત્પાદન મેળવ્યું હોવાનું તેઓ જણાવે છે. આ કેળના પાકમાં ૬૫૦૦૦ કિલોનું ઉત્પાદન મળવાની સંભાવના તેઓએ વ્યકત કરી હતી. તાજેતરમાં રાજેન્દ્રભાઈ ગીર ગાયની વાછરડી ખરીદી કરીને લાવ્યા છે.



## ગુજરાતમાં ઝડપથી વિકસી રહેલું મેડિકલ ક્ષેત્ર

# ઓલપાડ તાલુકાના વડોદ ખાતે કાર્યરત કિરણ મેડિકલ કોલેજની મુલાકાત લેતા : મંત્રી મનસુખ માંડવીયા

। (માહિતી) સુરત, તા.૫ ।

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વડોદ ગામ ખાતે કાર્યરત અતિ આધુનિક સુવિધા તેમજ મોડર્ન ટેક્નોલોજીથી સુસજ્જ કિરણ મેડિકલ કોલેજની કેન્દ્રીય શ્રમ, રોજગાર અને રમત-ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રમાં તબીબી સેવા આપવી એ ભારતીયોના સંસ્કાર રહ્યા છે. સુરતમાં સામાજિક સંસ્થાઓ સેવા ભાવથી ઉત્તમ સ્વાસ્થ્યની સેવાઓ કરી રહ્યા છે. આધુનિક સુવિધા તેમજ મોડર્ન ટેક્નોલોજીથી સુસજ્જ મેડિકલ કોલેજમાં શિક્ષણ લઈને વિધાર્થીઓ પોતાની કરિયર બનાવી રહ્યા છે. આ સંસ્થામાં તબીબી ક્ષેત્રનું મેડિકલ શિક્ષણ મેળવીને દેશનાં છેવાડાનાં નાગરિકોની આરોગ્ય સંભાળ લેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. વધુમાં મંત્રીએ કહ્યું હતુ કે, આ સંસ્થામાં સુરતના કેટલાય દાત્તાશ્રીઓએ આર્થિક સહયોગ આપ્યો જ્યારે અનેક દાતાઓએ શ્રમથી સહયોગ આપ્યો છે એ પરિશ્રમ અને સેવાની સુવાસ સુરતની તાસીર છે. વધુમાં જણાવ્યું કે, ભારતમાં મેડિકલ સવલત ઉપરાંત નિષ્ણાત તબીબોની સંખ્યા પણ વધી રહી છે. વિશ્વના દેશોની તુલનાએ સવલત સસ્તી હોવાથી ભારતનું મેડિકલ ક્ષેત્ર ઝડપ થી વિકસી રહ્યું છે. ભારત મેડિકલ ટૂરિઝમનું કેન્દ્રસ્થાન બન્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
પરિવાર સાથે થોડી મોજ-મજા માટે આજે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત પર ઘર્ષણ થઈ શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા કોઈ નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો મૂડ અને વિચારો બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.

**સિંહ (મ,ટ) :**
આજે તમે માનસિક નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા ખાસ અને નજીકના લોકો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**તુલા (ર,ત) :**
લોકોને મદદ કરવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી પાસે તમારા ભવિષ્ય બાબતે વિચારવાનો સમય હશે આથી, તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વિદેશમાં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમતમાં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે ટૅન્શનમુક્ત અને શાંત રહેશો. ધનનું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે. આજે આખો દિવસ તમારો મિજાજ સારો રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસ વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે. માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**ન્યૂઝ બ્રિફ**

## હિઝબુલ્લાહે ઇઝરાયેલ પર રોકેટનો મારો ચલાવ્યો

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૫ ।

મધ્ય-પૂર્વમાં ફરી એકવાર તણાવ વધી ગયો છે. હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ હિઝબુલ્લાએ આજે ઈઝરાયેલ પર મોટા પાયે હુમલો કર્યો છે. ઈરાને હાનિયાની હત્યા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. જે બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધની આશંકા વધી ગઈ છે. આ હુમલામાં લેબનોનના હિઝબુલ્લાએ ઈઝરાયેલ પર રૉકેટ છોડ્યા હતા. હિઝબુલ્લાએ આ હુમલાને પેલેસ્ટિનિયન લોકોના સમર્થન, હમાસના નેતાની હત્યા અને ઈઝરાયેલના હુમલામાં ૧૭ વર્ષના બાળકના મોતનો બદલો ગણાવ્યો છે. હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા આ હુમલાની ઈઝરાયેલ પર બહુ અસર થઈ નથી. ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ પ્રણાલી આયર્ન ડૉમે લગભગ તમામ રૉકેટને હવામાં તોડી નાખ્યા. આયર્ન ડૉમે ગેલિલી પેનહેન્ડલ (ઈઝરાયેલ અને લેબનોન વચ્ચેનો વિસ્તાર) ઉપર હવામાં અનેક રૉકેટ ઉડાવી દીધા હતા. અમેરિકા પણ ઈઝરાયલની મદદ માટે આવ્યું છે. અમેરિકાએ આ વિસ્તારમાં યુદ્ધ જહાજો અને ફાઈટર પ્લેન મોકલ્યા છે.

## ૫ વર્ષના વ્યક્તિનું ડાન્સ કરતી વખતે અચનાક મોત નીપજ્યું

। (એજન્સી) જયપુર, તા.૫ ।

રાજસ્થાનના જયપુરમાં ૪૫ વર્ષના વ્યક્તિનું ડાન્સ કરતી વખતે અચનાક મોત નીપજ્યું હતું. ઝૂડ ગામની પ્રાથમિક શાળામાં સમાજિક વિજ્ઞાન વિષય ભણાવતા શિક્ષક મન્નારામ ઝાખડનું ડાન્સ કરતી વખતે મોત થયું હતું. સમગ્ર ઘટના હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, આ ઘટના જયપુરના રેનવાલાના ભેંસલાના ગામની છે. જેમાં ૨ ઓગસ્ટે મન્નારામ તેમના ભાઈ મંગલ સાથે રિટાયરમેન્ટના કાર્યક્રમમાં ગયા હતા. મંગલ પણ મુંડોતીની ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ દરમિયાન સાંજના સમયે રિટાયરમેન્ટના કાર્યક્રમમાં ચાલી રહેલા 'એક દિન મર જાઉંગા કાનૂડા, થ્હારી મુસ્કાન કે મારે...' ભજન પર ડાન્સ કરી રહેલાં શિક્ષક મન્નારામ અચાનક જ નીચે ઢળી પડ્યાં હતા. ત્યાં ઉપસ્થિતિ લોકોને એવું લાગ્યું કે આ ડાન્સનો ભાગ લાગ્યો હતો. પરંતુ થોડા સમય સુધી શિક્ષક ઉભા ન થતા લોકોએ તેમને શ્વાસ અને ઝઁઈની પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ડોક્ટેર તેમને મૃત ઘોષિત કર્યાં હતા. જો કે, ક્યાં કારણોસર મોત થયું તેની સ્પષ્ટ જાણકારી સામે આવી નથી. બે મહિના પહેલા પણ આ પ્રકારની ઘટના ઈન્દોરમાં બની હતી.

સાયન્સની મદદથી સમજો

# વાયનાડમાં ભૂસ્ખલનની ઘટનાઓ કેમ વધી રહી છે?

## ડુંગરાળ વિસ્તારોમાં બ્લાસ્ટિંગનો ઉપયોગ પર્વતો તોડવા માટે થાય છે : પર્વતો તૂટવાના કારણે સમસ્યા સર્જાઈ

। (એજન્સી) વાયનાડ, તા.૫ ।

કેરળના વાયનાડમાં ૩૦ જુલાઈની મધ્યરાત્રિએ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું અને કાદવના આ પૂરે તબાહીનું ભયાનક દ્રશ્ય સર્જ્યું હતું. જે દ્રશ્યમાં ૩૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનામાં અનેક પરિવારોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે. વાયનાડ જિલ્લાના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન કોઈ મોટી વાત નથી.



આ પહેલા પણ આ વિસ્તારમાંથી ભૂસ્ખલનના આવા અહેવાલો આવ્યા છે. જો કે આ ઘટનાઓમાં મૃત્યુઆંક તાજેતરની ઘટના કરતાં ઘણો ઓછો હતો. આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે આ દક્ષિણનો આ જિલ્લો ભૂસ્ખલનથી પ્રભાવિત કેમ થઈ રહ્યો છે? આને સમજવાથી આપણે એ પણ જાણીશું કે ભૂસ્ખલનના અન્ય કારણો શું છે.

ડુંગરાળ વિસ્તારોમાં બ્લાસ્ટિંગનો ઉપયોગ ખડકોની ખાણકામ અથવા પર્વતો તોડવા માટે થાય છે. આ પ્રકારના વિસ્ફોટથી એક પ્રકારનું વાઈબ્રેશન સર્જાય છે. આ કંપનના કારણે પર્વત તૂટી જાય છે. પરંતુ કંપનની અસર માત્ર પર્વતો સુધી મર્યાદિત નથી. તેના બદલે તેની અસર કેટલાક કિલોમીટરના વિસ્તારો સુધી વિસ્તરે છે. જોરદાર વિસ્ફોટને કારણે ધરતી ધ્રૂજે છે અને પછી તેમાં થોડી તિરાડ પડે છે. આ પછી જો ક્યાંક ભારે વરસાદ પડે છે, તો પાણી આ તિરાડોમાં પ્રવેશ કરે છે અને એક મોટું પૂર બનાવે છે. કેરળમાં ભૂસ્ખલનની ઘટનાઓ સતત વધી રહી છે. ખડકોના ખનન સિવાય આના માટે અન્ય ઘણા કારણો છે. તેનું એક કારણ વન નાબૂદી છે. કેરળ છેલ્લી સદીથી ચાની ખેતી માટે જાણીતું છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી જંગલો પણ ઝડપી ગતિએ કાપવામાં આવી રહ્યા છે. જેના કારણે રાજ્યમાં વાતાવરણમાં ફેરફાર થયો હતો અને તેના કારણે વરસાદની પેટર્ન પણ બદલાઈ ગઈ હતી. જેના કારણે ઢાળવાળા વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટનાઓ વધી રહી છે.

આ જિલ્લો પશ્ચિમ ઘાટના ઢોળાવ પર આવેલો છે. આ ઢોળાવ ખૂબ જ ઢાળવાળી છે. આ વિસ્તારોમાં ઘણી ખીણો અને ટેકરીઓ છે. જેના કારણે આવા વિસ્તારોમાં ભૂસ્ખલનની શક્યતા પણ વધી જાય છે. વાયનાડ ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને સહન કરે છે. કેટલીકવાર અહીં ૨૦૦૦ મીમીથી વધુ વરસાદ પડે છે. જેના કારણે ત્યાંની જમીન સંતૃપ્ત થઈ જાય છે. જેના કારણે માટીનું ધોવાણ થવા લાગે છે.

આ જિલ્લામાં મોટે ભાગે લેટેરાઈટ માટી છે. આનો અર્થ થાય છે ખૂબ જ નબળી અને ક્ષીણ થઈ શકે તેવી જમીન. જ્યારે તે વરસાદથી સંતૃપ્ત થાય છે, ત્યારે તેનું વજન વધે છે. પરંતુ વધતા વજન સાથે આ માટીની તાકાત ઘટે છે, જેના કારણે ભૂસ્ખલનની સંભાવના વધી જાય છે.

તેનાથી સરકારોમાં મતભેદ થશે : માયાવતી

# અનામત ઉપર સુપ્રીમ કોર્ટના ચુકાદાથી માયાવતી અસહમત

। લખનૌ, તા.૫ ।



બસપા સુપ્રીમો માયાવતીએ અનામતને લઈને સુપ્રીમ કોર્ટના ચુકાદા પર અસહમતિ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, તેઓ કોર્ટના એસસી જાતિની વચ્ચે ઉપજાતિ વિભાજન કરવાના નિર્ણયથી સહમત નથી. અનામત પર નવી યાદી બનાવવાથી કેટલીય મુશ્કેલીઓ ઊભી થશે. એસસી-એસટીની વચ્ચે ઉપજાતિનું વિભાજન કરવાનું યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે ક્રીમીલેયરને લઈને માપદંડ પણ તૈયાર કરવા જોઈતા હતા. યૂપીના પૂર્વ સીએમે આગળ કહ્યું કે, કોર્ટના ચુકાદાથી ક્યાંકને ક્યાંક અનામતને ખતમ કરવાનો પ્લાન છે. તેમણે સવાલ કર્યો કે, કોર્ટે ચુકાદામાં ક્રીમીલેયરનો ઉલ્લેખ કર્યો છે, પણ તેના માપદંડો શું છે? કઈ જાતિ આ દાયરામાં આવશે તેની કોઈ જાણકારી નથી. અનામતમાં વર્ગીકરણનો મતલબ અનામતને સમાપ્ત કરીને તેને સામાન્ય વર્ગને આપવા જેવું હશે. માયાવતીએ કહ્યું કે, અમારી પાર્ટી સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સહમત નથી અને અમે અનામતમાં કોઈ પણ પ્રકારના વર્ગીકરણની વિરુદ્ધ છીએ. એસસી-એસટી અનામત વ્યવસ્થાને લઈને સંવિધાનમાં યોગ્ય સંશોધન કરવા જોઈએ અને તેને સંવિધાનની ૯મી અનુસૂચીમાં નાખવા જોઈએ. તેમણે આગળ કહ્યું કે, કોર્ટના ચુકાદા બાદ અનામતને લઈને કેન્દ્ર અને રાજ્ય સરકારોમાં મતભેદની સ્થિતિ ઊભી થશે. સરકાર મનમાની રીતે જાતિઓને અનામત આપવાનું કામ કરશે.

બે રાજપૂત ભાઈની દરિયાદિલી । બંને ભાઈઓએ ઓફિસે જઈ દસ્તાવેજો જમા કરાવી દીધા

# ૧૭૧ વીઘા જમીન ગૌચર માટે દાનમાં આપી દીધી

। (એજન્સી) બાડમેર, તા.૫ ।

રાજસ્થાનના બાડમેર જિલ્લાના બે ભાઈઓએ ૧૭૧ વીઘા જમીન પશુઓના ચારા માટે દાનમાં આપીને શાનદાર ઉદાહરણ રજૂ કર્યું છે. જેની આજે ચારેતરફ ચર્ચા થઈ રહી છે. બંને ભાઈઓએ પોતાના ખાતે રહેલી જમીન પશુઓને ચરવા માટે રાજીખુશીથી દાનમાં આપી દીધી છે. બંને ભાઈઓએ ઉપખંડ અધિકારીની સામે પોતાના દસ્તાવેજો આપ્યા હતા. આજના આ યુગમાં કેટલાય લોકો ગૌવંશને ચરવા માટે ગૌચરની જમીન હડપી લેતા પણ અચકાતા નથી, તો વળી બીજી તરફ બાડમેરની ધરતી પર આજે પણ પ્રાણી માટે આવા દિલદાર લોકો જોવા મળે છે.



આ કિસ્સો રાજસ્થાનના બાડમેરના સરહદી ગામ મગરાનો છે, જ્યાં રહેતા બે ભાઈઓએ પોતાના ખાતે રહેલી ૧૭૧ વીઘા જમીન ગૌચર માટે દાનમાં આપી દીધી છે. જેથી પશુઓને ચરવા માટે કામમાં આવી શકે. ૧૭૧ વીઘા જમીન દાન કરવા માટે બંને ભાઈઓ ગડરારોડ ઉપખંડ અધિકારી અનિલ જૈન પાસે આવીને પોતાના ખેતરના દસ્તાવેજ સોંપી દીધા હતા. ટીડીઓ સુરેશ ચૌધરીએ જણાવ્યું કે, ગુરુવારે ગ્રામ પંચાયત મગરાના ખેતસિંહ, પુત્ર સંગત સિંહ અને ભીમ સિંહ પુત્ર સગત સિંહ રાજપૂતે પોતાના ખાતે રહેલી જમીનમાંથી ૧૭૧ વીઘા જમીન ગૌચર માટે દાનમાં આપી દીધી હતી. આ સંબંધમાં તેમણે ગડરારોડ ઉપખંડ કચેરીમાં આવીને જરુરી કાર્યવાહી પુરી કરી પોતાની જમીનની કાગળ જમા કરાવ્યા હતા.

આપને જણાવી દઈએ કે, મોટા ભાગે આજના સમયમાં જ્યાં ગૌચર અથવા સરકારી જમીન પર દબાણ કરી લેતા અનેક લોકોને તમે જોયા હશે. આ બંને ભાઈઓએ દરિયાદિલી દેખાડતા પોતાના ખાતે રહેલી ૧૭૧ વીઘા જમીન દાન કરીને શાનદાર ઉદાહરણ રજૂ કર્યું છે. ઉપખંડ અધિકારી અનિલ જૈન અને તાલુકા વિકાસ અધિકારી સુરેશ ચૌધરીએ ભામાશાહ ખેતસિંહ અને ભીમસિંહ સહિત આખા પરિવારનું સન્માન કર્યું હતું.

જાણો પગારમાં કેટલો થશે વધારો

# કેન્દ્રીય કર્મચારીઓને મળનાર મોંઘવારી ભથ્થામાં જલ્દી વધારો થવાની શક્યાતા

## એક્સપર્ટ પ્રમાણે મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો થઈ શકે : આમ થવા પર મોંઘવારી ભથ્થું ૫૩ ટકા થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રીય કર્મચારીઓને મળનાર મોંઘવારી ભથ્થામાં જલ્દી વધારો થઈ શકે છે. પરંતુ તેની જાહેરાત સપ્ટેમ્બરમાં થશે. સૂત્રો પ્રમાણે અત્યારે લેબર બ્યૂરો ફાઈનલ નંબર આપવાની પ્રક્રિયામાં છે. એકવાર નંબર્સ ફાઈનલ થવા પર જાહેર કરવામાં આવશે. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સાતમાં પગાર પંચ હેઠળ આ વખતે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થશે. ત્યારબાદ સપ્ટેમ્બરમાં યોજાનારી કેબિનેટની બેઠકમાં મોંઘવારી ભથ્થામાં વધારા પર નિર્ણય થશે. સરકાર ૩% ઢ્ઢછ વધારાની જાહેરાત કરશે તો કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકાથી વધી ૫૩ ટકા થઈ જશે.

એક્સપર્ટ પ્રમાણે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થઈ શકે છે. આમ થાય તો કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૩ ટકા થઈ જશે. શૂન્ય થવાની સંભાવના નથી. AICPI Index થી નક્કી થનાર DA નો સ્કોર હાલ ૫૨.૯૧ ટકા પર છે. હાલના ટ્રેન્ડ પ્રમાણે જૂનના આંકડા આવે ત્યારે પણ તે માત્ર ૫૩.૨૯ ટકા સુધી જ પહોંચશે. એટલે કે તેને ૫૦ થી ૫૩ ટકા સુધી વધારી શકાય છે. મોંઘવારી ભથ્થાની ગણતરી AICPI ઈન્ડેક્સ પરથી કરવામાં આવે છે. ઈન્ડેક્સમાં વિવિધ ક્ષેત્રોમાંથી એકત્ર કરાયેલ ફુગાવાના આંકડા દર્શાવે છે કે ફુગાવાની સરખામણીમાં કર્મચારીઓના ભથ્થામાં કેટલો વધારો થવો જોઈએ. સરળ ભાષામાં સમજો તો બેસિક સેલેરીમાં ગ્રેડ સેલેરીને જોડ્યા બાદ જે સેલેરી બને છે, તેમાં મોંઘવારી ભથ્થાના દરનો ગુણા કરવામાં આવે છે. જે પરિણામ આવે છે તેને મોંઘવારી ભથ્થું (DA) કહેવાય છે. હવે ચાલો આને એક ઉદાહરણથી સમજીએ, ધારો કે તમારો મૂળ પગાર ૧૮૦૦૦ રૂપિયા છે અને ગ્રેડ પે ૧૮૦૦ રૂપિયા છે. બંનેને ઉમેરીને કુલ ૧૯૮૦૦ રૂપિયા થયા. હવે મોંઘવારી ભથ્થામાં ૫૩% વધારાને ધ્યાનમાં રાખીને, તે ૧૦,૪૯૪ રૂપિયા થાય છે. બધાને ઉમેરીને, તમારો કુલ પગાર ૩૦૨૯૪ રૂપિયા હતો. જ્યારે ૫૦% DAના હિસાબે તમને ૨૯૭૦૦ રૂપિયાનો પગાર મળી રહ્યો છે. એટલે કે ઢ્ઢછમાં ૩%નો વધારો કર્યા બાદ દર મહિને ૫૯૪ રૂપિયાનો ફાયદો થશે. મોંઘવારું ભથ્થું એવા પૈસા છે જે મોંઘવારી વધવાના બદલામાં સરકારી કર્મચારીઓને જીવન સ્તરને બનાવી રાખવા માટે આપવામાં આવે છે. આ પૈસા સરકારી કર્મચારીઓ, પબ્લિક સેક્ટરના કર્મચારીઓ અને પેન્શનરોને મળે છે.

# ટાટા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કામ શરૂ, ૨૭ હજાર કરોડનું રોકાણ

। (એજન્સી) દીસપુર, તા.૫ ।

ટાટા ગ્રુપે આસામમાં પોતાના સેમિકન્ડકટર પ્લાન્ટના ભૂમિપૂજન સાથે જ દેશને ચિપ મેકિંગ સેક્ટરમાં આગળ લઈ જવાની શરૂઆત કરી દીધી છે. આ પ્લાન્ટ પર ટાટા ઈલેક્ટ્રોનિક્સ ૨૭ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. તેની મદદથી ૨૭ હજાર નોકરીઓ પણ પેદા થશે. આ પ્લાન્ટ ૨૦૨૫માં ઓપરેશનલ થઈ જશે. ટાટા ગ્રુપે શનિવારે કહ્યું કે આસામના ૧૦૦૦ લોકો હાલમાં અહીં કામ કરી રહ્યા છે. ભવિષ્યમાં કંપની સેમિકન્ડકટર ઈકોસિસ્ટમમાં સામેલ અન્ય કંપનીઓને પણ અહીં લાવવાનો પ્રયાસ કરશે.



ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને ભૂમિપૂજન કાર્યક્રમ બાદ કહ્યું કે અમે આ પ્લાન્ટ દ્વારા ૧૫ હજાર પ્રત્યક્ષ અને ૧૨ હજાર અપ્રત્યક્ષ નોકરીઓ પેદા કરીશું. આ ઉપરાંત અમારા સપ્લાયર્સ પણ અહીં ધીરે ધીરે આવશે. કાર્યક્રમમાં હાજર આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ આને રાજ્યના લોકો માટે સુવર્ણ ક્ષણ ગણાવી છે. આસામના લોકો હંમેશા ટાટા ગ્રુપના આભારી રહેશે. તેમણે વિશ્વાસ અપાવ્યો કે ટાટા ગ્રુપને અહીં પ્લાન્ટ બનાવવામાં કોઈ મુશ્કેલી નહીં થવા દેવામાં આવે. ટાટા ગ્રુપ આ પ્લાન્ટ મોરીગાંવ જિલ્લાના જાગીરોડમાં બનાવવા જઈ રહ્યું છે. આસામના મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, નાણાં મંત્રી નિર્મલા સીતારમણ અને ઈલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવને કારણે આ પ્લાન્ટ આસામમાં લાવવાનું સપનું પૂરું થયું છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ પ્લાન્ટમાં બનનારા ચિપ્સ ઈલેક્ટ્રિક વાહનો સહિત લગભગ દરેક કંપનીમાં વપરાશે. આ સેમિકન્ડકટર પ્લાન્ટને ફેબ્રુઆરી, ૨૦૨૪માં કેન્દ્રીય કેબિનેટથી મંજૂરી મળી હતી. માત્ર ૫ મહિનાની અંદર જ પ્લાન્ટનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. અહીં ચિપ બનાવવા માટે મોટાભાગની ટેકનોલોજી ભારતની જ હશે. આ પ્લાન્ટ દેશને સેમિકન્ડકટર સેકટરમાં આગળ લઈ જશે. આ પ્લાન્ટ આસામમાં બનવાથી પૂર્વોત્તર રાજ્યોમાં મોજૂદ NITથી આ સેક્ટર માટે ટેલેન્ટ પેદા કરવામાં આવશે. ટાટા ઈલેક્ટ્રોનિક્સનો બીજો પ્લાન્ટ ગુજરાતના ધોલેરામાં બની રહ્યો છે. તે ડિસેમ્બર, ૨૦૨૬થી કામ કરવાનું શરૂ કરી દેશે.

**વિશેષ**

નારી વંદન ઉત્સવ-૨૦૨૪: 'મહિલા નેતૃત્વ દિવસ'

# જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલના અધ્યક્ષસ્થાને નારી વંદન ઉત્સવ અંતર્ગત 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉજવણી








। (માહિતી) સુરત ।

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ કાર્યક્રમ હેઠળ 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉજવણી કરાઇ હતી. જેમાં વિવિધ ગામના બાલિકા પંચાયતના સરપંચ તેમજ સભ્યો સાથે નેતૃત્વ અંગે સંવાદ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, દરેક સ્ત્રીમાં નેતૃત્વની શક્તિ રહેલી છે, જેનો ઉપયોગ તેઓ અંગત અને વ્યવસાયિક જીવનમાં બખૂબી કરે છે, અને સફળ નેતૃત્વ થકી સમાજમાં આમૂલ પરિવર્તન લાવે છે. દરેક મહિલાએ પરસ્પર સહકારની ભાવના સાથે શ્રેષ્ઠ ટીમ વર્કનું ઉદાહરણ પૂરૂ પાડવું જોઈએ. વધુમાં તેમણે કન્યા કેળવણી પર ભાર મૂકી દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું હતું. દરેક માતા પિતાને પોતાના બાળકોને અને ખાસ કરીને દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરાવી તેમના મનગમતા ક્ષેત્રમાં આગળ વધારવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ મિશન કો- ઓર્ડિનેટરશ્રી સ્મિતાબેન પટેલે મહિલાઓ વિશેની વિવિધ સરકારી યોજના જેવી કે, ગંગા સ્વરૂપા સહાય, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન સહાય, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર, મહિલા સ્વાવલંબન, નારી સંરક્ષણ ગૃહ, ૧૮૧ અભયમ હેલ્પલાઇન અને એપ્લિકેશન વિશે જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે સમાજમાં આગવું સ્થાન ધરાવતા અને સફળ નેતૃત્વ કરતી મહિલાઓનું સન્માન કરી તેમની વિશેષ સિદ્ધિઓ દ્વારા અન્ય મહિલાઓને જે તે ક્ષેત્રે આગળ વધવા પ્રત્સાહન અપાયું હતું. સાથે જ વિવિધ ગામની બાલિકા પંચાયતની સરપંચ અને સદસ્યોએ બાલિકા પંચાયતની રચના, હેતુ અને કામગીરી અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે જિ.પંચાયતના સભ્યો ભારતીબેન રાઠોડ, અમિષાબેન પરમાર, સીતાબેન રાઠોડ, કરિશ્માબેન રાઠોડ, મોનાબેન રાઠોડ, મહિલા અને બાળ અધિકારી રાધિકાબેન ગામીત, દહેજ પ્રતિબંધક અધિકારી કે.વી.લકુમ, ICDS વિભાગના કોમલબેન, મહિલા-બાળ કચેરીના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં દીકરીઓ-મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રાવણ માસના પ્રથમ સોમવારે શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું



**। (એજન્સી) વેરાવળ/અમદાવાદ, તા.૫ ।**

૦૫/૦૮/૨૦૨૪ સોમવારથી શ્રાવણ મહિનાની શરૂઆત થઈ છે અને તેનું મહત્વ વધુ થઈ ગયું હતું કેમ કે સોમવાર નો દિવસ હતો, ત્યારે સોમવાર અને શ્રાવણ મહિનાની શરૂઆત બંને સાથે હોવાથી શિવાલયોમાં ખુબજ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. રાજ્યના દરેક શિવાલયોમાં ભક્તો વહેલી સવારથી જ ભગવાન શિવના દર્શન કરવા અને જલાભિષેક માટે ઉમટી પડ્યાં હતા. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પ્રટાગણમાં વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. સવારના ૪:૦૦ વાગ્યાથી મંદિરના દ્વાર ભાવિક ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. વહેલી સવારથી જ ભક્તોએ શિવ નામનું રટણ કરતા સોમનાથ મહાદેવના દર્શન પ્રાપ્ત કરવા કતારો લગાવી હતી. હજારો દર્શનાર્થીઓએ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હર હર મહાદેવ જય સોમનાથ નાદ સાથે પ્રભાત ક્ષેત્ર ગુંજી ઉઠ્યું હતું. ભક્તો ભક્તિભાવ સાથે આજથી શ્રાવણ માસની ઉજવણી કરશે. હિન્દુ સમુદાયમાં શ્રાવણ માસને તહેવારોનો મહિનો ગણવામાં આવે છે. ૭૨ વર્ષ બાદ સોમવારથી જ શ્રાવણ માસનો પ્રારંભ થયો હોય ત્યારે જૂનાગઢના ગિરનાર તળેટીમાં આવેલ સ્વયંભૂ ભવનાથ મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થી ઉમટી પડ્યા હતા. શ્રાવણ માસના પ્રથમ દિવસે વહેલી સવારે ચાર વાગ્યાથી જ મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા અને આરતી સમયે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા લોકગાયક અર્જુન આહિરે જણાવ્યું કે ભગવાન શિવની આરાધના નો માસ એટલે પવિત્ર શ્રાવણ માસ આજે શ્રાવણ માસના પ્રારંભે પરિવાર સાથે ભવનાથ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી અને લોકગાયક શ્રેણીમાં જ તેઓએ ભગવાન શિવની આરાધના કરી અને લોકોને પણ ભવનાથ મંદિરે દર્શનનો લાભ લેવા અપીલ કરી. શ્રાવણ માસની શરૂઆત ૧૨ જ્યોર્તિલિંગ પૈકીનું એક જ્યોર્તિલિંગ નાગેશ્વર ખાતે મોટી સંખ્યામાં લોકો દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા.

વહેલી સવારથી શિવલિંગ પર વહેલી સવારથી જ ભક્તો દુધાભિષેક અને જળાભિષેક કરી રહ્યા છે. ભક્તોનું કહેવું છે કે,પવિત્ર શ્રાવણ મહિનામાં ભગવાન શિવ હાજરા હજુર હોવાથી મનોકામના પૂર્ણ થતી હોય છે. ભગવાન શિવને બીલીપત્ર અને જળાભિષેક કરતા ભક્તો જોવા મળ્યા હતા. આજે પંચનાથ મહાદેવ ખાતે ઘીનો અભિષેક કરવામાં આવતો હોવાથી આરતી સમયે ભક્તોનું ઘોડાપુર ઉમટી પડતું હોય છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના બે જ્યોતિર્લિંગ સોમનાથ અને નાગેશ્વરની જેમ પંચનાથ અને રામનાથ મહાદેવ મંદિર ખાતે પણ લોકોની અતૂટ શ્રદ્ધા હોવાથી ભક્તોની ભીડ ઉમટી પડતી હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉપરવાસમાં ભારે વરસાદ થતાં સરદાર સરોવર ડેમમાં ૬૦ ટકાથી વધુ જળસંગ્રહ

**। (એજન્સી) નર્મદા, તા.૫ ।**

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં વરસી રહેલા અવિરત વરસાદના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૬૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૦૪,૯૦૧ એમ.સી.એફ. ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૩૩ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૨૫,૯૭૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૮.૧૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. ગુજરાતમાં સતત વરસી રહેલા વરસાદના પરિણામે ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૦ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૩૮ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે.

### વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં એડમિશન પ્રક્રિયા ન શરૂ થતાં વિદ્યાર્થી સંગઠનો દ્વારા વિરોધ

**। (એજન્સી) વડોદરા, તા.૫ ।**

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમા ફરી એક વાર નવો વિવાદ સર્જાયો છે, જેમાં વિધ્યાર્થી સંગઠનો દ્વારા મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે જેનું કારણ છે, તાજેતરમાં બોર્ડની ધો. ૧૨ ની પૂરક પરીક્ષાના પરિણામો આવ્યા છે અને હાલ કોમર્સ ફેકલ્ટીમાં ૫૦૦ જેટલી બેઠકો ખાલી હોવા છતાં એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં ન આવતા સમગ્ર મામલો ઉગ્ર બન્યો છે. MSUના વિદ્યાર્થી સંગઠન છચ્જેં દ્વારા યુનિવર્સિટીની હેડ ઓફીસ જઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. તો બીજી તરફ NSUI દ્વારા કોમર્સ ફેકલ્ટીના ડીનને અસરકારક રીતે રજુઆત કરવામાં આવી રહી છે.

### NSUI દ્વારા અમદાવાદ યુનિવર્સિટીમાં બી.કોમ અને બીબીએ સહિતના અભ્યાસક્રમની ફીમાં થયેલા નોંધપાત્ર વધારા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન

**। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।**

અમદાવાદ યુનિવર્સિટીમાં ફી વધારા મામલે NSUI દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. બીકોમ અને બીએ જેવા કોર્ષની વાર્ષિક ફી ૪.૬૦ લાખ રાખવામાં આવતા અગાઉ ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. તેમ છતાં માગણી ન સ્વીકારવામાં આવતા આજે (૫ ઓગસ્ટ) NSUIના કાર્યકરોએ ફરીથી અમદાવાદ યુનિવર્સિટીમાં ધસી ગયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં જવાબ આપવા આવેલા રજિસ્ટ્રારને ઘેરી કાર્યકરોએ ધક્કે ચડાવ્યા હતા. જે બાદ પોલીસે કાર્યકરોની અટકાયત કરવાનું શરૂ કર્યુ હતું. થોડીવાર માટે યુનિવર્સિટીનું કેમ્પસ યુદ્ધનું મેદાન હોય તેવાં દશ્યો સર્જાયાં હતાં.

## પૂરની સ્થિતિને જોતા લેવાયો નિર્ણય

# વલસાડ જિલ્લામાં આંગણવાડી, શાળા-કોલેજ બંધ રાખવા આદેશ

### જિલ્લા વિકાસ અધિકારીએ ટ્વિટર પર માહિતી આપી

**। (એજન્સી) વલસાડ, તા.૫ ।**

વલસાડ જિલ્લામાં શરૂ થયેલો ભારે વરસાદ રવિવારે પણ યથાવત રહ્યો હતો. વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને લઈ જિલ્લા વહીવટી તંત્રએ એક મોટો નિર્ણય લીધો છે. વલસાડ જિલ્લાની તમામ શાળા, કોલેજો, ITI, આંગળવાડીઓને બંધ રાખવાનો આદેશ અપાયો છે. જિલ્લા વિકાસ અધિકારીએ ટ્વિટર પર આ માહિતી આપી છે. સોશિયલ મીડિયા મારફતે વલસાડ વહીવટી તંત્રએ લોકોને જાણકારી અપાઈ છે. વલસાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે આ નિર્ણય લેવાયો છે.



વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ધોધમાર વરસાદ કારણે વલસાડની ઔરંગા નદીએ પોતાની ભયજનક સપ ાટી વટાવી છે. વલસાડની ઔરંગા નદી પોતાની ભયજનક સપાટી વટાવી ૬ મીટર પર વહેતા વહીવટી તંત્ર દ્વારા નીચવાળા વિસ્તારના લોકોને સ્થળાંતર કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે વલસાડની ઔરંગા નદી ભયજનક સપાટી પર વહેતા ભાગડા ખુર્ડ ગામ તથા વલસાડ શહેરના બંદર રોડ, કશ્મીર નગર, કૈલાશ રોડ સહિતના શહેરી વિસ્તારોમાં પાણી ઘુસી જવા પામ્યા હતા. વલસાડ જિલ્લા કલેક્ટર સહીતની ટીમ પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ બની છે. સાથે નીચવાળા વિસ્તારોમાં મુલાકાત લઈ રહી છે. વલસાડ જિલ્લામાં તમામ પરિસ્થિતિને પહોંચી વળવા દ્રઢઈહ્લની ટીમ સ્ટેન્ડબાય રાખવમાં આવી છે. વલસાડ જિલ્લાના ઉપવાસમાં ભારે વરસાદને લઈને વલસાડની ઓરંગા નદીએ પોતાની ભયજનક સપાટી વટાવતા વલસાડનું વહીવટી તંત્ર એલર્ટ થયું. વલસાડ જિલ્લા કલેક્ટર સહીતની ટીમ પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ બની છે. સાથે નીચવાળા વિસ્તારોમાં મુલાકાત લઈ રહી છે. વલસાડ જિલ્લામાં તમામ પરિસ્થિતિને પહોંચી વળવા દ્રઢઈહ્લની ટીમ સ્ટેન્ડબાય રાખવમાં આવી છે. વલસાડ જિલ્લાના ઉપવાસમાં ભારે વરસાદને લઈને વલસાડની ઓરંગા નદીએ પોતાની ભયજનક સપાટી વટાવતા વલસાડનું વહીવટી તંત્ર એલર્ટ થયું.

ઔરંગા નદીના પાણી વલસાડ શહેરના નીચાળવાળા વિસ્તાર એવા કાશ્મીર નગરમાં પાણી ઘૂસવાના શરૂ થતા તંત્ર દ્વારા પોલીસની મદદથી સ્થાનિકોને સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરાઈ ફાયર વિભાગની ટીમ તેમજ પોલીસની ટીમનો કાફલો ઘટના સ્થળે પહોંચી લોકોને અહીંથી સ્થળાંતર કરવાની અપીલ કરી હતી ૧૫૦ થી લોકો ને સેલ્ટર હોમ ખાતે ખસેડવામાં આવ્યા વલસાડ મામલતદાર પણ ખડે પગે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી.

## સવારે ફરી બિસ્માર થતાં તંત્રની પોલ ખુલી

# નડિયાદમાં સીએમ આવવાના હતા એટલે રાત્રે રોડ ઠીક કર્યો

### મુખ્યમંત્રીના આગમન પહેલા ઢાંકપિછોડો કરવા તંત્રના હવાતિયાં

**। (એજન્સી) વલસાડ, તા.૫ ।**

નડિયાદમાં એક તરફ ચોમાસું અને બીજી તરફ સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીનું આગમન અધિકારીઓ અને નેતાઓ માટે માથાના દુઃખાવા સમાન બન્યું છે. મુખ્યમંત્રીના આગમન પહેલા શહેરના રોડ સારા છે, તેમ બતાવવા માટે રાતોરાત રોડની કામગીરી શરૂ કરાઈ છે, શનિવારે મોડી રાત્રે રોડનું સમારકામ કરાયું, પરંતુ બીજા દિવસે સવારે જ રોડ પહેલા કરતા પણ ખરાબ હાલતમાં ફેરવાઈ ગયો.



પખવાડિયા પહેલા જ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ નિવેદન આપ્યું હતું કે, હાલ ડામરનો પ્લાન્ટ બંધ છે અને વરસાદની સિઝન હોવાથી ચોમાસામાં રોડનું સમારકામ કરાશે નહીં અને તે પછી રોડની કામગીરી કરાશે. જો કે, તેમનું આ નિવેદન ગણતરીના દિવસોમાં ખોટું ઠર્યું અને રોડની કામગીરી કરવાની નોબત આવી છે. નડિયાદ શહેરમાં વાણીયાવાડથી કિડની તરફના રોડ પર મોટા ખાડા પડયા હતા. જે રોડ ઉપર હજારો લોકો કેટલાય મહિનાઓથી ખાડાના લીધે હાડમારી વેઠી રહ્યા હતા. ત્યારે મુખ્યમંત્રી અને રાજ્યપાલના આગામી તા. ૧૩થી ૧૫મી સુધી નડિયાદમાં કાર્યક્રમો છે. મુખ્યમંત્રી અને રાજ્યપાલ શહેરના પીપલગ રોડ પર એક કાર્યક્રમમાં હાજરી આપવાના છે. ત્યારે તેમને વાણીયાવાડથી કિડની રોડ થઈ સરદાર બ્રિજ પરથી આ સ્થળ પર પહોંચવાનું છે. જે રૂટ ઉપર મોટા ખાડા પડેલા હતા. જે ખાડાઓ નડતરરૂપ ન બને તે માટે તાત્કાલિક શનિવારે મોડી રાત્રે માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ દ્વારા આ રોડ પર મેટલીંગ કામ કરી રોડના સમારકામની શરૂઆત કરી દેવાઈ છે. ગઈ મોડી રાતે વિભાગ દ્વારા અહીંયા મેટલીંગ કામ કરી અને રોડની સપાટી સુવ્યવસ્થિત કરી હતી. પરંતુ મોડીરાતે અને દિવસભર ઝરમર વરસાદ પડતા આ મેટલીંગની કામગીરીનું ધોવાણ થઈ ગયું છે, રોડ ફરીથી ઉબડ-ખાબડ થઈ ગયો છે. ચોમાસા વચ્ચે મોટાભાગે રોડની કોઈ કામગીરી કરવામાં આવતી નથી. અગાઉ કેટલાક રોડ બિસ્માર બન્યા હતા અને તે બાબતે નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, હાલ ચોમાસાની તુ હોવાથી સરકારી ડામરનો પ્લાન્ટ બંધ છે, ચોમાસા દરમિયાન રોડની કામગીરી થઈ શકશે નહીં એટલે ચોમાસું પુરું થતા જ રોડના સમારકામ કરાશે. તેમનું આ નિવેદન ખોટું ઠરે તે રીતે માર્ગ અને મકાન વિભાગે ચોમાસાની તુમાં અને વરસાદની વચ્ચે રોડ બનાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. એકતરફ મુખ્યમંત્રીના આગમન પૂર્વે અચાનક ગાઢ નિંદ્રામાંથી ઉઠેલું તંત્ર આખા નડિયાદને ઝગમગાટ કરવા માટે દોડધામ કરી રહ્યુ છે, ત્યારે મેઘરાજાએ ચારેકોરથી તંત્રની કામગીરી પર પાણી ફેરવવાનું મન બનાવી લીધુ છે, જેથી હવે તંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે.

## બીલીમોરામાં મેઘતાંડવ!

# લોકોએ નદીના ધસમસતા પ્રવાહમાં રાત વિતાવી પડી

### અંબિકા અને કાવેરી નદીની સપાટી વધતા શહેરના અનેક ઘરો પાણીમાં ગરકાવ : ૫૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર

**। (એજન્સી) નવસારી, તા.૫ ।**

ગુજરાતમાં ભારે વરસાદને પગલે ઉત્તરથી થી દક્ષિણ સુધી ભારે તબાહીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. નવસારીમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર થયું છે. ખાસ કરીને બીલીમોરા શહેરમાં ખુબ ખરાબ સ્થિતિ જોવા મળી રહી છે. અંબિકા અને કાવેરી નદીની સપાટી વધતા શહેરના રોડ પર કેડસમાં પાણી ભરાઈ ગયા છે. અનેક ઘરો પાણીમાં ગરકાવ થઈ જતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં ૫૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. બીલીમોરાથી અમરસણ જવાના મુખ્ય માર્ગ પર માર્ગ પાણી ફરી વળ્યા છે. મુખ્ય માર્ગ પર પાંચ ફૂટ કરતા વધુ પાણી ભરાયા છે. રોડ સાથે રોડની બંને બાજુ પાણીનો સૌથી વધુ વેણ જોવા મળી રહ્યો છે. પાણી ફરી જવાના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. છાપર ગામનો રસ્તો પણ પાનીકામગારકાવ થઈ જતા ૫૦ જેટલા ગામો સંપર્કવિહોણા બન્યા છે. બીલીમોરા શહેરમાં આવેલા દેસરા વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. બીલીમોરા નગરપાલિકા દ્વારા રાત્રી સમયે ૨૦૦થી વધુ લોકોનું શિફ્ટિંગ કરી દેવામાં આવ્યું છે. સ્થળાંતર કરાયેલા પૂર પીડિતોને બીલીમોરાની હાઈસ્કુલમાં સહી સલામત ખસેડાયા છે. પરંતુ હજી પણ ઘણી દુકાનો અને ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ભરાયેલા છે. નદીઓના પાણીથી બીલીમોરા શહેર જળબંબાકાર બની ગયું છે. ભારે વરસાદને કારણે સ્થાનિકોએ પૂરના પાણીમાં મધ્ય રાત વિતાવી પડી હતી. મોડી રાત્રે વહીવટી તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. જણાવી દઈએ કે, દેસરા વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી પુરના પાણી ભરાઈ જાય છે. દેસરા થી ભાઠા જવાના માર્ગ ઉપર કમર સુધી ભરાયા પૂરના પાણી જોવા મળી રહ્યા છે.

## યુવતીએ સવા કરોડના દાગીના ચોરી બોયફ્રેન્ડને આપી દીધા

**। (એજન્સી) ગોધરા, તા.૫ ।**

ગુજરાતમાં ચોરીની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે. જેમાં કેટલીક ઘટનાઓ ચોંકાવનારી હોય છે. ગોધરામાં એક જ્વેલર્સમાં નોકરી કરતી યુવતીએ અત્યાર સુધીમાં સવા કરોડના દાગીના ચોરીને તેના બોયફ્રેન્ડેને આપ્યા હતા. જ્વેલર્સના માલિકે ચોરી પકડી પાડતાં પોલીસે યુવતીની ધરપકડ કરી છે. જ્યારે પ્રેમી હજુ ફરાર છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે યુવતીના પ્રેમીને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે ગોધરા શહેરના એલઆઈસી રોડ પર હિમાંશુભાઈ અડવાણી ધનરાજ જ્વેલર્સ નામની દુકાન ચલાવે છે. તેમની દુકાનમાં ૮ જેટલા માણસો નોકરી કરે છે. તેમને ૧ વર્ષ પહેલાં અનુષ્કા પારવાણી નામની યુવતીને નોકરીએ રાખી હતી. હિમાંશુભાઈ પોતાના સ્ટાફ સાથે જ સોનાના દાગીનાની ગણતરી કરતા હતા ત્યારે સોનાની ૧૬ નંગ ચેઈન અને સોનાની બંગડીઓ સહિત ૪૯ દાગીના ઓછા હતા.

# જમીન માલિકના હમશકલને દસ્તાવેજ માટે સબ રજિસ્ટ્રાર કચેરીએ લઈ જતાં ભાંડો ફૂટ્યો

### પકડાયેલા બે આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મેળવાયા

**। સુરત, તા.૫ ।**

ગુજરાતમાં ભૂમાફિયાઓ વધુ સક્રિય થયાં છે. સુરત શહેરમાં એક વૃદ્ધ વ્યક્તિની ૪૦ વિઘા જમીન કબજે કરીને ભૂમાફિયાઓએ વેચી નાંખી હોવાનો પર્દાફાશ થયો છે. પાંચ લોકોએ જમીનના માલિક જેવા દેખાતા વ્યક્તિને સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ કરવા માટે રજૂ કર્યો ત્યારે પોલીસે પાંચેય વ્યક્તિઓની ધરપકડ કરી હતી. ૧૦૦ કરોડની વેલ્યુએશન વાળી ૪૦ વિઘા જમીનમાંથી આરોપીઓએ ૧૪ વિઘા જમીન વેચવાના હતા અને જમીન ખરીદનાર પાસેથી તેમણે ૩.૪૧ કરોડ રૂપિયા એડવાન્સમાં લઈ લીધા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત શહેરના ભેસાણમાં પારસી ફળિયામાં રહેતા ૭૨ વર્ષીય કુરૂષ રૂસ્તમજીની કરોડો રૂપિયાની જમીનનો દસ્તાવેજ કરાવવા હજીરા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં બે ભૂમાફિયાઓ ગયા હતા. કુરૂષ પટેલને શંકા હતી કે પોતાની જમીન પચાવી પાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. તેમણે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં વાંધાઅરજી કરી હતી. સબ-રજિસ્ટ્રાર કચેરી દ્વારા તરત જ પોલીસને જાણ કરતાં દોડી આવી હતી અને કુરૂષ પટેલનું નામ ધારણ કરી દસ્તાવેજ કરવા આવનાર ઝાકીર નકવી અને સાક્ષી માસ્ટરમાઈન્ડ મુકેશ મેંદપરાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી પોલીસે ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ મુદ્દે DCP વિજયસિંહ ગુર્જરે મીડિયાને જણાવ્યું હતું કે, વૃદ્ધ પારસીની ભેંસાણ ગામની ૪૦ વિઘા જમીન છે. તેમણે સબ રજિસ્ટ્રાર કચેરીમાં જમીનના દસ્તાવેજ અંગે વાંધાઅરજી કરી હતી. તેમણે અરજીમાં જણાવ્યું હતું કે, કોઈ મારી જમીન અંગે દસ્તાવેજ કરવા માટે આવે તો મને મોબાઈલ પર જાણ કરો. તેમની જમીન પર દસ્તાવેજ કરવા માટે જ્યારે આ ભૂમાફિયાઓ આવ્યા ત્યારે તેમને જાણ કરવામાં આવી હતી. દસ્તાવેજ કરવા માટે આવેલા લોકોમાં થી મુળ માલિક તરીકે આવેલો ઝાકીર નકવી મુળ વેરાવળનો વતની છે તેની તથા અન્ય જમીનદલાલ મુકેશની પણ ધરપકડ કરવામાં આવી છે. ત્યાં હાજર પીયૂષ શાહ અને અકબર નામની વ્યક્તિ પોલીસ પહોંચે એ પહેલાં ફરાર થઈ ગયાં હતાં.

DCP વિજયસિંહ ગુર્જરે વધુમાં જણાવ્યું હતું કે, ધરપકડ કરવામાં આવેલા લોકોએ જણાવ્યું હતું કે, માર્ચ-એપ્રિલથી જ પારસી વૃદ્ધની આ જમીન પર નજર રાખી હતી. તેમણે પહેલા એક આવી વ્યક્તિની શોધ કરી છે, જે જમીનના મૂળ માલિક જેવા દેખાતો હોય, આ ષડયંત્રમાં અકબર નામની વ્યક્તિએ મદદ કરી અને મૂળ વેરાવળના એક શખસને લઈ આવ્યો હતો. જે મૂળ માલિક જેવો દેખાતો હતો. જે-તે વ્યક્તિના નામ પરથી બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું.

## વિધર્મી યુવતી સાથે લગ્ન કરવા મામલે હિન્દુ યુવકની હત્યા

**। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૫ ।**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકના સેઢાખાઈ ગામે હિન્દુ યુવકની હત્યાની ઘટના સામે આવી હતી. ભાણવડ તાલુકાનું શેઢાખાઈ ગામમાં રહેતા ૨૪ વર્ષીય યાજ્ઞિક લક્ષ્મીદાસ દુધરેજીયા નામના યુવકે આજથી દોઢેક વર્ષ પહેલા શેઢાખાઈ ગામના જ ઈશા અબુ દેથાની પુત્રી રઝમા નામની મુસ્લિમ યુવતી સાથે પ્રેમ થતાં બન્નેએ ઘરેથી ભાગી પ્રેમ લગ્ન કરી ગામથી અન્ય જગ્યાએ રહેવા ચાલ્યા ગયા હતા. પરંતુ લગ્ન બાદ પણ બંને પ્રેમી પંખીડાની કોમ અલગ અલગ હોય યુવતીના પરિવારજનો આ લગ્નથી વિરોધ હતા. હાલ દોઢ વર્ષ જેટલો સમય વીત્યા બાદ યાજ્ઞિક અને રમઝા ઘરે દોઢ મહિના પહેલા એક પુત્રીનો જન્મ થતાં બંને યુવક યુવતી પોતાના ગામ પોતાના ઘરે શેઢાખાઈ મુકામે પરત આવ્યા હતા. ત્યારે હાલ યુવતીના ભાઈ નામે ૧. સાજીદ ઈશા દેથા તથા ૨. સલીમ દેથા, ૩. જૂમા દેથા, ૪. આદમ મુસા, ૫. ઓસમાન મુસા, ૬. હોથી દેથા દ્વારા યાજ્ઞિક દુધરેજીયા જ્યારે સેઢાખાઈ ગામમાં બહાર નીકળ્યો અને એકલો હોય તેવો સમય પસંદ કરી ૬ જેટલા યુવતીના પરિવારજનોના ૨૪ વર્ષીય યુવક યાજ્ઞિક દુધરેજીયા પર જીવલેણ હુમલો કરી ધોકા, કુહાડી, લોખંડના પાઈપ તેમજ છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે યુવકને માર મારતા યુવકનું મોત નીપજ્યું હતું.

## નવસારી-વલસાડમાં ધોધમાર વરસાદથી ઘોડાપુર જેવી સ્થિતિ

**। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।**

હવામાન વિભાગ દ્વારા આગામી છ દિવસ માટે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે અંબિકા અને કાવેરી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં નદીઓનાં પાણી ઘૂસી જતાં અનેક લોકોનું સ્થાળાંતર કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ખેરગામમાં સવા ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. તેમજ ધરમપુરમાં સાત ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવસારી અને વલસાડ જિલ્લામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. જેમાં નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં નવ ઈંચ જ્યારે વલસાડ જિલ્લાના ધરમપુર અને વલસાડ તાલુકામાં સાત ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે ડાંગ,આહવા, કપરાડા તાલુકા અને નવસારી જિલ્લાના ચિખલી અને વાંસદા મળીને કુલ ચાર તાલુકામાં છ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૭ ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે, કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૮૬ ટકાથી વધુ, દક્ષિણ ગુજરાતમાં ૮૧ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨